શ્રી રાજ–સોભાગ સત્સંગ મંડળ

# આરાધના શિબિર ૮-૯

[તા. ૨૭–૪–૯૧ થી ૩–૫–૯૧ (૮)
તથા તા. ૨૭–૧૨–૯૧ થી ૨–૧–૯૨ (૯)]

સંચાલન

બ્ર૦ નિ૦ શ્રી [redacted]ભાઈ કોઠારી
બ્ર૦ નિ૦ શ્રી રસિકભાઈ શાહ

શ્રી રાજ–સોભાગ સત્સંગ મંડળ
નેશનલ હાઈવે ૮–એ ઉપર
સાયલા-૩૬૩૪૩૦ ફોન નં. ૮૫
જિ. સુરેન્દ્રનગર

## શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ

# આરાધના શિબિર ૮-૯

[તા. ૨૭-૪-૯૧ થી ૩-૫-૯૧ (૮)
તથા તા. ૨૭-૧૨-૯૧ થી ૨-૧-૯૨ (૯)]

સંચાલન

બ્ર૦ નિ૦ શ્રી નલિનભાઈ કોઠારી
બ્ર૦ નિ૦ શ્રી રસિકભાઈ શાહ

શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ
નેશનલ હાઇવે ૮-એ ઉપર
સાયલા-૩૬૩૪૩૦ ફોન નં. ૮૫
જિ.-સુરેન્દ્રનગર

પ્રકાશક :

શ્રી પ્રકાશન સમિતિ

શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ

સાયલા-૩૬૩૪૩૦

પ્રત ૨૦૦ (ઈ. સ. ૧૯૯૧-૯૨)

(સંસ્થાના સભ્યો પૂરતી મર્યાદિત)

મુદ્રક :

ઉમિયા પ્રિન્ટરી

મ્યુ. સ્કૂલ સામે નારણપુરા ગામ

અમદાવાદ-૩૮૦૦૧૩

# મનુષ્ય જન્મનું કર્તવ્ય

તમારું સૌથી પ્રથમ કર્તવ્ય એ છે કે આત્મ સાક્ષાત્કાર કરી લેવો. એ કર્તવ્ય પૂરું કરી લીધું તો બાકીના બધા કર્તવ્યો પૂરાં થઈ જશે. એ કર્તવ્ય પૂરું ન કરતાં બીજા કર્તવ્યો પૂરાં કરવા જશો તો જીવન ખોવાઈ જશે, સમય વીતી જશે પણ એ કર્તવ્યો પૂરાં નહિ થાય.

જીવને ફરી ફરીને ચાર વસ્તુ મળવી અતિ અતિ દુર્લભ કહી છે. મનુષત્વ, સત્‌શ્રુતનું શ્રવણ, સત્‌શ્રદ્ધા અને સંયમ (આત્મરમણતા રૂપ ચારિત્ર) માટે આ અવસર ચૂકયા વગર આત્મ સાક્ષાત્કાર કરી લેવો.

□

"ૐ"

॥ સહજાત્મ સ્વરૂપાય નમઃ ॥

# આરાધના શિબિર નં. ૯

## : કાર્યક્રમ :

| | | | | |
|---|---|---|---|---|
| સવારે | ૫-૦૦ | થી | ૬-૦૦ | ધ્યાન |
| ,, | ૬-૦૦ | થી | ૭-૧૫ | આજ્ઞાભક્તિ |
| ,, | ૯-૩૦ | થી | ૧૦-૩૦ | ધ્યાન |
| ,, | ૧૦-૪૫ | થી | ૧૧-૩૦ | પ. પૂ. ગુરુદેવના આશિર્વચન તથાપ્રશિક્ષણ |
| બપોરે | ૩-૦૦ | થી | ૪-૦૦ | ધ્યાન |
| ,, | ૪-૧૫ | થી | ૫-૧૫ | પ્રશિક્ષણ |
| સાંજે | ૬-૪૫ | થી | ૭-૦૫ | આરતિ દેવવંદન |
| | ૭-૧૫ | થી | ૮-૦૦ | આત્મસિદ્ધિ |
| | ૮-૧૫ | થી | ૯-૧૫ | ધ્યાન |

શિબિરમાં પાળવાનાં નિયમો :

(૧) શિબિર દરમિયાન મૌન પાળવાનું રહેશે.

(૨) બ્રહ્મચર્યનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) રાત્રી ભોજનનો ત્યાગ કરવાનો રહેશે.

(૪) યુક્તાહાર–મિતાહાર કરવો. રૂમમાં નાસ્તો કરવો નહીં.

(૫) રાત્રે ૧૦ વાગે સૂઈ જવાનું રહેશે.

(૬) સાધના દરમ્યામ આત્મ વિચારણામાં વધારે સમય કાઢી શકાય તે માટે રૂમમાં પણ પુરુષાર્થ કરવો અને આત્મ અનુસંધાન રહે તેમ વર્તવું.

(૭) શિબિરનું સંચાલન કરનાર તરફથી જે કાંઈ સૂચના કરવામાં આવે તેનું પાલન કરવાનું રહેશે.

(૮) પ. પૂ. ગુરુદેવના રૂમમાં પણ અનિવાર્ય કારણો વગર મળવા આવવું નહીં અથવા બેસવું નહીં જેઓની જરૂર હશે તેઓને બોલાવવામાં આવશે.

(૯) સાધના અંગે કોઈપણ માર્ગદર્શન વ્યક્તિગત જરૂરી જણાય તો સંચાલક અથવા પૂ. ગુરુદેવને મળી મેળવી શકાશે.

(૧૦) શિસ્ત માટેના નિયમોનું પાલન નહીં કરનાર પોતાના આત્માનું તો અહિત કરે જ છે, તેની સાથે આજુબાજુના સાધકોને પણ વિક્ષેપનું કારણ બને છે, આ વાતનો ખ્યાલ રાખી શિસ્ત સ્વયં પામવી જરૂરી બને છે. શિસ્ત નહીં પાળનારની નોંધ લેવામાં આવશે·

□

આરાધના શિબિર-૮

# વૈરાગ્ય પ્રકરણ :—યોગવાશિષ્ઠ

સત્, ચિત્ અને આનંદરૂપ આત્મા છે. આત્મા જ્ઞાતા, દ્રષ્ટા, જ્ઞાન, દર્શનવાળો અને કર્તા છે. કારણ અને ક્રિયા જેના વડે કરી સિદ્ધ થાય છે, એવો જે જ્ઞાનરૂપ આત્મા છે તેને હું નમસ્કાર કરું છું. મોક્ષના કારણ રૂપ ક્રિયા છે? અથવા જ્ઞાન છે? અથવા તે બન્ને ક્રિયા અને જ્ઞાન છે?

મોક્ષનું કારણ કેવળ ક્રિયા નથી, તેમ એકલા જ્ઞાનથી પણ મોક્ષ પ્રાપ્ત થતો નથી, પરંતુ એ બન્નેના યથા યોગ્ય સંયોગથી અર્થાત્ જ્ઞાન સહિત ક્રિયા કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. ક્રિયા કરવાથી મન શુદ્ધ થાય છે, પણ મોક્ષ પ્રાપ્ત થતો નથી. તેમ જ મન શુદ્ધિ વિના એકલા જ્ઞાનથી પણ મુક્તિ થતી નથી, કારણ કે અંતઃકરણ શુદ્ધ થયા વિના શાસ્ત્રોનો હેતુ-સારાંશ અને જ્ઞાનનું નિશ્ચયપણું સ્થિર થતું જ નથી, તેથી ક્રિયા વડે મન શુદ્ધ કરી જ્ઞાન વડે સિદ્ધિ પ્રાપ્ત થાય છે એટલે કે બન્નેના સંયોગથી જ મોક્ષ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. અર્થાત્ પ્રથમ ક્રિયા વડે મન શુદ્ધ થાય છે, ત્યાર પછી જ્ઞાન ઉત્પન્ન થાય છે, ત્યાર પછી મોક્ષ સિદ્ધિ થાય છે.

આ જે જગત ભાસે છે તે રીતે તો ભ્રમ માત્ર છે. માત્ર અવિચારનાં પ્રબળપણાથી ભાસે છે અને વિચારનાં પ્રબળ પણાથી અદૃશ્ય થઈ જાય છે.

જ્યાં સુધી સૃષ્ટિ ઉપર અત્યંત અભાવ ઉત્પન્ન થયો નથી ત્યાં સુધી પરમ પદની પ્રાપ્તિ થતી નથી. જ્યારે દૃશ્યનો અભાવ થઈ જશે ત્યારે શુદ્ધ આત્મસત્તા ભાસશે. આ સંસાર છે તે માત્ર ભ્રમણારૂપ જ સિદ્ધ છે. ભ્રમને વિસારી દેવો તે જ મુક્તિ છે. તથા એની વાસના એ જ બંધનનું કારણ છે. વાસના વડે ચૌર્યાસીનાં ફેરામાં ભટકતો ફરે છે. જ્યારે તે વાસના ક્ષય થઈ જાય છે ત્યારે પરમપદ મોક્ષની પ્રાપ્તિ થાય છે. જે વાસનાનું પૂતળુ છે તેનું જ નામ મન (અંતઃકરણ-દીલ) છે.

આત્મારૂપી પ્રાણી છે તેમાં સંસારની સત્યરૂપી જડતા તથા શીતળતા છે તેથી કરીને મનરૂપી બરફનું પૂતળુ બન્યું છે, જ્યારે જ્ઞાનરૂપી સૂર્ય ઉદય થશે ત્યારે સંસારની સત્યતારૂપી જડતા અને શીતળતા દૂર થઈ જશે.

જ્યારે સંસારની સત્યતા અને વાસના નિવૃત્ત થશે ત્યારે મન નષ્ટ થઈ જશે. જ્યારે મન નષ્ટ થાય ત્યારે પરમ કલ્યાણ થાય. તેથી જીવ માત્રને બંધનું મુખ્ય કારણ વાસના જ છે અને વાસના નાશ થવાથી મુક્તિ પ્રાપ્ત થઈ જાણવી. પોતાનાં વાસ્તવિક સ્વરૂપનાં અજ્ઞાનથી અનાત્મા, જે દેહાદિક તેમાં આત્માનો

અહંકાર થાય છે ત્યારે અનેક પ્રકારની વાસનાઓ ઉત્પન્ન થાય છે.

આ જે પંચભૂતનું શરીર દેખાય છે તે સમસ્ત વાસનારૂપ જ છે અર્થાત્ વાસના વડે જ પ્રાપ્ત થયેલ છે.

(કર્મ) વાસનાનો ક્ષય થવાથી પંચભૂત વડે બંધાયેલું શરીર નાશ પામે છે તેથી સર્વ અનર્થનું કારણ કર્મ (વાસના) જ છે.

અજ્ઞાની વાસના સહિત છે તેથી તે જન્મનાં કારણરૂપ છે અને જ્ઞાની વાસના રહિત છે તેથી તે જન્મનાં કારણરૂપ નથી. જ્ઞાની પુરુષોની ચેષ્ટા સ્વાભાવિક ગુણોએ કરીને ઉત્પન્ન થાય છે પરંતુ તે કોઈ અન્ય ગુણની સાથે મળીને પોતાનામાં ચેષ્ટા જોતા નથી, ખાય છે, પીએ છે, લે છે, દે છે, ચાલે છે અને વ્યવહારનાં કૃત્યો કરે છે, છતાં તેમનું અંતઃકરણ અદ્વૈત નિશ્ચયને ધારણ કરે છે. જ્ઞાની પોતાનાં સ્વભાવમાં જ સ્થિત રહે છે, તેથી તેમની ચેષ્ટા જન્મનાં કારણરૂપ થતી નથી.

જે અજ્ઞાનરૂપી વાસના છે તેને નાશ કરવાનો સર્વોત્તમ ઉપાય એક (આત્મજ્ઞાન) બ્રહ્મવિદ્યા છે, તે બ્રહ્મવિદ્યા (આત્મજ્ઞાન) મોક્ષનાં ઉપાયનું શાસ્ત્ર છે.

જેને તમે સંપદા માનો છો તે જ આપદા છે, પણ જેને આપદા માનો છો તે આપદા નથી! વિવિધ પ્રકારનાં જે સંસારનાં સુખો-પદાર્થો જે રમણિય જાણો

છો તે સર્વ જૂઠાં છે અને એમાં જ સર્વ ડુબી ગયા છે. આ સર્વ મૃગતૃષ્ણાનાં જળવત્ છે તેને સત્ય સમજીને મૂર્ખ હરણની માફક દોડાદોડ કરે છે અને દુઃખ પામે છે.

સર્વ અસત્ય છે ! છતાં મૂર્ખાઓ મિથ્યા (જૂઠા) પદાર્થોને માટે અનેક યત્ન કરે છે. જેઓને તે સત્ય અને સુખદાયક જાણે છે તેઓ તે બંધનનાં કારણ છે.

અરે મૂર્ખ ! તમે સંસાર સમૂહમાં શા માટે ડુબો છો ? આ સંસાર તો મહાન અનર્થનું કારણ છે. એમાં સુખ તો કોઈ વખતે પણ છે જ નહિ ! માટે એ સંસારથી મુક્ત થવાનાં ઉપાય આદરો ! !

ધન્યવાદ છે કે જેનો આત્મા વિવેક અને વૈરાગ્યને પ્રાપ્ત થયો. આત્મપદની પ્રાપ્તિ થશે ત્યારે લોખંડ તથા પથ્થર અને સુવર્ણને સમાન જ ગણશે.

એકલી વિરક્તતાએ કરીને પરમપદની પ્રાપ્તિ થતી નથી પણ ઉપદેશની યુક્તિ વડે પરમપદની પ્રાપ્તિ થાય છે.

ભોગથી પણ શું છે ? અને જગતથી પણ શું છે ? અર્થાત્ એ સર્વ ભ્રમણા માત્ર છે અને એની વાસના મૂર્ખ પ્રાણીઓ હોય તે જ રાખે છે, આ સ્થાવર તથા જંગમ જે જગતનાં પદાર્થો છે તે સઘળાં મિથ્યા (જૂઠાં) છે.

મન પણ ભ્રમણા માત્ર જ છે. છતાં પણ વિના કારણે મન દુઃખદાઈ થયું છે. તથા જે પદાર્થને મન સત્ય સમજી હાથ કરવા દોડે છે અને તેને સુખદાયક

જાણે છે, પણ તે સર્વ મૃગતૃષ્ણાનાં જળ સમાન છે. જેમ મૃગ ખારા રણમાં ઝાંઝવાનાં પાણી જોઈને જળનો ભ્રમ થવાથી આશાએ ને આશાએ દોડાદોડ કરે છે પણ જળ છે જ નહિ તેથી દોડતા દોડતા થાકી જઈને અંતે બેભાન થઈ પડે છે તોપણ જળ પ્રાપ્ત થતુ નથી તેમ મૂર્ખ જીવ જગતનાં અનિત્ય પદાર્થોને સુખદાઈ સમજી ભોગવવા યત્ન આદરે છે પરંતુ જરા પણ શાંતિને પ્રાપ્ત થતા નથી.

ઈન્દ્રિયોનાં ભોગ ભુજંગ (સાપ) સમાન છે. કેમકે તેના સંજોગથી જીવ મરણને શરણ ધાય છે અર્થાત્ જન્મ-મરણ પામે છે. ભોગ અને જગત કેવળ ભ્રમ માત્ર છે. તેના વિશે જે આસ્થા રાખે છે તે મૂર્ખ છે. તે સર્વ અનિત્ય છે, તેથી પ્રાપ્ત પણ થાય છે અને નાશ પણ થઈ જાય છે, તેથી જ જે પદાર્થનો નાશ ન થાય તે પદાર્થ પામવા યોગ્ય છે.

જે કાંઈ સંપદારૂપ પદાર્થો ભાસે છે તે સર્વ આપદારૂપ છે અને તેમાં જરાપણ સુખ નથી. જ્યારે તેઓનો વિયોગ થાય છે ત્યારે કાંટાની માફક મનમાં ખુંચ્યા કરે છે. જ્યારે ઈન્દ્રિઓને મન માનતા ભોગ પ્રાપ્ત થાય છે ત્યારે રાગથી બળે છે અને જ્યારે પ્રાપ્ત થતા નથી ત્યારે તૃષ્ણાએ કરી બળી મરે છે, તેથી ભોગ માત્ર દુઃખરૂપ જ છે.

ભોગરૂપી અગ્નિનાં સંયોગથી મન થોડું થોડું નિરંતર બળ્યા કરે છે, પરંતુ તે વિષયસુખમાં સુખ કિંચિત માત્ર પણ નથી, અપાર દુઃખ જ છે. તેથી એ વિષય સુખની ઈચ્છા કરવી એ જ મૂર્ખતા છે.

ભોગરૂપી ચોર છે તેનું જોર અજ્ઞાનરૂપી અંધારી રાત્રિને વિશે ફાવે છે અને તે ચોર આત્મારૂપી ધનને લુંટી જાય છે.

અત્યંત ખેદની વાર્તા તો એ છે કે જે ભોગનાં સંયોગ માટે અનેક ઉપાયો કરે છે તે તો મહા દુઃખરૂપ જ છે, પરંતુ શાંતિ તો તે કાર્યમાં પ્રાપ્ત થતી જ નથી. તેમ જ તે શરીરનું અભિમાન રાખી અનેક પ્રાપંચિક માયાને પોષવા યત્ન યોજે છે તે શરીર તો ક્ષણભંગુર છે.

લક્ષ્મી છે તે મહા અનર્થ અને ખોટા કામ કરાવનારી છે. કેમ કે હળાહળ વિષ છે તે વિષ નથી પણ લક્ષ્મી છે તે જ હળાહળ વિષ છે. વિષ ખાવા-પીવામાં આવે તો નિંદ્રા, તદ્રા, પ્રલાપ, ઉન્માદ અને મૃત્યુની મુલાકાત કરાવે છે પણ લક્ષ્મીરૂપી હળાહળ વિષ તો માત્ર નજરે નિહાળવાથી કે સ્પર્શ કરવાથી જ આંખ ખુલ્લી છતાં ઉંઘ, ઉન્માદ, તંદ્રા, પ્રલાપ (બકવાટ) અને મૃત્યુની મુલાકાત કરાવે છે. લક્ષ્મી અનેક અનર્થ કરાવી રીબાવી, રઝળાવી પ્રાણ લઈ રૌરવ નરકનાં દુઃખો આપે છે, છતાં પણ એ અનર્થકારિણિ લક્ષ્મી પ્રાપ્ત થઈ નથી ત્યાં સુધી તેને પેદા કરવાનાં યત્નો કરે છે.

અનર્થ કર્યા વિના લક્ષ્મી પ્રાપ્ત થતી જ નથી અને જ્યારે પ્રાપ્ત થાય ત્યારે પણ અનર્થ કરાવે છે એટલે આત્મામાં રહેલ શીતળતા, સંતોષ, ધર્મ, ઉદારતા નમ્રતા, વૈરાગ્ય, વિચાર-વિવેક અને દયા આદિ સર્વ સદ્‌ગુણોનો નાશ કરે છે. અને એ સર્વ સદ્‌ગુણોનો નાશ થયો તો પછી તેમાં સુખ ક્યાંથી હોય ?

આ શરીરમાં ગુણ ક્યાં સુધી વાસ કરે છે? કે જ્યાં સુધી લક્ષ્મી પ્રાપ્ત થઈ નથી ત્યાં સુધી અને જ્યારે લક્ષ્મી પ્રાપ્ત થઈ ત્યારે તો સર્વ ગુણો નાશ પામે છે. જેમ વસંતઋતુની વનસ્પતિ અને નવપલ્લવની કોમળતા-સુંદરતા ક્યાં સુધી ટકવા પામે છે? કે જ્યાં *સુધી ગ્રીષ્મઋતુ નથી જોઈ ત્યાં સુધી જ્યારે જેઠ માસ* આવ્યો ત્યારે વનસ્પતિ નાશ પામે છે તેમજ જ્યારે લક્ષ્મી પ્રાપ્ત થઈ ત્યારે ઉત્તમ ગુણોનો નાશ થાય છે. અને મધુર વચનો ક્યાં સુધી બોલાય છે? કે જ્યાં સુધી લક્ષ્મી પ્રાપ્ત થઈ નથી ત્યાં સુધી ! તેમ જ નમ્રતા -કોમળતા ક્યાં સુધી રહે છે? કે જ્યાં સુધી લક્ષ્મીનો અભાવ હોય ત્યાં સુધી ! પરંતુ લક્ષ્મીની છત થઈ કે કોમળતાનો અભાવ થઈ કઠોરતાનો વાસ થાય છે. જેમ પાણી પાતળું–પ્રવાહીરૂપે ક્યાં સુધી રહે છે? કે જ્યાં સુધી શિયાળાનો સંયોગ નથી ત્યાં સુધી જ. પરંતુ શીતકાળનો સંયોગ થયો કે પાણી બરફ થઈ કઠોર દુઃખ દેનાર થઈ જાય છે તેમ જ આ જીવ પણ લક્ષ્મીની પ્રાપ્તિ વડે જડ (કઠોર) થઈ જાય છે.

આ જગતની અંદર ત્રણ વસ્તુઓ અતિ દુર્લભ છે તે (૧) શૂરવીરતા–વિજયી થયા છતાં પણ પોતાનાં મુખથી પોતાની મોટાઈ ન કહેતા લઘુતા બતાવવી તથા સર્વ વાતે સમર્થ થયા છતાં કોઈપણ મનુષ્યનું અપમાન ન કરવું અને સર્વ પ્રત્યે સરખી બુદ્ધિ રાખી પ્રેમભાવે (૨) મિલનસાર સ્વભાવથી વર્તવુ, તેમ જ (૩) લક્ષ્મીવંત થયા છતાં પણ નમ્રતા, દયા, પરોપકાર બુદ્ધિ, દેવરૂપ બ્રાહ્મણ ધર્મ પ્રત્યે રુચિવંત, સહનશીલતા અને દાતવ્ય બુદ્ધિ આદિ ઉત્તમ ગુણો સહિત રહેવું એ ત્રણ વસ્તુઓ અતિદુર્લભ છે.

જેમ વડનાં પત્ર ઉપર વરસાદનું બિંદુ રહી શકતું નથી પણ જલદી સરી પડે છે તેમ જ જીવન પણ ક્ષણભંગુર છે. જેમ પાણીનાં તરંગો ઉત્પન્ન થઈ તુરત જ જોત જોતામાં નાશ પામે છે તેમ જીવ માત્ર પણ જોત જોતામાં નાશ પામે છે.

આયુષ્યને કોઈપણ સ્થિર રાખી શકતુ નથી કેમકે તે ચંચળ અને અનિત્ય છે. વીજળીનાં ચમકારાની માફક દેખાય અને લય થઈ જાય છે છતાં તેવા ક્ષણભંગુર આયુષ્ય પામીને અમર થવા ઇચ્છે છે તેને મહા મૂર્ખ જાણવો. તેમ જ ક્ષણભંગુર દેહને પામી જે ભોગની વાંચ્છા કરે તે મહા આપદાનું પાત્ર જ છે. તેવા ભોગેચ્છુ-જનોને તો જીવવા કરતાં મરવું જ સારું છે કેમકે જે

મુર્ખાઓ જીવવાની આશા કરે છે તે ખાસ તેમનો નાશ થવા માટે જ કરે છે.

જેઓ જ્ઞાનવાન પુરુષો છે અને જેમની પરમપદને વિશે સ્થિતિ છે તથા જેનાં વડે તૃપ્તિ પામેલા છે તેમનું જીવવું સ્તુતિપાત્ર અને સુખને નિમિત્તો છે. તેમ જ તેમનાં જીવવાથી બીજા અનેક પામર પ્રાણીઓનાં પણ કાર્ય સિદ્ધ થાય છે. તેવાઓનું જીવવું ચિંતામણી રત્ન સમાન છે પરંતુ જેઓને સદા ભોગની ઈચ્છા રહે છે, વળી આત્મપદથી વિમુખ છે તેઓનું જીવવુ કોઈ સુખના નિમિત્તો નથી. અરે! તેવા મનુષ્યોનું જીવવું તો ઝાડ, પંખી કે પશુનાં સરખુ જ છે.

જે પુરુષે ઘણાં શાસ્ત્રોનું અધ્યયન કર્યું છે પણ શાસ્ત્રનાં ગુઢ તત્ત્વને પામ્યો નથી અર્થાત જાણવા યોગ્ય અર્થને જાણ્યો નથી તો તે સર્વ શાસ્ત્રાધ્યયનનો તેને ભાર જ વહન કરવો પડ્યો છે કેમકે જેમ બીજો ભાર ઉપાડવાથી જેમ ભાર ગણાય છે તેમ તે શાસ્ત્રાધ્યયન પણ ભારરૂપ જ ગણાય. જેમ ગધેડા ઉપર બાવના ચંદનનાં ભારા લાદેલા છે પરંતુ તે ગધેડો જેમ ચંદનની સુવાસને નથી જાણતો પણ તેને ભારરૂપ જાણે છે તેમ જ જેણે ભણીને સત્યાસત્ય, કૃત્યાકૃત્ય, તત્ત્વાત્વ સારાસાર વિગેરેનાં ભેદ જાણ્યા નથી કિંવા ભણીને તત્ત્વ ગ્રૂહણ કર્યું નથી તો તે સઘળુ ભણ્યું ભારરૂપ જ છે.

મનમાં જો શાંતિ ઉત્પન્ન ન થઈ તો તે મન પણ કેવળ ભારરૂપ છે. તેમ જ જેણે મનુષ્ય શરીર પામી અભિમાનનો ત્યાગ કર્યો નથી તો તે મનુષ્ય દેહ પણ ભાર રૂપ છે. આ શરીરનું જીવન ક્યારે શ્રેષ્ઠ છે? કે જ્યારે આત્મપદને પામે ત્યારે જ, પરંતુ તે પ્રાપ્ત ન થાય તો શરીરનું જીવન કેવળ નકામુ જ છે. તે આત્મ-પદની પ્રાપ્તિ અન્ય ઉપાયથી થતી નથી પણ અભ્યાસ અને વૈરાગ્ય વડે જ થાય છે. પરંતુ જો આત્મપદથી વિમુખ રહી આશાની ફાંસીમાં ફસાય છે તો તે સંસારમાં ભટકતો રહે છે.

જેમ અંજલીમાં પાણી રહી શકતું નથી, પણ વહી જાય છે તેમ આયુષ્ય પણ ચંચળ છે માટે એક સ્થળે સ્થિર ન રહેતા ચાલી જાય છે. તેવા ક્ષણભંગુર આયુષ્યને અને શરીરને પામી જે ભોગની વાંછના કરે છે તે મૂર્ખાધિરાજ છે કેમકે મૃત્યુનાં મુખમાં ફસાયા છતાં પણ જીવવાની આશા કરે છે.

યુવાવસ્થા તો નદીનાં પુરની માફક ચાલી જાય છે માટે જ ડાહ્યા પુરુષોએ તેનું ગુણ પ્રમાણે 'જવાની' નામ પાડેલ છે. અર્થાત જવાની તે તો જવાની જ પણ રહેવાની છે જ નહિ.

જેમ વૃદ્ધ મનુષ્યનું જીવતર કેવળ દુઃખનાં હેતુ માટે છે તેમ જ અજ્ઞાની મૂર્ખનું જીવતર પણ ફક્ત દુઃખનું જ કારણ છે. એણે તો ઘણું જીવવા કરતા મરવું

સારુ છે કેમ કે જે મનુષ્ય દેહ પામી આત્મપદ પ્રાપ્ત કરવાની આંકાંક્ષા કિંવા યત્ન નથી કરતો તો તેણે પોતે જ પોતાનો નાશ કરેલો છે અર્થાત જે મનુષ્ય દેહ પામી આત્મસાધના માટે ઉપાય નથી આદરતો તે આત્મહત્યારો છે.

મનુષ્યો ઉપરથી ઘણા સારા શોભીતાં નજરે પડે છે પરંતુ એમના શરીરની અંદરની બાજુએથી તૃષ્ણા-રૂપી ઉધઈએ કાળજુ કોરી ખાધેલ છે તેવા શરીરને જે સત્ય-સુખરૂપ જાણી તેના સુખનાં માટે આશ્રય લે છે તે કોઈ કાળે સુખી થતો જ નથી.

આ સંસાર ઈન્દ્રધનુષનાં સમાન છે. જેમ ઈન્દ્રધનુષ વિવિધ રંગ વાળુ નજરે પડે છે પરંતુ તે રંગથી કિંવા તે ઈન્દ્ર ધનુષથી કશું પણ કાર્ય સિદ્ધ થતું નથી તેમ જ આ સંસાર પણ તે ઈન્દ્રધનુષ પ્રમાણે ભ્રમ માત્ર છે માટે તેમાં સુખની ઈચ્છા રાખવી ફોગટ છે. એટલા માટે આ જગતને અસતરૂપ જાણી વાસના રહિત થવાની જ ઈચ્છા કરવી યોગ્ય છે.

અહંકાર છે તે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ છે છતાં તે અજ્ઞાનથી પણ મહા દુષ્ટ છે અને એ જ આ જીવનો મોટામાં મોટો શત્રુ છે. જે જે દુઃખો છે તે તે સર્વ દુઃખોની ખાણ અહંકાર જ છે. જ્યાં સુધી જીવને અહંકાર વળગેલો છે ત્યાં સુધી દુઃખ વેદનાની ઉત્પત્તિની અછત ક્દાપિ કાળે પણ થતી જ નથી.

શાંતિ રૂપી જે ચંદ્રમા છે તેને ઢાંકી દેવા અહંકાર રાહુ સમાન છે. અહંકાર પેદા થાય છે ત્યારે સમતા ઢંકાઈ જાય છે. અહંકાર રૂપી મેઘ ગર્જના કરી વરસે છે ત્યારે તૃષ્ણારૂપી કંટક મંજરી વધી જાય છે. જ્યારે અહંકારનો નાશ થાય ત્યારે જ તૃષ્ણાનો અભાવ થાય છે.

જ્યારે વિવેકરૂપી પવનનો ઝપાટો ચાલે ત્યારે અહંકારરૂપી મેઘઘટાનો નાશ થાય છે. જેમ હીમ કમળનો નાશ કરી નાખે છે તેમ અહંકાર જ્ઞાનનો નાશ કરે છે. અહંકાર રૂપી પારધી તૃષ્ણા રૂપી જાળ નાંખી જગતનાં મનુષ્યોને બંધનમાં નાખી દે છે. વૈરાગ્યનો નાશ કરનાર અહંકાર છે. મોહાદિ વિકારરૂપી જે ભયંકર સાપ છે તેને રહેવા માટે અહંકારરૂપી દર છે. આત્મા-રૂપી સૂર્ય છે તેને ઢાંકી દેવા અહંકાર મેઘ ઘટા રૂપ છે. અહંકારમાં સર્વ આપદાઓ આવી મળે છે.

ચિત્ત છે તે કામ, ક્રોધ, લોભ, મોહ અને તૃષ્ણાદિક દુ:ખોએ કરીને જર્જરીભૂત (ખોખરૂ) થઈ ગયું છે પરંતુ મહાન પુરુષોનાં જે મહાન ગુણો વૈરાગ્ય, વિચાર, ધૈર્ય અને સંતોષાદિ છે તેમની તરફ તો બિલકુલ જતું જ નથી. પણ નિરંતર વિષયરૂપી ધૂળમાં લપટાઈ ઉડ્યા કરે છે. મન સ્થિર રહી શકતું જ નથી, જો કે તેમ ભટક-તેને કશો લાભ મળતો નથી તો પણ ભટક્યા જ કરે છે. વાથી આ ચિત્ત અમુક પદાર્થ મેળવવાની આશાએ

ભટકયાં જ કરે છે. એમ કરતાં કદાચિત કોઈ વસ્તુ પ્રાપ્ત થઈ તો તેથી તૃપ્ત થતું નથી પણ અંતરમાં અધિક તૃષ્ણા-વાસના વધતી જ જાય છે.

આ ચિત્તરૂપી મહા મોહનો સમુદ્ર છે તેમાં તૃષ્ણારૂપી તરંગો ઉઠયા જ કરે છે તે કદાપિ કાળે સ્થિર થતાં જ નથી. મનરૂપી સમુદ્રમાં વાસનારૂપી તીક્ષ્ણ તરંગોનાં ઝપાટાઓ વિષયને ઘસડી ચિત્ત સમુદ્રમાં દાખલ કરી દે છે. આ ચિત્ત નિરંતર ક્ષોભવંત જ રહે છે, પરંતુ કોઈ વખતે સ્થિર થતું જ નથી. જેમ સુકાયેલા ઘાસને અગ્નિ બાળીને ભસ્મ કરે છે તેમ મનુષ્યને મન બાળીને ભસ્મ કરે છે.

ચિત્તરૂપી અગ્નિમાંથી તૃષ્ણારૂપી ધૂમાડો નીકળ્યા જ કરે છે તેનાથી કરીને મનુષ્ય મહા દુઃખ પામે છે.

આત્મજ્ઞાન વિના મનુષ્ય મડદા સમાન છે. તેનું તૃષ્ણારૂપી કુતરી ભક્ષણ કર્યા જ કરે છે.

મન-ચિત્તને જીતવું મહા કઠિન છે કેમ કે તે ચંચળ વૃત્તિવાળું છે જેથી સ્થિર રહી શકતું જ નથી. અજ્ઞાન વડે કરીને મિથ્યા વાતો ચિત્તમાં મજબુત થઈને રહે છે.

આ ચિત્ત બાળ-સ્વભાવની માફક ચંચળ છે, સદા વિશેષ વાંચ્છનાની તરફ જ દોડે છે. કદાચિત પદાર્થની પ્રાપ્તિ થાય છે પરંતુ અંતર વૃત્તિથી નિરંતર સંચળ

રહે છે. જેમ સૂર્યનાં ઉદયથી દિવસ થાય છે અને અસ્ત થવાથી દિવસ નાશ થાય છે તેમ જ ચિત્તનાં ઉદયથી ત્રણે લોકની ઉત્પત્તિ થાય છે અને ચિત્તનાં વિલીન થવાથી તેનો નાશ થાય છે.

ચિત્તરૂપી સમુદ્ર છે તેમાં વાસનારૂપી પાણી છે. અને છળ-કપટ રૂપી ભયંકર સર્પ છે, જ્યારે જીવ તે સર્પની પાસે જાય છે ત્યારે ભોગરૂપી સાપ તે જીવને કરડે છે. તેથી તૃષ્ણારૂપી ઝેર વ્યાપે છે તે કારણે કરીને મરણ પામે છે.

ભોગને સુખરૂપ જાણતું આ ચિત્ત દોડ દોડ કરે છે તે ભોગ તો મહાદુઃખ રૂપ છે. ચિત્તરૂપી મૂર્ખ મૃગ ભોગમાં સુખ છે એમ સમજી ભોગ ભોગવવા જાય છે તેથી તૃષ્ણારૂપી ખાડામાં પડી આ જન્મ અને પરજન્મમાં પણ દુઃખ ભોગવે છે.

ચિત્ત ક્યારેક તો બહુ ગંભીર થઈ બેસે છે પણ જ્યારે ભોગને જુએ ત્યારે તો તે ભોગની તરફ સમડી ની માફક લપટી ઝડપ મારે છે, જેમ સમડી આકાશમાં ઉંચા પ્રદેશમાં ઉડ્યા કરે છે પરંતુ જો પૃથ્વી પર માંસ પડેલું જુએ તો એકદમ આકાશથી ઊતરી માંસને ગ્રહણ કરી લે છે તેવી જ રીતે આ ચિત્ત પણ ક્યાં સુધી ઉદાર અને ગંભીર છે? કે જ્યાં સુધી ભોગ પદાર્થોને ન જોયા ત્યાં સુધી પરંતુ વિષય સુખ જોવામાં આવ્યા કે તેમાં તલ્લીન બની ફસાઈ જાય છે તેથી વાસનારૂપી શય્યામાં

સૂઈ જ રહે છે અને આત્મપદની તરફ જાગીને બિલકુલ જોવા ઈચ્છતું જ નથી.

મહાન પુરુષો છે તે ચિત્તને જીતવાનાં યત્ન કરે છે અને જ્યારે ચિત્તને જીતી લે છે ત્યારે પરમપદ-મોક્ષને પામે છે. કારણ કે સર્વ દુ:ખો એ ચિત્તનાં આશ્રયથી જ રહે છે.

ચેતનરૂપી આકાશમાં જે તૃષ્ણારૂપી રાત્રિ પડેલી છે તેમાં કામ, ક્રોધ, લોભ અને મોહાદિ ઘુવડ વિહાર કરે છે. જ્યારે જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થાય છે ત્યારે તૃષ્ણારૂપી રાત્રિનો અભાવ થાય છે.

જેમ સૂર્યનો ઉદય થવાથી બરફ ગરમ થઈને ઓગળી જાય છે તેમ સંતોષરૂપી રસને તૃષ્ણારૂપી ગરમી સૂકાવી નાખે છે.

શૂન્ય વનમાં પિશાચિનિ પોતાના પરિવાર સહિત ફરતી પ્રસન્ન રહે છે. તે વન અને પિશાચિનિ કેવા છે? આત્મપદથી રહિત જે ચિત્ત છે તે ભયાનક વન છે તેમાં તૃષ્ણા પિશાચિનિ છે અને મોહાદિક તેનો પરિવાર છે તેને સંગાથે લઈને ફરે છે.

ચિત્તરૂપી પર્વત છે તેનાં આશ્રયથી તૃષ્ણારૂપી નદીનો પ્રવાહ ચાલે છે અને વિવિધ પ્રકારનાં સંકલ્પ-રૂપી તરંગોને પ્રસરાવે છે. જેમ મેઘઘટાને જોઈને મોર હર્ષવંત થાય છે તેમ તૃષ્ણારૂપી મોર ભોગરૂપી મેઘઘટાને જોઈ પ્રસન્ન થાય છે. માટે જ મહાદુ:ખનું મૂળ કારણ

તૃષ્ણા જ છે. જ્યારે કોઈ સંતોષાદિ ગુણોનો આશ્રય કરવામાં આવે છે ત્યારે તૃષ્ણા તેનો નાશ કરી દે છે. જેમ સુંદર સારંગીને ઉંદર કરડીને નાશ કરે છે તેમ સંતોષાદિ ગુણોનો તૃષ્ણા નાશ કરે છે.

સર્વથી ઉત્કૃષ્ટ પદમાં સ્થિત થવાનો યત્ન કરવામાં આવે છે ત્યારે તૃષ્ણા સ્થિત થવા દેતી નથી. જેમ જાળમાં ફસાયેલું પક્ષી આકાશ તરફ ઉડવા કરે છે પરંતુ ઉડી શકાતું નથી. તેમ મનુષ્ય સ્રી, પુત્ર અને કુટુંબ રૂપી જાળ પાથરી તેમાં ફસાયેલો છે તેથી અનાત્મપદમાંથી બહાર આવી આત્મપદને પ્રાપ્ત થઈ શકતો નથી.

તૃષ્ણારૂપી ડાકણ છે તે સંતોષાદિ પુત્રોને મારી નાખે છે, તૃષ્ણારૂપી ગહન ગીરિની ગુફા છે તેમાં મોહરૂપી મદમાં માતેલો ગાંડો હાથી ગર્જના કરે છે. તૃષ્ણારૂપી સમુદ્ર છે તેમાં આપદારૂપી નદી આવી પ્રવેશ કરે છે.

જેમ સૂકા તરણાને વંટોળીઓ ક્યાંય દૂર ફૂંકી દે છે તેમ તૃષ્ણારૂપી વંટોળીઓ મનુષ્યને ક્યાંય દૂર ફેંકી દે છે અર્થાત્ આત્મપદથી અલગ કરી નાખે છે.

જેમ ભમરો કમળનાં ફૂલ ઉપર કોક વખતે નીચે અને કોક વખતે ઉપર અથવા આસપાસ બેસે છે પરંતુ એક જ સ્થળે બેસી ફૂલનો રસ લેતો નથી તેમ જ તૃષ્ણારૂપી ભમરો સંસારરૂપી કમળપુષ્પનાં નીચે ઉપર આસપાસ ફર્યા કરે છે. પણ કોઈ વખતે સ્થિર થઈ જ્ઞાન રસ ગ્રહણ કરતો નથી.

તૃષ્ણારૂપી હળ છે તે ગુણરૂપી પૃથ્વીને ખોદી નાખે નાખે છે. તૃષ્ણારૂપી વેલ ગુણરૂપી રસને પીએ છે. ચૂસી લે છે. તૃષ્ણારૂપી ધૂળ છે તે અંતઃકરણરૂપી પાણીમાં પડીને તેને મેલું કરી નાખે છે.

તે તૃષ્ણા વૈરાગ્યથી વિલય થાય છે પણ અન્ય ઉપાયથી તેનો નાશ થતો નથી.

આ શરીર સ્વાભાવિક રીતે અપવિત્ર તથા વિકારવાન છે અને અજ્ઞાન વડે ઉત્પન્ન થયેલું છે. આવા અમંગળરૂપી શરીરમાં અહંપદ સ્ફૂરાયમાન થાય છે તે દુ:ખનું જ કારણ છે.

અહંકારરૂપી બિલાડો શરીરમાં રહ્યો થકો અહં અહં ' કરે છે પરંતુ કદાપિકાળે બોલ્યા વગર રહેતો નથી.

જો શરીરરૂપી નાવ ભોગરૂપી રેતીમાં ફસાયું તો, તેથી પાર ઉતરવું કઠણ છે. જ્યારે વૈરાગ્યરૂપી પાણી વૃદ્ધિ પામે અને પાણીનો પ્રવાહ તે નાવ તળે આવે તો અભ્યાસ રૂપી શઢનું જોર ચાલે ત્યારે સંસારપાર કરી કિનારા પર પહોંચે.

જ્યાં સુધી પુરુષ પોતાનાં પરિવાર રૂપી બંધનમાં બંધાયેલો છે ત્યાં સુધી મૂક્તિ મળતી જ નથી. અર્થાત્ દેહ, ઈન્દ્રિય, પ્રાણ, મન અને બુદ્ધિ એ જીવનો પરિવાર છે એમાં જે અહંભાવ–મારા પણું છે તે ત્યજી દે તો તરત મુક્તિ થાય છે. પરંતુ તે સિવાય મુક્તિ થતી નથી.

આ દેહ છે તે અપવિત્ર સ્થાન છે. તેમાં અહંકાર-રૂપી ભંગી રહે છે તથા તૃષ્ણારૂપી ભંગીઆણી તે અહંકારરૂપી ભંગીઆની વહુ છે અને કામ, ક્રોધ, મોહ અને લોભ આદિ એના દીકરા છે.

શરીરરૂપી ઘર છે તેમાં તૃષ્ણારૂપી ચંડી સ્ત્રી રહે છે તે ઈન્દ્રિયો દ્વારા જોયા કરે છે અને દુષ્ટ કલ્પનાઓ કર્યા કરે છે તેથી શમ, દમ આદિ સંપદા આવી શકતા નથી.

આ શરીરરૂપી ઘરમાં જીવને થોડી પણ શાંતિ કે વિશ્રામ મળતો નથી. તૃષ્ણારૂપી ચંડી સ્ત્રીનો પરિવાર જે લોભ, મોહ આદિ છે તે તેને નિરંતર પરેશાન કર્યા કરે છે એવું જે શરીરરૂપી ઘર તે મહાદુ:ખનું મૂળ છે.

આ શરીર કૃતજ્ઞ છે, ભોગ ભોગવે છે, મોટા ઐશ્વર્યને પ્રાપ્ત કરે છે પરંતુ મૃત્યુ તેની જરા પણ મિત્રતા રાખતું નથી. જ્યારે જીવ આ શરીરને છોડી પર-લોક જાય છે ત્યારે એકલો જ જાય છે. શરીરનાં સુખ માટે જીવ અનેક ઉપાયો કરે છે પરંતુ તે શરીર જીવની સંગાથે આવતું નથી અર્થાત્ સ્વાર્થ જેટલી જ સગાઈ રાખે છે.

જે પુરુષે શરીરનું અભિમાન ત્યજી દીધું છે તે પરમાનંદરૂપ છે અને જેને દેહનું અભિમાન છે તે મહાદુ:ખી છે. જગતને વિષે જેટલા દુ:ખો છે તે સર્વ શરીરનાં સંયોગ વડે કરીને જ થાય છે. અર્થાત્ માન,

અપમાન, જરા, મૃત્યુ, કપટ, ભ્રાંતિ, મોહ અને શોકાદિ સર્વ વિકારો છે તે સર્વ દેહનાં સંયોગથી જ ઉત્પન્ન થાય છે.

આ અહંકારરૂપી પિશાચે સર્વ જીવોને દીન બનાવ્યા છે. તે અહંકારરૂપી પિશાચ અવિચારનાં પ્રભાવથી સત્ય ભાસે છે. જેમ પ્રકાશ વડે અંધારાનો નાશ થાય છે તેમ વિચાર વડે અહંકારનો નાશ થાય છે.

જે શરીર પર વિશ્વાસ રાખ્યો છે તે શરીરપાણીનાં પ્રવાહની જેમ સ્થિરતા રહિત છે અર્થાત્ અનિત્ય છે. જેમ વિજળીનો ઝબકારો સ્થિર હોતો નથી તથા ગંધર્વ નગરની આસ્થા રાખવી નકામી છે તેમ આ શરીરની આસ્થા રાખવી તે પણ નકામી છે. શરીરની આસ્થા કરી જે અહંકાર કરે છે અને જગતનાં અનિત્ય પદાર્થો માટે યત્ન આદરે છે તે મહામૂર્ખ છે. જેમ સ્વપ્ન મિથ્યા છે તેમ આ જગત મિથ્યા છે. તેને સત્ય સમજી એના માટે જે ઉપાય કરે છે તે પોતાનાં જ બંધન માટે ઉપાય કરે છે.

આ શરીરનું અભિમાન રાખવું તે મહાદુ:ખદાયી છે. જેને દેહાભિમાન રહ્યું નથી તેને ભોગની ઈચ્છા પણ રહેશે નહિ. માત્ર પરમપદ જ ઈચ્છવા યોગ્ય છે જેના પામવાથી પુનઃ આ સંસારમાં આવવાનું રહેતું નથી.

બાલ્યાવસ્થા—

આ સંસારમાં જે જન્મ પામે છે તેમાં પ્રથમ બાળક અવસ્થા પ્રાપ્ત થાય છે. અશક્તતા, મૂર્ખતા, ઈચ્છા, ચપળતા, દીનતા અને સંતાપ એટલા વિકારો બાલ્યાવસ્થામાં પ્રાપ્ત થાય છે.

મોટી મોટી ઈચ્છાઓ કરે છે તેની પ્રાપ્તિ થતી નથી પણ તૃષ્ણામા નિરંતર તલ્લીન રહે છે અને જરા પણ તૃપ્તિ પામતું નથી. ક્ષણવારમાં ભયભીત બને છે, તો ક્ષણવારમાં હર્ષવંત બને છે પરંતુ શાન્તિની દશાને પામતું જ નથી

ચેતન પુરુષ બાલક અવસ્થા વડે કરીને દીન થઈ જાય છે. તેમ જે જે વિચારો કરે છે તે સુવિચાર વિનાના છે તેથી વિચારશૂન્ય વિચારો વડે મહાદુ:ખ પામે છે.

જેમ ઉનાળાનાં તાપથી તપેલી પૃથ્વી ઉપર પાણી નાંખીએ અને જેમ થોડીવાર શીતળ રહે છે પણ થોડીવાર પછી તેવી ને તેવી તપતી જાય છે તેમ બાલ્યાવસ્થાની છટા પણ તેવી જ છે.

જેમ નદીનો વેગ ચપળ છે તેનાથી પણ મન અને બાળક વધારે ચપળ-ચંચળ છે. જેમ મન ચપળ ગતિવાળું છે તેમ બાળક પણ ચપળ ગતિવાળું છે અર્થાત્ મનની પ્રતિમા જ બાળક છે. આ જીવ સ્વરૂપનાં અજ્ઞાનથી બાલ્યાવસ્થામાં કષ્ટવંત બને છે.

જે બાલ્યાવસ્થાની સ્તુતિ કરે છે તે પણ મૂર્ખ છે કેમકે એ પરમદુઃખ રૂપ જ અવસ્થા છે, જેમાં વિવેક-વિચાર જરા પણ હોતો નથી. માત્ર એક ખાવાનું સમજે છે કે રડવાનું સમજે છે બાકી કશું સમજવાને જ્ઞાન નથી તેવી અવગુણની મૂર્તિરૂપ બાલ્યાવસ્થા સારી લાગતી નથી. જેમ વીજળીનો ઝબકારો અને પાણીના પરપોટા સ્થિર નથી તેમ બાળકનું મન પણ કદાપિ કાળે સ્થિર હોતું નથી.

યુવાવસ્થા—

દુઃખરૂપ બાલ્યાવસ્થા પછી યુવાવસ્થા પ્રાપ્ત થાય છે. તે નીચેથી ઊંચે ચઢે છે પણ તે ઉત્તમ ગણવા માટે નથી. પરંતુ અત્યંત દુઃખદાયક છે! જ્યારે યુવાવસ્થા આવે છે ત્યારે કામદેવરૂપી પિશાચ આવીને તેને વળગે છે.

તે વખતે ચિત્ત વંટોળીયામાં ફસાયેલા પાંદડાની માફક ફર્યા કરે છે અને ઇચ્છામાં આવે તેમ ફેલાય છે. જેમ સૂર્યનો ઉદય થવાથી સૂર્ય વિકાસી કમળ ખીલી ઉઠે છે અને પોતાની પાંદડીઓને પ્રસારે છે તેમ યુવાવસ્થા રૂપી સૂર્ય ઉદય થવાથી ચિત્તરૂપી કમળ વિવિધ પ્રકારે ઇચ્છારૂપી પાંખડીઓને ફેલાવે છે અને કામદેવરૂપી પિશાચ તેને વિષયનાં ફંદામાં ઝોકાવી દે છે. તે ફંદમાં પડયો દુઃખ પામે છે. છે જેમ કોઈને અગ્નિનાં કુંડમાં નાખી દીધો હોય અને તે દુઃખ પામે છે તેમ કામદેવનાં

વશ થઈ તે દુઃખ પામે છે. જે જે કાંઈ વિકારો છે તે તે સઘળા યુવાવસ્થામાં આવી પ્રાપ્ત થાય છે.

ભોગ દેખાવમાં તો ઘણા સુંદર દેખાય છે પણ જ્યારે એ ભોગને ભોગવે છે ત્યારે તૃષ્ણા મદે કરી ગાંડો થઈ જાય છે અને પરવશ થઈ દુઃખી થાય છે.

જે કામ, ક્રોધ, લોભ, મોહ અને મદ રૂપી ક્રૂર ચોર છે તે યુવાવસ્થારૂપી અંધારી રાત્રિને નિહાળી લૂંટ ચલાવે છે અને આત્મજ્ઞાનરૂપી ઉત્તમ ધનને તે ચોરી જાય છે તેથી આ જીવ દીન-કંગાળ ગરીબ બની જાય છે. આ પુરુષ આત્માનંદના વિયોગથી કરીને દીન થયો છે.

તે યુવાવસ્થા ક્ષણભંગુર છે. માત્ર ચાર દિવસની જ ચમક-મટક છે. જેમ વીજળીનો ઝબકારો થઈને મટી જાય છે, જેમ સમુદ્રમાં પાણીનાં મોજા ઉપડે છે અને મટી જાય છે તેમ યુવાની આવે છે તે વિલાસનાં વિકાર વડે અને અજ્ઞાન વડે ઠગી જાય છે. આ જીવનો કટ્ટર શત્રુ યુવાવસ્થા છે, જે જીવ શત્રુથી બચે તેને ધન્યવાદ છે નહિતર જે યુવાવસ્થાનાં ફાંસામાં ફસાયો છે તેને કૃત્યાકૃત્યનું ભાન હોતું નથી.

શરીરરૂપી વૃક્ષમાં યૌવન અવસ્થારૂપી વેલ પુષ્ટ થાય છે ત્યારે ચિત્તરૂપી ભમરો ત્યાં આવીને બેસે છે. અને તે વેલની તૃષ્ણારૂપી સુગંધને ગ્રહણ કરી ઉન્મત્ત થઈ જાય છે અને સુવિચારોની વિચારણાને ભૂલી જાય છે.

જેમ અનાજનાં છોડ તેનાં પર ફૂલ આવ્યા નથી ત્યાં સુધી લીલા રહે છે જેવા ફૂલ આવે છે તેવા તે છોડ સુકાવા લાગે છે. અને અન્નનાં દાણા પાકવા આવે છે ત્યારે અનાજનાં છોડ જર્જરીભાવને પામે છે તેમ જ જુવાની આવે છે ત્યારે શરીર ક્રુર થઈ જાય છે અને પછી પરિપકવ થઈ ક્ષીણ થઈ વૃદ્ધ બની જાય છે. જેમ અંધારામાં આંખ છતાં કોઈ પદાર્થનું જ્ઞાન–ઓળખાણ થઈ શકતા નથી, તેમ યૌવન અવસ્થા પ્રાપ્ત થયે શુભાશુભનું જ્ઞાન રહેતું નથી. તો પછી તેને શાંતિ ક્યાંથી મળે? તે તો નિરંતર વ્યાધિરૂપી અગ્નિમાં બળ્યા કરે છે.

સર્વથી મનુષ્ય જન્મ ઉત્તમ ગણાય છે પરંતુ તે જન્મ પામ્યા છતાં પણ દુર્ભાગ્ય છે કે વિષયનાં ફંદથી આત્મપદની પ્રાપ્તિ થતી નથી. જેમ કોઈ અજ્ઞાનીને ચિંતામણી પ્રાપ્ત થયો હોય તો તે નિરાદર કરી ગુણ જાણ્યા વિના તેને કાગડાને ઉડાડવા માટે ફેંકી દે છે તેમ જે પુરુષ મનુષ્ય શરીરને પામી આત્મપદને ન પામ્યો તો તેને મહાઅભાગી સમજવો. કેમકે તે ભોગવિલાસનાં ક્ષણિક સુખ માટે પોતાનું જીવન મૂર્ખતા વડે કરી નાહક ખોઈ નાખે છે. જેટલા જેટલા વિકારો છે તેટલા બધા યુવાનીમાં આવી પ્રાપ્ત થાય છે તેથી માન, મોહ, મદ આદિ વિકારો વડે પુરુષાર્થ થતો નથી.

સમુદ્રનું તરવું કઠિન છે છતાં પણ તે સુગમ થઈ શકે છે પરંતુ યુવાવસ્થામાંથી તરી જવું મહા કઠિન છે.

યુવાવસ્થામાં નિર્દોષ રહેવું મહા કઠિન છે, છતાં જે મનુષ્યો તેનાથી ચલાયમાન થતા નથી તેઓ ધન્યવાદને પાત્ર છે અને વંદન-પૂજનને યોગ્ય છે. પવનરૂપી યુવાવસ્થા દોષ રૂપી ધૂળ, કાંટા, રાખ વિગેરેને ચિત્તરૂપી વાવની અંદર નાખી આત્મસ્વરૂપી નિર્મળ જળને મળ સહિત મેલું કરી દે છે. યુવાવસ્થા છતાં નમ્રતા, વિવેક, વિચાર વૈરાગ્ય, સંતોષ અને શાંતિ આદિ સદ્‌ગુણોએ કરીને સહિત જે છે તેવા મનુષ્ય મળવા મહાદુર્લભ છે. યુવાવસ્થામાં વૈરાગ્ય, વિચાર, સંતોષ, શાંતિ આદિ પ્રાપ્ત થવા તે આશ્ચર્ય જેવું છે. તેથી હે દીનજનનાં રક્ષક જે ઉપાયવડે યુવાવસ્થાથી મુક્ત થાઉં અને આત્મપદને પ્રાપ્ત કરું તે ઉપાય આપ મને બતાવો.

જરાવસ્થા—

બાળક અવસ્થા તો મહા જડ છે અશક્તતાવાળી છે. જ્યારે યૌવન આત્મ અવસ્થાને કેદ કરી દે છે અને ત્યાર પછી વૃદ્ધા અવસ્થા આવે છે ત્યારે શરીર શિથિલ અને ખોખરૂં થઈ જાય છે. બુદ્ધિને કુંઠિત કરી નાખે છે, અને છેવટે મરણને શરણ થાય છે. કહેવાનું તાત્પર્ય એ કે અજ્ઞાની મનુષ્ય બાળપણમાં, યૌવન અવસ્થાનાં મદમાં અને વૃદ્ધાવસ્થામાં જરારોગ ગ્રસ્ત બની વ્યર્થ જીવન ગુમાવી દે છે. જેમ પાકેલા ફળને વૃક્ષ ત્યજી દે છે તેમજ વૃદ્ધ થયેલાને કુટુંબી લોકો ત્યજી દે છે અને તેને જોઈ જોઈને હસે છે મશ્કરીઓ કરે છે. વિ. વિ.

જેમ ઘણા વખતનું જૂનું ઝાડ હોય અને તેમાં ઉધઈ લાગે તો તે બિલકુલ અશક્ત થઈ જાય છે તેમ વૃદ્ધાવસ્થામાં પણ શરીર તેવું જ થઈ જાય છે.

આ શરીરની ત્રણ અવસ્થાઓ છે તેમાંથી એક પણ સુખદાયી નથી કેમકે બાળક અવસ્થા મૂર્ખાઈથી ભરેલ હોય છે. યૌવન અવસ્થા વિલાસવંત અને વિકારવંત હોય છે, જરા અવસ્થા પણ મહાદુઃખનું જ કારણ છે. બાલ્યઅવસ્થાને યૌવન અવસ્થા ખાઈ જાય છે અને યૌવન અવસ્થાને વૃદ્ધાવસ્થા ખાઈ જાય છે અને જરા અવસ્થાને મૃત્યુ ખાઈ જાય છે એટલે કે બધી સ્થિતિઓ નાશવંત છે તો તેઓનો આશ્રય કરવાથી મને શું સુખ મળનાર છે?

શરીરરૂપી ઘર છે તે ઘરનો ધણી કાળ છે. તેને ત્રણ પટ્ટરાણીઓ છે. અશક્તિ, અંગમાં પીડા અને ઉધરસ. તે તરત જ શ્વાસને ચલાવે છે અને વાળને ધોળા બનાવી શિથિલ કરી દે છે.

આ જરા (વૃદ્ધાવસ્થા) અગ્નિરૂપ છે એટલે જેમ અગ્નિ કોઈ વૃક્ષને ઘેરી લે છે અને ધુમાડાનાં ગોટા પ્રગટાવે છે તેમ શરીરરૂપી વૃક્ષને જરારૂપી અગ્નિ ઘેરી લે છે તેથી તૃષ્ણારૂપી ધુમાડાનાં ગોટા પ્રગટે છે. તૃષ્ણાને પૂરી કરવાનો પ્રયત્ન કરવા જતાં ઈન્દ્રિયો નિર્બળ થઈ જાય છે, શરીર ખોખરું થઈ જાય છે અને શક્તિરૂપી સર્વ કમળો બીડાઈ જાય છે. તૃષ્ણારૂપી પિશાચિની

પ્રસન્નતા આયુષ્યરૂપી જળને સૂકવી નાખે છે અને જરા અવસ્થામાં શરીરરૂપી માંસને કાળ આવી લઈ જાય છે.

## કાળ વર્ણન

જેમ દર્પણમાં પોતાનું કે અન્ય પદાર્થનું પ્રતિબિંબ પડેલું જોઈ અજ્ઞાની બાળક તેને પકડવાની વાંચ્છા કરે છે તેવી જ રીતે અજ્ઞાની જીવ સંસારને સત્ય સમજી જગતનાં જૂઠા પદાર્થોને પામવાની ઈચ્છા કરે છે અથવા અમુક વસ્તુ સ્વપ્ને પણ મને ન મળો એવી ઈચ્છા કર્યા કરે છે. સંસારમાં જેટલા પદાર્થ છે તેટલા સઘળા પદાર્થો કાળ ગ્રસિત છે.

સંસારરૂપી વનમાં રહેલા જીવોનો કાળરૂપી રાજકુમાર શિકાર કરવા આવે છે ત્યારે સર્વ જીવો ભયને પામે છે અને મરણ પામે છે. કાળને મહાભૈરવ કહેવામાં આવ્યો છે. તે સર્વનો ગ્રાસ કરી જાય છે. જેમ વનમાં મૃગ વિગેરેનો શિકાર કરી સિંહ–સિંહણ મલકાય છે તેમ જગત્તરૂપી વનમાં જીવરૂપી મૃગોનો શિકાર કરી કાળ અને કાળિકા નાચ્યા કરે છે. કાળરૂપી ભયંકર વાનર જગતનાં કોઈ પદાર્થને સ્થિર કે અખંડ રહેવા દેતો જ નથી. સર્વ વસ્તુઓ કાળનાં પ્રતાપથી જર્જરીભૂત થઈ જાય છે તો તેવા કાળનો હું શી રીતે આશ્રય કરું ?

કાળનાં હાથમાં ઘેન (તંદ્રા) રૂપી ફાંસો છે. જેના વડે કરીને જીવમાત્રને મારી નાખે છે. કાળ અભાવરૂપી

ધનુષ્ય હાથમાં ધારણ કરીને રાગદ્વેષરૂપી કઠોર બાણોને ચલાવે છે તેથી સંસારી જીવોનો નાશ કરી દે છે. કાળરૂપી પારધિ છે તેણે વિભાવ ભાવરૂપી ક્રિયાની જાળ પાથરી છે જેમાં જીવરૂપી પક્ષીઓ આવીને ફસાઈને શાંતિને પામી શકતા નથી. હે ભગવાન ! આ તો સર્વ નાશવંત પદાર્થ છે તો તે પૈકી કોનો અથવા કેવી રીતે આશ્રય લેવો ? કે જેથી સુખની પ્રાપ્તિ થાય. જગતના પ્રત્યેક જીવો કાળનાં મુખમાં ફસાયેલા છે તેના પરિણામે સઘળાનો નાશ થવાનો છે, એમ દેખાય છે, તેથી જે પ્રકારે નિર્ભયપદ પ્રાપ્ત થાય તે પ્રકાર મને બતાવો.

બાલ્ય અવસ્થામાં મુર્ખતાની છત હોય છે તેથી કોઈ જાતનો વિચાર થઈ શકતો નથી. યૌવન અવસ્થામાં મૂર્ખતાની છત સાથે વિષય આસક્તપણું ભળે છે અને માન–મોહાદિ વિકારથી જીવ અંધ બની જાય છે તેથી યુવાવસ્થામાં પણ વિચાર–વિવેક હોતો નથી અને વૃત્તિ ચંચળ રહે છે અને પુનઃ કંગાળનો કંગાળ રહી વિષયની તૃષ્ણા કરે છે પણ શાંતિ પામતો નથી. આયુષ્ય ચંચળ છે તેથી મૃત્યુ નજીક જ રહેલું છે તે સત્ય છે. જે જે પદાર્થોને જીવ ભોગ સમજે છે તે સંપદા (સુખ) નથી પણ આપદા જ છે. જેને જીવ સત્ય સમજે છે તે સત્ય નથી. વિષય ઈન્દ્રિયોને મિત્ર-સુખરૂપ સમજે છે પણ તે શત્રુ છે. દુઃખદાયી બંધનનાં સ્થાનો જ છે. આ દેહ છે તે વિકારની મૂર્તિ છે. મન છે તે મહા

ચંચળ તથા અતૃપ્ત છે. અહંકાર મહા નીચ છે કારણ કે અહંકારનાં પ્રતાપથી જ દીનતા પ્રાપ્ત થાય છે અને તેથી શાંતિ મળતી નથી કે સંસારનો નાશ થતો નથી.

## સર્વ પદાર્થ ભાવ વર્ણન—

જગતમાં અનેક પ્રકારનાં સોહામણા પદાર્થો જણાય છે તે સર્વ નાશવંત છે છતાં તેનો જે વિશ્વાસ રાખે છે તે મૂર્ખ છે. અજ્ઞાની જીવનું જીવન નકામું છે કારણ કે ઘણું જીવ્યાં છતાં પોતાનાં કલ્યાણને સિદ્ધ કરતો નથી. આ શરીર ક્યાં સુધી સુંદર લાગે છે? કે જ્યાં સુધી વૃદ્ધાવસ્થા આવી નથી. વૃદ્ધાવસ્થારૂપી રાહુના આવવાથી યૌવન અવસ્થારૂપી ચંદ્રની જ્યોતિ જતી રહે છે અને શરીર દુર્બળ થઈ જાય છે પણ તૃષ્ણા પુષ્ટ થતી જાય છે.

તૃષ્ણારૂપી સમુદ્ર છે તેમાં ચિત્તરૂપી વહાણ પડેલું છે તે રાગ-દ્વેષ રૂપી મગરમચ્છનાં ઝપાટાથી ઝોલા ખાય છે પણ સ્થિર રહેતું નથી. વળી કામદેવરૂપી વૃક્ષ છે તેમાં તૃષ્ણારૂપી વેલ ચઢે છે અને તે વેલમાં વિષયરૂપી ફૂલ લાગે છે તે ઉપર જ્યારે જીવરૂપી ભમરો આવીને બેસે છે ત્યારે વિષયરૂપી વેલની મદકારી વાસનાથી મોહ પામી મરણદશાને પામે છે.

આ જીવ મનુષ્યરૂપી પર્વત ઉપર રહી આકાશનાં કુસુમરૂપી જગતનાં પદાર્થને ગ્રહણ કરવાની ઈચ્છા કરે

છે તે રાગદ્વેષરૂપી વૃક્ષોનાં જંગલમાં જઈને પડે છે. જગતમાં જેટલા પદાર્થો છે તેટલા સઘળા આકાશ ફૂલની પેઠે અશકય છે છતાં તેમાં આસ્થા કરવી તે મહામૂર્ખતા છે. એ તો શબ્દનાં પડઘા છે તેથી તેનાથી કશું કાર્ય સિદ્ધ થતું નથી. જેઓ જ્ઞાનવાન પુરુષો છે તેઓને વિષરૂપ વિષયભોગની વાંચ્છા રહેતી નથી કારણ કે તેઓ આત્મજ્ઞાનનાં પ્રકાશ વડે જગતનાં વિષયસુખોને મિથ્યા જાણે છે એવા જ્ઞાનવાન પુરુષો વિરક્ત આત્માઓ હોય છે જેઓ મળવા દુર્લભ છે જેઓને ભોગની ઈચ્છા નથી તથા જેઓ નિરંતર આત્મસ્વરૂપ રમણતામાં રહેલાં છે, તેવા પુરુષોને જરા પણ સંસારની ઈચ્છા રહેતી નથી કેમ કે તેઓ જાણે છે કે જગતનાં સઘળા પદાર્થો નાશવંત છે. સંસાર ત્યાં સુધી જ દેખાય છે કે જ્યાં સુધી શરીર નાશ પામ્યું નથી. પોતાને પ્રાપ્ત થયેલા શરીરમાં આસ્થા રાખવી તે મહામૂર્ખતાની નિશાની છે અને તેવાઓને આત્મપદની પ્રીતિ થવી પણ કઠિન છે જેમ પવનનાં ઝપાટાથી ઝાડ ઉપરનાં પાંદડા ખરી પડીને દૂર ઉડી જાય છે, તે પાંદડા પાછા વૃક્ષોની સાથે જોડાવા અશકય છે તેવી જ રીતે દેહાદિકની સાથે બંધાયેલા પ્રાણીને આત્મપદ મળવું કઠિન છે.

જ્યારે આત્મપદથી વિમુખ થઈ જાય છે ત્યારે જગતનાં ભ્રમને જુએ છે. અને જ્યારે આત્મપદની નજીક આવે છે ત્યારે સંસાર રસ વગરનો જણાય છે

તેમ જ તે નાશવંત છે એમ જણાય છે તો પછી તેના પર આસ્થા કેમ થાય ?

જગત વિપર્યય વર્ણન—

જેટલું સ્થાવર તેમ જ જંગમ જગત દેખાય છે તે સર્વ નાશરૂપ છે. જગતનાં પદાર્થો પૈકી એકે પણ શાશ્વતરૂપ નથી. સકળ પદાર્થ મહાચંચળ છે, તે એકરસ, અવિચ્છિન્નપણે કોઈ વખતે પણ રહેતા નથી. એક ક્ષણમાં કંઈક દૃશ્યો થાય છે બીજી ક્ષણે કંઈ ઓર થાય છે. એક ક્ષણમાં જીવતા નજરે પડે છે તો બીજી ક્ષણે મરેલા નજરે પડે છે. આ સંસારની સ્થિરતા કદાપી થતી જ નથી માટે જ્ઞાની પુરુષો તેનાં પ્રત્યે વિશ્વાસ રાખતા નથી. જેમ બાળકની મનોવૃત્તિ ક્ષણવાર પણ સ્થિર રહેતી નથી તેમ જગતનાં પદાર્થો પણ ક્ષણવાર સ્થિર રહેતા નથી. જગતનાં જેટલા પદાર્થો દૃષ્ટિમાં આવે છે તેનો સર્વનાશ થઈ જવાનો જ છે. કોઈપણ ઉપાય કરવાથી સ્થિર રહેવાનાં નથી. તે સર્વ નાશવંત છે તો પછી મારે કયા પદાર્થોનો આશ્રય કે કોની ઈચ્છા કરવી ?

જે પુરુષો જગતનાં પદાર્થોનો આશ્રય લે છે અને પોતાનાં સુખનાં નિમિત્ત ગણે છે તે નાશને પ્રાપ્ત થાય છે. જે પુરુષની દૃષ્ટિ જગત તરફ છે તેને આ જગત રમણિય ભાસે છે અને રમણિય જાણીને અનેક પ્રકારનાં કર્મો ઉપાર્જે છે અને જગતમાં ભટકે છે. જગત એક વન છે તેને કાળરૂપી અગ્નિ લાગેલો છે તેથી બળીને

રાખ થઈ જાય છે છતાં એવા પદાર્થોની જ જે ઇચ્છા કરે છે તે મહામૂર્ખ છે.

જે મનુષ્યોને આત્મવિચારની પ્રાપ્તિ થઈ છે તેમને જગત ભ્રમરૂપ કે સ્વપ્નવત્ ભાસે છે અને જેઓને આત્મવિચારની પ્રાપ્તિ થઈ નથી તેઓને આ જગત રમણિય લાગે છે તે મનુષ્યો જગતને જોતા જોતા જ નાશ પામી જાય છે.

સર્વાંત પ્રતિપાદન વર્ણન—

આ જગત નાશવંત છે કોઈ પદાર્થ સ્થિર નથી. વાસના અને ઈંન્દ્રિયોરૂપી જાળ ગ્રંથીમાં કાળના પ્રેર્યા (કર્મના ઉદયે) જે પુરુષો ફસાઈ ગયા છે તે મહાદુ:ખને પામે છે. હે ભગવાન! વાસનારૂપી સૂતરના દોરામાં જીવરૂપી મોતી પરોવેલા છે તેને મનરૂપી પટવો માળારૂપે બનાવી ચૈતન્યરૂપી આત્માનાં ગળામાં પહેરાવે છે. જ્યાં સુધી આ વાસનારૂપી દોરો જીવરૂપી મોતીથી અળગો થતો નથી ત્યાં સુધી સંસારમાં ભ્રમણ કરે છે. જેવો વાસનારૂપી દોરો તુટી જાય તેવી જ ભ્રમણા નિવૃત્ત થઈ જાય છે અને જીવ પરિભ્રમણથી છૂટી જાય છે. કોઈ પદાર્થમાં સુખ નથી અને જે સુખ માને છે તે અજ્ઞાની છે. સુખ તો ફક્ત આત્મજ્ઞાન વડે જ પ્રાપ્ત થાય છે અન્ય કોઈ ઉપાય વડે પ્રાપ્ત થતું નથી. આત્મજ્ઞાનનો ઉદય થયા સિવાય સંસારનાં પરિભ્રમણનો નાશ થતો

નથી. માટે જે ઉપાય વડે મોહ-માયાનો નાશ થાય તે ઉપાય મને જણાવો કે જેથી હું સદા સુખી થાઉં.

વૈરાગ્ય પ્રયોજન—

સંસારરૂપી ખાડામાં મોહરૂપી કાદવ છે. તેમાં મૂર્ખનું મન ફસાઈને દુ:ખને પામે છે અને શાંતિને મેળવતો નથી. જેમ લીમડાનું ઝાડ જૂનુ થતું જાય તેમ તેમ તેનાં અંતરમાં કડવાસ વધતી જાય છે તેવી જ રીતે વૃદ્ધાવસ્થામાં તૃષ્ણા વધતી જાય છે.

જે પ્રાણીઓ દેહ અને ઈન્દ્રિયો વિગેરેનો આશ્રય પોતાનાં સુખને નિમિત્તે કરે છે તે મુર્ખાઓ સંસારરૂપી અંધારા કુવામાં પડે છે અને અનિત્ય ભોગનો ત્યાગ કરી શકતા નથી અને કુવામાંથી બહાર પણ નીકળી શકતા નથી.

જેમ હરણ પાણી ભરેલા ખાડા ઉપરથી ઠેકવા જતાં નુકશાનીમાં આવી પડે છે પણ સુખી થતું નથી તેમ જ સંસારના પદાર્થ રૂપી ખાડા ઉપર ઠેકનારુ મનરૂપી મૃગ તેમાં અવશ્ય ફસાય છે અને મહાદુ:ખને પામે છે.

હે ભગવાન! આપ જેવા સંતપુરુષો સંસારનાં કાર્ય કરતા નજરે દેખાવ છો છતાં શી રીતે નિર્લેપ રહી શકો છો તે યુક્તિ મને બતાવો, કે જેથી મન–બુદ્ધિ નિર્મળ થઈને રહે. અસંતોષમાં કુદકા ભરે નહીં. આત્મજ્ઞાન ક્યારે પ્રકાશશે કે જેનો પ્રકાશ થવાથી

મોહરૂપી અંધકારનો નાશ થઈ જાય. હે મુનીશ્વર. જેમ વાદળાથી ચંદ્ર મંડળ ઢંકાઈ જાય છે તેમ ચિત્ત અને બુદ્ધિની મલિનતા વડે હું આચ્છાદિત થઈ ગયો છું માટે તે આવરણ દૂર થાય તેવો ઉપાય કહો.

જે આત્મ આનંદ છે તે નિત્ય છે. તેના પામવા પછી પુન: કોઈ વસ્તુ પ્રાપ્ત થવી બાકી રહેતી જ નથી કેમ કે એની પ્રાપ્તિથી સર્વ દુ:ખોનો નાશ થઈ અંતર શીતળ થઈ જાય છે એવું જે પદ તેની પ્રાપ્તિ જે ઉપાય કરવાથી થાય તેવો ઉપાય કહો.

હે ભગવાન! આત્મજ્ઞાનરૂપી શરદ્ચંદ્રની મને ઈચ્છા છે કેમ કે જેના પ્રકાશ વડે કરીને બુદ્ધિરૂપી કમળ વિકસ્વર થાય છે અને જેનાં અમૃતરૂપી કિરણો વડે કરીને વૃત્તિ તૃપ્ત થઈ જાય છે તે આત્મજ્ઞાન કહી બતાવો. હવે મને ઘરમાં રહેવાની બિલકુલ ઈચ્છા નથી તેમ જ વનમાં પણ જવાની ઈચ્છા નથી. મને તો ફક્ત એ પદની જ ઈચ્છા છે કે તેની પ્રાપ્તી થવાથી અંતરંગ શાંતિ થાય છે.

રામ પ્રશ્ન વર્ણન—

આ જગતમાં જરા વાર રહેવાનું છે કારણ આયુષ્ય ક્ષણભંગુર છે. હે ભગવાન! જ્યારે અજ્ઞાનરૂપી મેઘની ગર્જના થાય છે ત્યારે લોભરૂપી મોર બહુ પ્રસન્ન થાય છે. જ્યારે અજ્ઞાનરૂપી મેઘની વૃષ્ટિ થાય છે ત્યારે દુ:ખરૂપી માંજર વધવા લાગે છે અને તૃષ્ણારૂપી જાળમાં ફસાયેલા

જીવરૂપી પક્ષીઓ અત્યંત દુઃખ પામે છે. પણ શાંતિને પામતા નથી.

આ જગતરૂપી મહારોગ લાગુ થયો છે તેને દૂર કરવાનો સત્ય પ્રયોગ કયો કરવા યોગ્ય છે? કે જેના વડે ભ્રમરૂપી રોગ નિવૃત્ત થઈ જાય તેનો કૃપા કરી પ્રકાશ કરો. મારા ચિત્તરૂપી ચંદ્રમામાં કામરૂપી કલંક લાગેલુ છે જેથી કરીને તે ઉજ્જવળ લાગતુ નથી. તેથી એવો ઉપાય બતાવો કે જે ઉપાયથી તે કલંક દૂર થઈ જાય.

હે મુનીશ! આ ચિત્ત ઘણું જ ચંચળ છે તેથી ક્યારે પણ સ્થિર રહેતું નથી. નિરંતર વિષયની તરફ દોડયા કરે છે માટે તેવો ઉપાય બતાવો કે જેના વડે કરીને સ્થિર થઈ જાય. વળી સંસારરૂપી વનમાં ભોગરૂપી ભયંકર ભુજંગ રહે છે તે જીવોને કરડયા કરે છે તેથી તે સર્પથી બચવાનો ઉત્તમ ઉપાય કહો. તેમ જ જે કાંઈ ક્રિયાઓ છે તે રાગ-દ્વેષ સાથે મળી ગઈ છે તેથી રાગ-દ્વેષ પ્રવેશ ન કરી શકે તેવો ઉપાય કહો. જે પ્રયોગ વડે આપનાં અંતરમાં શીતળતા ઉત્પન્ન થઈ છે તે પણ કહી બતાવો. હે ભગવાન! સંસારથી પાર થવાની યુક્તિઓ આપની પાસેથી પ્રાપ્ત નહીં થાય તો હું બીજું તો કશું જાણતો નથી પણ સર્વ વસ્તુનો ત્યાગ કરી તેમ જ શારિરીક ગુણધર્મો તરફ પણ લક્ષ આપીશ નહીં અને એકાંતમાં જઈને બેસી રહીશ. જેમ તેલ વિના દીપક બુઝાઈ જાય છે તેમ શરીરનો પણ નાશ થઈ જશે. આટલું બોલી શ્રી રામચંદ્રજી મૌન થઈ ગયા.

# મુમુક્ષતા. ( યોગવસિષ્ટ )

અશુદ્ધ આદર્શની મલિનતા દૂર કરી હોય ત્યારે સ્પસ્ટ સુખ ભાસે છે તેનાં ઉપર વ્યાસજી શુકદેવજી અને જનકરાજા વચ્ચેનો સંવાદ જોઈએ.

વ્યાસજીની પ્રજ્ઞા સૂર્યનાં તેજ સમાન પ્રકાશી રહી છે તેમનાં જ પુત્ર શુકદેવજી સર્વશાસ્ત્રનાં જાણકાર હતા. સત્યને સત્ય અને અસત્યને અસત્ય જાણતા હતા છતાં પણ શાંતિરૂપ અને પરમાનંદરૂપ આત્મામાં વિશ્રામ પામ્યા નહોતા તેથી તેઓ એક વખત વેદ વ્યાસ ભગવાન પાસે ગયા અને પિતાશ્રીની નિકટ બેસી કહેવા લાગ્યા કે હે ભગવાન આ ભ્રમાત્મક સંસાર ક્યાંથી ઉત્પત્ન થયેલ છે ? તથા તેની નિવૃત્તિ શી રીતે થશે ? તેમજ ગતકાળમાં કોઈની તે સંસારથી નિવૃત્તિ થઈ છે કે નહિ ? તે કૃપા કરીને મને કહો. તે પ્રશ્ન સાંભળી વેદ વ્યાસજીએ શાંતિ પમાડવા માટે ભ્રમનાશક ઉપદેશ કરવા લાગ્યા તો શુકદેવજીએ કહ્યું કે હે ભગવાન આપ જે કાંઈ કહો છો તે પ્રથમથી જ મારા જાણવામાં છે પરંતુ તે વડે મને શાંતિ પ્રાપ્ત થઈ નથી. જ્યારે શુકદેવજી આ પ્રમાણે બોલ્યા ત્યારે વેદવ્યાસજીને એમ લાગ્યું કે પિતા-પુત્રનાં સંબંધને કારણે મારા વચનથી તેને શાંતિ પ્રાપ્ત થશે નહિ, માટે અન્ય જ્ઞાની પુરુષ પાસે મોકલું કે

જેથી શાંતિને પામી શકે એમ વિચારી શુકદેવજીને કહ્યું કે હે પુત્ર ! હું સર્વ તત્ત્વજ્ઞ નથી પરંતુ રાજા જનક સર્વ તત્ત્વજ્ઞ અને શાંત આત્મા છે માટે તેમની પાસે તું જા. તેમનાં સમાગમથી તારા મનમાં રહેલો મોહ-ભ્રમ નાશ થઈ જશે. વ્યાસજીની આજ્ઞા થવાથી શુકદેવજી રાજા જનક પાસે ગયા. દ્વાર પાસે જઈને પ્રતિહાર દ્વારા પોતાનાં આગમનની ખબર રાજા જનકજીને મોકલાવી. જનકજીએ દ્વારપાલને કહ્યું કે દ્વાર પાસે ઉભા રહેવાનું હમણાં કહો. દ્વારપાળે તેવો સંદેશો આપ્યો. તેથી તેઓ સાત દિવસ અખંડ અહોરાત્રિ પર્યંત ત્યાં જ ઉભા રહ્યા. જનકજીને તે જાણવું હતું કે ગુરુભક્ત દૃઢ આગ્રહી છે કે નહિ ? તેની પરિક્ષા માટે તેમ કર્યું હતું. સાત દિવસ પછી દ્વારપાળને પૂછ્યું કે શુકદેવજી ઉભા છે કે જતા રહ્યા છે ? દ્વારપાળે કહ્યું કે હજુ તેઓ ત્યાં જ ઉભા છે. તે સાંભળી જનકજીએ કહ્યું કે હવે તેમને અંદરનાં દરવાજા પાસે લાવીને ઉભા રાખો. સાત દિવસે ફરીને ખબર કઢાવી અને આજ્ઞા પ્રમાણે ઉભા રહેલા જાણી શુકદેવજીને અંતઃપુરમાં લઈ જવાની આજ્ઞા કરી. ત્યાં પણ સંપૂર્ણ નિર્લેપપણે સાત દિવસ મૂર્તિવત્ ઉભા રહ્યા. જનકજીએ પરિચારકોને બોલાવીને પૂછ્યું કે હવે શુકદેવજી કેવી દશામાં છે ? ત્યારે પરિચારકોએ જણાવ્યું કે પહેલાં પામેલા અનાદર વડે નથી તો તેઓ શોકને પ્રાપ્ત થયા કે અંતઃપુરનાં આનંદ રંગ નિહાળી પ્રસન્ન પણ નથી થયા. તેમનું ચિત્ત ઇષ્ટ-અનિષ્ટમાં

સમાનપણે વર્તે છે. આમ પરિચારકો પાસેથી જાણીને શુકદેવજીને પોતાની પાસે બોલાવ્યા. શુકદેવજીને અભિવાદન કરી યોગ્ય આસને બેસાડી આગમનનું કારણ પૂછ્યું અને કહ્યું કે આપને કઈ વસ્તુની ઈચ્છા છે એટલે તે વસ્તુની પ્રાપ્તિ કરી આપુ.

શુકદેવજીએ કહ્યું કે હે ગુરુ ! આ સંસાર શી રીતે ઉત્પન્ન થયો છે ? તથા શી રીતે નાશ પામશે ? જનકજીએ વેદવ્યાસજીએ જેમ કહ્યું હતું તેમ જ કહ્યું ત્યારે શુકદેવજી બોલ્યા કે હે ભગવન્ ! આપે મને જે કાંઈ ઉપદેશ સંભળાવ્યો તે જ પ્રમાણે મારા પિતાજીએ કહ્યું હતું–શાસ્ત્રો પણ તેમ જ કહે છે અને વિચાર વડે કરીને હું પણ તેમ જ સમજું છું કે આ સંસાર પોતાનાં ચિત્તમાં જ ઉત્પન્ન થાય છે અને ચિત્તનો નિર્વેદ થયે ભ્રમની નિવૃત્તિ થાય છે પરંતુ મને શાંતિ મળતી નથી. આમ સાંભળીને જનકરાજાએ કહ્યું કે હે મુનિશ ! જે કાંઈ મેં કહ્યું તથા જે કાંઈ તમે જાણો છો તેથી વિશ્રામ પામવાનો–શાંતિ પામવાનો અન્ય ઉપાય કાંઈ છે એમ જાણવું તેમજ કહેવું પણ નહિ.

આ સંસાર ચિત્તનાં સંવેદન વડે ઉભો થયેલ છે અને જ્યારે ચિત્ત સ્ફુરાયમાનપણાથી રહિત થાય છે એટલે કે પદાર્થોથી વિરક્તભાવને પામે છે ત્યારે ભ્રાંતિ (મિથ્યાત્ત્વ) નિવૃત્ત થાય છે. આત્મતત્ત્વ નિત્ય શુદ્ધ અને

પરમઆનંદ સ્વરૂપ છે, કેવળ ચૈતન્ય છે. તેનો અભ્યાસ કરશો ત્યારે વિરામ પામશો.

આમ સાંભળીને બધા જ પ્રકારનાં સંગને છોડીને નિર્ભય થઈને ગુફામાં જઈ સમાધિસ્થ થયા અને સર્વજ્ઞ પદને મેળવ્યું.

○ ○ ○

જેમ મારવાડનાં પ્રદેશમાં વૃક્ષ–વેલ ઉત્પન્ન થતી નથી, તેમ જ્ઞાનવંતને વિષય–વાસના ઉત્પન્ન થતી નથી.

હે સાધક ! જ્ઞાનવાન જે વિષયભોગનો ત્યાગ કરે છે તે કોઈ ફળ મેળવવાની ઈચ્છાથી કરતો નથી, પરંતુ સ્વાભાવિકપણે જ્ઞાનવાનની વિષયવાસના જતી રહે છે. જેમ સૂર્યના ઉદયથી અંધકારનો સ્વાભાવિકપણે જ અભાવ (નાશ) થઈ જાય છે તેમ.

જ્ઞાન, વિજ્ઞાન અને નિર્મળ યુક્તિ (જુક્તિ) જે શુદ્ધ પાત્ર હોય તેને અર્પણ કરવી પણ પાત્ર જોયા વિના ઉપદેશ કરવો નહિ. કેમકે જેનામાં આશ્રયભાવ ન હોય તથા જેનામાં વિરક્તતા ન હોય તેવા કુપાત્ર–મૂર્ખને કદાપિકાળે કોઈ પણ પ્રકારનો શ્રેષ્ઠ ઉપદેશ કરવો તે કેવળ નકામો છે. ઉત્તમ ઉપદેશ યોગ્યના વિના આપવાથી તેનું માહાત્મ્ય વ્યર્થ જાય છે. જે સાધક વૈરાગ્યથી સંપન્ન હોય તથા ઉદાર આત્મા હોય તે ઉપદેશને યોગ્ય છે.

જે પુરુષ આત્મસત્તામાં જાગૃત છે તેને દ્વૈત-ભ્રમ ભાસતો નથી. તે આત્મદર્શી સદા શાંત આત્મા પરમ-આનંદ સ્વરૂપ છે અને સર્વ કામનાથી રહિત છે એવા જીવનમુક્ત જીવોને કોઈ ચળાયમાન કરી શકતું નથી. જીવનમુક્તાને સર્વ સર્વાત્મા પૂર્ણ ભાસે છે અને સ્વસ્વરૂપ રૂપ જ ભાસે છે. સ્વરૂપસાર શાંતિરૂપ અમૃતે કરીને પૂર્ણ છે. જીવનમુક્ત ને વિદેહમુક્તામાં કશો પણ અંતર નથી. જેમકે પાણી સ્થિર છે. તેમાં તરંગ ઉછળે છે તો પણ તે પાણી જ રહે છે માત્ર બોલવામાં જ ફરક છે. જ્ઞાન-વાન સમ્યક્‌દર્શીને કશો ભેદ ભાસતો નથી.

જ્યારે જીવને તેનું શરીર ભાસે છે એટલે કે શરીર સાથે છે તેને જીવનમુક્ત કહેવામાં આવે છે અને જ્યારે શરીર અદૃશ્ય થાય છે ત્યારે વિદેહમુક્ત કહેવામાં આવે છે, પરંતુ જ્ઞાન અપેક્ષાએ બન્નો સમાન છે. જે કાંઈ સિદ્ધ થાય છે તે પુરુષાર્થ વડે જ સિદ્ધ થાય છે. પુરુષાર્થ વિના સિદ્ધ થતું નથી.

પુરુષાર્થ શું છે? સંતજન અને સત્સાસ્રનાં ઉપ-દેશરૂપ ઉપાય કરી તે પ્રમાણે ચિત્તનું વિચારવું થાય તે પુરુષાર્થ પ્રયત્ન છે અને તેનાથી વિપરિત ચેષ્ટા કરે છે તેનું નામ ઉન્મત્ત ચેષ્ટા છે. જે કોઈ જે વસ્તુ માટે યત્ન કરે છે તે વસ્તુને તે મેળવે છે.

આ આત્મતત્ત્વમાં જે ચૈતન્ય સ્પંદ. અસ્પંદરૂપે થઈને સ્ફૂરાયમાન થાય છે તે પોતાનાં પુરુષાર્થ વડે કરી

આત્માને પ્રાપ્ત કરે છે તેથી જેને જે કાંઈ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે તે કેવળ પુરુષાર્થ વડે જ થઈ છે, પરંતુ વગર પુરુષાર્થે થઈ નથી.

જે પુરુષ શાસ્ત્ર અનુસાર (ગુરુ આજ્ઞા પ્રમાણે) પુરુષાર્થ કરતો નથી અને ચિત્તમાં વિવિધ પ્રકારની ઈચ્છા કરે છે તે કદાપિ સુખને મેળવતો નથી. કારણ કે તેની ઉન્મત્ત ચેષ્ટા છે.

પ્રારબ્ધ કાંઈ અન્ય નથી પણ પોતાનું કરેલું જ પોતાને પ્રાપ્ત થાય છે. પૂર્વનાં સંસ્કારો બળવાન હોય તો તેનો જય થાય છે અને જો વિદ્યમાન પુરુષાર્થ બળવાન હોય તો પૂર્વ સંસ્કારને જીતી લે છે. જે બેમાંથી બળવાન છે તેનો જય થાય છે કારણ બન્નો કર્મ જીવનાં જ છે. જો જીવ સત્સંગ કરે છે છતાં તેની દૃષ્ટિ સંસાર તરફ રહે છે તો સમજવું જોઈએ કે પૂર્વનાં સંસ્કાર બળવાન છે તેથી સ્થિરતાને પ્રાપ્ત કરી શકતો નથી પરંતુ એમ જાણીને પુરુષાર્થને ત્યજી દેવો નહિ. પૂર્વનાં સંસ્કાર અન્યથા થતા નથી પરંતુ સત્સંગ અને સત્ શસ્ત્રનો દૃઢતાથી અભ્યાસ કરવાથી પૂર્વ સંસ્કારને જીતી શકાય છે એટલે કે પૂર્વનાં સંસ્કારોને હઠાવી પુરુષાર્થ દ્વારા સ્થાયી ભાવને મેળવે છે. પુરુષાર્થથી શું સિદ્ધ થાય? જ્ઞાનવંત સંતપુરુષો અને સત્શાસ્ત્રનાં વાક્ય અનુસારે ઉદ્યમ કરવો તેનું નામ પુરુષાર્થ છે. તે પુરુષાર્થ વડે

કરીને પામવા યોગ્ય એવો આત્મા છે. જેનાં વડે સંસારનો પાર પમાય છે. જે કાંઈ સિદ્ધ થાય છે તે પોતાનાં પુરુષાર્થ વડે જ સિદ્ધ થાય છે, પરંતુ કોઈ એમ માને કે પ્રારબ્ધથી સિદ્ધ કરી શકાય છે તો તે ભૂલ છે અને તે મનુષ્ય નથી પણ મનુષ્યરૂપમાં રહેલો ગર્દભ છે. સાધકનું મુખ્ય કર્તવ્ય એ છે કે શુભ આચારો ગ્રહણ કરી સત્સંગ કરે સત્‌શાસ્ત્રોને વાંચે વિચારે અને પોતાનાં ગુણદોષોને વિચારે એમ કરીને પોતાનામાં સંતોષ, ધૈર્ય, વૈરાગ્ય, વિચાર, અભ્યાસ આદિ ગુણોને વધારે અને વિપરિત દોષોનો ત્યાગ કરે, જ્યારે સાધક આવા પુરુષાર્થને અંગિકાર કરશે ત્યારે પરમ આનંદરૂપ આત્મતત્ત્વને પામશે.

અંધકારમાં પડેલા પદાર્થનું જેમ પ્રકાશ વિના જ્ઞાન થતું નથી તેમ પુરુષાર્થ વિના કાર્યસિદ્ધિ થતી નથી. જે પુરુષ પુરુષાર્થને ત્યજી દઈ ભાગ્યનો આશ્રિત થઈ કહે છે કે ભાગ્ય કરશે તે ખરુ, તે રેતીમાંથી તેલ કાઢવા માગે છે. રેતીમાંથી તેલ જેમ નીકળવાનું નથી તેમ ભાગ્યાધીનવાળાનું કલ્યાણ થવાનું નથી.

જેમ જે ઘટ છે તે ઘટ જ છે અને પટ છે તે પટ જ છે પણ જે ઘટ છે તે પટ નથી અને જે પટ છે તે ઘટ નથી તેમ આ પ્રમાણે નીતિ છે કે પોતાનાં પુરુષાર્થ વગર પરમપદની પ્રાપ્તિ થતી નથી.

સંતજનોની સંગત કરે અને સત્ શાસ્ત્રો પણ વાંચે વિચારે છે પરંતુ જે તેઓનાં અર્થ-તત્ત્વ માટે પુરુષાર્થ નથી કરતો તો તેનાથી કશી કાર્ય સિદ્ધિ થતી નથી.

અજ્ઞાની જીવોનો જન્મ કેવળ વ્યર્થ-નકામો જ છે, કેમ કે જ્યારે બાળક હોય છે ત્યારે મુર્ખતામાં લીન હોય છે, યુવાનીમાં કામ વાસનાના વિકારોને જ સેવે છે અને ઘડપણમાં શરીર ક્ષીણ થતા ઈન્દ્રિયો જરૂરી કામ કરી શકતી નથી. આ પ્રકારે ત્રણે અવસ્થા સત્પુરુષાર્થ કર્યા વિના ગુમાવી દે છે માટે મૂર્ખનું જીવન વ્યર્થ જાય છે અને જે પોતાનાં પુરુષાર્થને ત્યાગી ભાગ્યનાં ભરોંસે જ રહેનાર છે તે પણ પોતાના આત્માનો જ ઘાતક થાય છે તેથી સુખ પામતો નથી. તેથી કહેવાનું તાત્પર્ય એ જ કે પુરુષાર્થનો આશ્રય કરો, સત્સંગ તથા સત્ શાસ્ત્રરૂપી આદર્શ-દર્પણ વડે પોતાનાં ગુણ-દોષનો મુકાબલો કરો એટલે કે દોષોને જોઈને તે દોષોનો ત્યાગ કરો અને શાસ્ત્રનો જે સિદ્ધાંત છે તેનો અભ્યાસ કરો. જ્યારે દૃઢ અભ્યાસ કરશો ત્યારે તત્કાળ આનંદિત થશો.

જે પૂર્વનો કરેલો પુરુષાર્થ છે તે જ ભાગ્ય છે. જ્યારે આ જીવ સત્સંગ અને સત્ શાસ્ત્રને વિચારી પુરુષાર્થ કરે ત્યારે પૂર્વનાં સંસ્કારોને જીતી લે છે. જે પુરુષ ઈષ્ટ પદાર્થ પામવાનો શાસ્ત્ર દ્વારા યત્ન કરશે તો નિશ્ચયથી પોતાનાં પુરુષાર્થ વડે ફળ પામશે જ. પરંતુ તે

પુરુષાર્થ કર્યા સિવાય કશું ફળ પામવાનો નથી તથા કોઈ પામ્યો નથી અને કોઈ પામશે પણ નહીં:

એકત્ર ભાવે કરી પ્રયત્ન કરવાનું નામ પુરુષાર્થ છે. જેને માટે એકત્ર ભાવે યત્ન કરવામાં આવે તેની અવશ્ય પ્રાપ્તિ થાય છે.

સંતજન અને સત્‌શાસ્ત્રનાં વાક્યો કિંવા યુક્તિ સાથે યત્નો કરી આત્મપદનો અભ્યાસ કરી તેને પ્રાપ્ત કરવું તેનું જ નામ પુરુષાર્થ છે.

જેમ ક્ષેત્રમાં પરિપકવ થયેલા ધાન્યનો હિમ નાશ કરી નાખે છે તેમ પૂર્વનાં સંસ્કારોને પયત્ન વડે પુરુષ નાશ કરે છે.

શ્રેષ્ઠ પુરુષ તે જ છે કે જેણે સત્સંગ અને સત્‌ શાસ્ત્ર દ્વારા બુદ્ધિ તીક્ષ્ણ કરી સંસાર સમુદ્રને તરવા પુરુષાર્થ કરેલ છે.

જે સત્સંગ અને સત્‌ શાસ્ત્ર અનુસાર પુરુષાર્થ કરે છે તે ઉત્તમ પદવીને પામે છે. જેણે પુરુષાર્થ પ્રયત્ન કરેલ છે તેમને સર્વ સંપદાઓ આવી મળે છે તથા પરમ આનંદથી પૂર્ણ થાય છે. તે પુરુષ પોતાનાં પુરુષાર્થ દ્વારા સંસાર બંધનથી નીકળી જાય છે. જેમ કેશરીસિંહ પરાક્રમ વડે પાંજરામાંથી નીકળી જાય છે તેમ પુરુષાર્થથી સંસારનાં ગાઢ બંધનથી નીકળી જાય છે.

આ જીવને સંસારરૂપી વિષુચિકા (કોલેરા)નો રોગ લાગુ પડ્યો છે તેને દૂર કરવાનો ઉપાય એ છે કે સંતજન

અને સત્ શાસ્ત્રનાં અર્થ વિષે મજબુત ભાવના રાખવી તથા જે સંત કે શાસ્ત્રવાક્ય શ્રવણ કર્યું હોય તેનો વારંવાર અભ્યાસ કરવો અને અન્ય સર્વ સંકલ્પ-વિકલ્પનો ત્યાગ કરી એકાંતમાં રહીને તેનું ચિંતવન કરવું તો પરમપદની અવશ્ય પ્રાપ્તિ થશે અને દ્વૈત-ભ્રમ નિવૃત થઈ જશે તથા અદ્વૈતરૂપ પ્રકટ થશે. તેનું જ નામ પુરુષાર્થી છે.

શુદ્ધ ચૈતન્ય જે પોતે જાતે છે અને વાસ્તવિક સ્વરૂપ છે તેનાં આશ્રયે જે ચિત્ત સંવેદન સ્ફુર્તિ છે તે જો અહમ્-મમ્ સંવેદન થઈને સ્ફુરવા લાગે છે ત્યારપછી ઇન્દ્રિયો સ્ફુરાયમાન થાય છે. જ્યારે એ સ્ફુરાયમાન થવું સંત અને શાસ્ત્ર વાકયાનુસારે હોય ત્યારે તે પુરુષ પરમ શુદ્ધતાને પામે છે, પરંતુ જો સંત અને શાસ્ત્રનાં વાક્યો અનુસારે ન હોય તો વાસનાને અનુસારે ભાવ અભાવરૂપ જે ભ્રમજાળ છે તેમાં ફસાઈ ઘંટીયંત્રની માફક ફર્યા જ કરે છે અને કોઈ વખતે પણ શાંતિ પામતો નથી.

પુરુષ માત્રનું કર્તવ્ય એ જ છે કે સત્ શાસ્ત્ર અને સંતજનોનો સમાગમ કરી પોતાની બુદ્ધિને તીક્ષ્ણ કરવી અને શુભ-સારા ગુણોને પુષ્ટી આપવી એટલે કે દયા, ધીરજ, સંતોષ અને વૈરાગ્યનાં અભ્યાસ વડે કરીને બુદ્ધિને નિર્મળ તથા તીક્ષ્ણ કરવી અને તે તીક્ષ્ણ-

બુદ્ધિ વડે ઉપરના કહેલા ગુણોને પુષ્ટ કરવામાં પુષ્ટિ આપવી. ગુણોએ કરીને બુદ્ધિ પુષ્ટ થાય છે અને પુષ્ટ બુદ્ધિએ કરીને ગુણો પુષ્ટ થાય છે એમ અન્યો અન્ય સબંધ ધરાવે છે.

સંત એટલે જ્ઞાનવંત પુરુષ અને સત્ શાસ્ત્ર એટલે બ્રહ્મવિદ્યા તે બન્નેનાં વાક્યાનુસારે સંવેદન અને મન ઈન્દ્રિયોનું વિચારવું અથવા સંત, શાસ્ત્ર વાક્ય પ્રમાણે ધર્મ કરણી કરવી અને મન ઈંન્દ્રિયોનો નિગ્રહ કરવો તે વિશેની જ નિરંતર વિચારણા ચલાવવી અને એ સંત, શાસ્ત્ર વાક્યોથી પ્રતિકૂળ ક્રિયા હોય તેનાંથી મન-ઈન્દ્રિયોને વારી રાખવી તો તે કરણ વડે તમોને સંસારમાં રાગ દ્વેષ સ્પર્શ કરી શકશે નહીં અને જેમ જળમાં કમળ નિર્લેપ રહે છે તેમ સર્વથી લેપ રહિત રહેશો.

જે પુરુષનાં સંગથી શાંતિ પ્રાપ્ત થાય તેવા પુરુષની સારી રીતે સેવા કરવી કેમકે તેવા સંત પુરુષોનો મહાન ઉપકાર છે કે તેઓ સંસાર સમુદ્રમાં બુડતાને ઉગારી લે છે. સંતજનો મહાન ઉપકારી છે અને સત્ શાસ્ત્રો પણ તેવાં જ છે. કેમ કે સંતજનોનો સમાગમ અને સત્ શાસ્ત્રોનાં વાક્યોનો વિચાર કરવાથી અનિત્ય સંસારથી ચિત્ત વિરક્ત બને છે માટે તે જ મોક્ષનાં ઉપાય છે તેથી અન્ય સર્વ કલ્પનાઓનો ત્યાગ કરી પોતાનાં પુરુષાર્થને અંગીકાર કરશો ત્યારે જન્મ મરણનાં ભયથી નિવૃત્ત થઈ જશો.

પરમાર્થની પ્રાપ્તિ પુરુષાર્થ કર્યા વિના સિદ્ધ થતી નથી માટે ભાગ્યનો ભરોસો ત્યજીને સંત અને સત્‌-શાસ્ત્રનાં વચનાનુસાર યત્ન આદરશો તો સર્વ દુઃખથી મુક્ત થઈ પરમપદ મોક્ષને પામશો.

ભાગ્યનું કર્યું કશું કાર્ય થતું નથી, તેમ જો ભાગ્ય જ કાર્ય કરનાર હોત તો ગુરુ અને શાસ્ત્રનો ઉપદેશ હોત જ નહિ. પરંતુ સત્‌શાસ્ત્ર અને ગુરુનાં ઉપદેશ વડે કરીને પુરુષાર્થ દ્વારા જીવોને મનોરથ સિદ્ધિ પ્રાપ્ત થાય છે માટે ભાગ્યથી કાંઈ પણ કાર્ય થાય છે તે વાત તદ્દન ખોટી છે તેથી ભાગ્ય શબ્દ જ નકામો છે, માટે ભાગ્યની ભ્રમણાને ત્યજીને ગુરુ સંત અને શાસ્ત્રનાં વાક્યોનાં અનુસારે પુરુષાર્થ કરે તો જ દુઃખથી મુક્ત થાય છે.

સુખ અથવા દુઃખ કર્મને કારણે થાય છે. આ જીવ જો પાપની વાસના કરે છે તથા શાસ્ત્ર વિરુદ્ધ કરણી કરે છે તો તે પૂર્વ કર્મનાં ઉદયથી કરે છે. જીવે જો પૂર્વે પુણ્ય કર્મ કર્યાં હોત તો આ જીવ અત્યારે શુભ કર્મમાં પ્રવૃત્તિ કરતો હોત.

જે કાંઈ આ જીવને પૂર્વની વાસના દૃઢ થઈ રહેલ છે તેનાં અનુસારે વિચરવું થાય છે પરંતુ જે શ્રેષ્ઠ ઉત્તમ પુરુષો છે તે તો પુરુષાર્થ વડે કરીને પૂર્વનાં મલિન સંસ્કારોને શુદ્ધ કરે છે. તેનો મેલ–પાપ દૂર થઈ જાય

છે માટે જો સત્‌શાસ્ત્ર અને શુદ્ધ જ્ઞાનનાં વાકયાનુસારે દૃઢ પુરુષાર્થ કરો તો મલિન વાસના જતી રહેશે.

જો પોતાનું ચિત્ત વિષયની વાસનાઓ તરફ દોડયા કરતું હોય અથવા શાસ્ત્ર વિરુદ્ધ માર્ગમાં વિચરવા ઉત્સુક બને તો જાણવું કે પૂર્વનાં મલિન કર્મોની પ્રબળતા છે અને જો પોતાનું મન શાસ્ત્ર અને સંતજનોના વચનાનુસારે ચેષ્ટા કરે અને સંસાર માર્ગથી વિરક્ત થાય તો જાણવું કે પૂર્વનાં શુભ કર્મોની પ્રબળતા છે.

ખાસ કર્તવ્ય કર્મ એ છે કે પ્રથમ તો પાંચે ઈન્દ્રિયોને વશ કરવી તથા તે ઈન્દ્રિયોને શાસ્ત્ર વાકયાનુસાર વરતાવવી, શુભ વાસનાઓને મજબૂત કરવી, અશુભ વાસનાઓને ત્યજી દેવી. જો કે શુભ અને અશુભ એ બન્ને વાસનાઓ ત્યજવા યોગ્ય તો છે જ પરંતુ પ્રથમ વાસનાને એકઠી કરી અશુભને ત્યજી દેવી, જ્યારે અંતઃકરણ શુદ્ધ થાય છે ત્યારે હૃદયમાં સત્‌સંગ અને સત્‌શાસ્ત્રનાં કથનાનુસારે જે સિદ્ધાંત છે તેનો વિચાર ઉત્પન્ન થશે અને તે જ્ઞાનદ્વારા તમોને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થશે. ત્યાર પછી ક્રિયા અને જ્ઞાનનો ત્યાગ થઈ જશે અને કેવળ શુદ્ધ અદ્વૈતરૂપ પોતાની મેળે જ ભાસશે.

આ મન સંસારના ભોગ તરફ દોડે છે તે ભોગરૂપી ખાડામાં ચિત્તને પડવા ન દ્યો અને ભોગને વિરસ જાણી ત્યજી દેશો તો તે ત્યાગ તમારો પરમ મિત્ર થશે

તેમ ત્યાગ પણ એવો કરો કે ફરીથી ભોગને ગ્રહણ જ ન કરે. આ મોક્ષનો સાક્ષાત ઉપાય છે તેનું એકાગ્ર ચિત્ત વડે શ્રમણ અને મનન કરવાથી પરમ આનંદની પ્રાપ્તિ થશે. આ માર્ગે ચાલતા પહેલા શમ, દમ ને સિદ્ધ કરો. એટલે કે સંપૂર્ણ સંસારની વાસના ત્યજી તૃપ્ત રહેવું તે શમ છે અને દમ એટલે પાંચે ઈન્દ્રિયોનાં વિષયોનું દમન કરવું. જ્યારે શમ-દમ ધારણ કરશો ત્યારે પરમ તત્ત્વનો વિવેક તમારામાં ઉત્પન્ન થશે અને તે વિવેક દ્વારા પરમપદની પ્રાપ્તિ થશે અને આધિ, વ્યાધિ, ઉપાધિરૂપ ત્રિવિધતાપથી છૂટકારો થશે. અવિનાશી સુખ મેળવવા માટે આ મોક્ષનો ઉપાય આદરો.

"આ સંસાર અસાર છે, મોહ મમતા કરવી કેવળ નકામી છે, મરવું એ છેવટ ખરું છે ! દુનિયામાં આવી જેણે દાન-પુણ્ય વિગેરે સુકૃત કર્યા તે જ જીવ સાથે જાય છે બાકી સૌ સ્વાર્થનાં સગા છે-કોઈ કોઈનું સંગી નથી "એવો વૈરાગ્ય ક્ષણવાર સુધી તો સર્વ કોઈને રહે છે પરંતુ જે શ્રેષ્ઠ પુરુષો છે તે એવો વૈરાગ્ય ઉત્પન્ન થયા પછી પુન:તેનો લય થવા દેતા નથી પણ દૃઢ વૈરાગ્યવંત બને છે.

આ સંસાર મહા અનર્થનું મૂળ છે. જે પુરુષે પુરુષાર્થ કરી એ સંસાર બંધનને તોડી નાખેલ નથી તેને રાગ-દ્વૈષ રૂપી અગ્નિ બાળે છે અને જે પુરુષાર્ત કરી શાસ્ત્ર તથા ગુરુ-સંતનાં વાકચોને પ્રમાણ કરી જ્ઞાન

સાધેલ છે તે આત્મપદને પ્રાપ્ત કરે છે. તેમને ત્રિવિધ તાપ બાળી શકતા નથી.

ઉત્તત્ત પુરુષો તે જ છે કે જેમનૈ સંસાર અળખામણો લાગે છે અને કેવળ આત્મતત્ત્વની ઈચ્છા કરી તે પરાયણ થયા છે તથા બ્રહ્મવિદ્યાનાં અધિકારી પણ તેઓ જ છે.

જેમ ઉજળા વસ્ત્રમાં કેસરનો રંગ તરત ચઢે છે તેમ નિર્મળ ચિત્તમાં ઉપદેશનો રંગ ત્વરાએ લાગે છે

ગુરુ અને શિષ્ય બન્ને ઉત્તમ હોય ત્યારે વચનો શોભાને પામે છે. જો શિષ્યને ગુરુનાં વચન ઉપર વિશ્વાસ હોય તો તે ગુરુ-શિષ્યનું જલ્દી કલ્યાણ થાય છે.

પ્રથમ જે અસત્ય બુદ્ધિ છે તેનો સંગ છોડી દો તથા મોક્ષદ્વારનાં જે ચાર દ્વારપાળ છે તેનાથી મિત્ર-ભાવના કરો. શમ, સંતોષ, વિચાર અને સત્સંગ એ ચાર દ્વારપાળ છે. જે પુરુષે એ ચાર સાથે મિત્રતા કરી છે તેને જલ્દીથી મોક્ષરૂપી દ્વારમાં દાખલ કરી દે છે. એ ચાર પૈકી એકને પણ વશ કરવામાં આવે તો પણ એક એકની પાછળ એ ચારે વશ થઈ જશે. કેમકે એ ચારેને પરસ્પર સ્નેહ છે તેથી જ્યાં એક જાય છે ત્યાં ચારેને જવું પડે જ છે અને જેણે તેઓની સાથે સ્નેહ કર્યો છે તે સુખી થયા છે તે સિવાયનાં દુ:ખી થયા છે અને થાય છે.

સત્સંગ અને સત્‌શાસ્ત્ર દ્વારા બુદ્ધિને તિક્ષણ કરવાથી આત્મતત્ત્વમાં જલ્દી પ્રવેશ કરે છે તેમજ ઉત્તમ પુરુષ તે જ છે કે જે સંસારને રસરહિત જાણી ત્યજી દે છે અને સંત અને સત્‌શાસ્ત્રનાં વાક્યાનુસારે વર્તે છે તે આત્મપદને પામવાનો યત્ન કરે છે અને તે જ અવિનાશી પદને પ્રાપ્ત કરે છે. જે એ સંસાર ત્યાગ કરી વેષધારી બની સંસારની તરફ વળગી રહ્યા છે તે જ્ઞાનરહિત મનુષ્ય આત્મમાર્ગથી પડીને જડરૂપ થઈ રહે છે.

આત્મપદનાં સાક્ષાત્કારમાં વિશેષે કરી તો આશા એ જ તેનું ઢાંકણ–આવરણ છે જ્યારે આશારૂપી આવરણ દૂર થઈ જાય છે ત્યારે આત્મપદનું સાક્ષાત્ સ્વરૂપ દૃષ્ટિગોચર થાય છે. આશાનો દૂર કરવાનો સર્વોત્તમ ચમત્કાર ભરેલો ઉપાય તે સંતની સંગતી અને સત્‌શાસ્ત્રનું વિચારવું એ જ છે.

જ્યારે સત્સંગ અને સત્‌શાસ્ત્ર વડે તીક્ષ્ણ બુદ્ધિ થાય ત્યારે સંસારરૂપી ભ્રમનું ઝાડ નાશ પામે છે.

જ્યારે ગુણ રૂપી પવન વડે કરી ઈચ્છા રૂપી મેઘઘટા વિલય થાય છે ત્યારે આત્મજ્ઞાનરૂપી ચંદ્ર જ્યોત્સ્ના સાક્ષાત પ્રકાશે છે.

સત્સંગ–શાસ્ત્ર દ્વારાએ જેઓ આત્મપદ પામેલ છે તે સુખી થાય છે એટલું જ નહિ પણ ફરીને તેમને જન્મ-મરણનું દુઃખ રહેવા પામતું નથી. કેમકે જે દુઃખ

દેહાભિમાન વડે થાય છે તે દેહાભિમાન તો તેઓએ ત્યજી દીધેલું છે. તેમજ જેણે દેહનું અભિમાન ત્યાગ કરેલ છે અને દેહનું આત્મતા વડે કરીને પુનઃગ્રહણ કરતો નથી તેથી તે સુખી રહે છે. જેણે આત્મબળ ધારણ કરી વિચાર દ્વારા આત્મપદને પ્રાપ્ત કરેલ છે તે અકૃત્રિમ—નૈસર્ગિક આનંદ વડે કરી નિરંતર પૂર્ણ છે અને સર્વ જગત આનંદરૂપ ભાસે છે.

જીવ જે પદાર્થને રમણિય જાણે છે તે પદાર્થો તો ચક્રની જેમ ચંચળ છે કોઈ વખતે પણ સ્થિર રહેતા નથી. જે સન્માર્ગને છોડી દઈ એ પદાર્થોની ઈચ્છા કરે છે તે મહાદુઃખી થાય છે અને જે પુરુષોએ સંસારને રસ-રહિત—નિઃસત્ત્વ જાણેલ છે અને પુરુષાર્થને દૃઢતાથી ગ્રહી રાખેલ છે તે અવશ્ય આત્મપદને પ્રાપ્ત કરે છે.

જ્ઞાનવાનમાં વિવિધ પ્રકારની ચેષ્ટાઓ પણ નજરે પડે છે તો પણ સદા શાંતરૂપ છે અને સંસારનાં દુઃખો તેને સ્પર્શ કરી શકતા નથી કેમકે તેમણે જ્ઞાનરૂપી કવચ-બખ્તર પરિધાન કરેલ છે.

જ્ઞાનવાનને દુઃખનો અનુભવ થાય છે પરંતુ દુઃખથી આકુળ થતા નથી. જ્ઞાનરૂપી કવચને લીધે દુઃખાતુર બનતા નથી તેમને કોઈ દુઃખ સ્પર્શી શકતા નથી. આનંદરૂપ રહે છે.

અજ્ઞાનરૂપી મેઘ છે તેના વડે કરીને મોહરૂપી ઈંદ્ર-જવનું ઝાડ ઉત્પન્ન થાય છે તે જ્ઞાનરૂપી શરદ ઋતુને

લીધે નાશ પામે છે તેથી સ્વસત્તાને પ્રાપ્ત થાય છે અને સદાકાળ આનંદ વડે પૂર્ણ રહે છે.

બુદ્ધિરૂપી રથવાહી છે તે રથમાં એ પુરુષ બેઠેલ છે અને જ્ઞાનવાનને ઈન્દ્રિયરૂપી અશ્વ છે તે એવા છે કે જ્યાં જાય છે ત્યાં આનંદરૂપ છે અને કોઈ સ્થાને ખેદ પામતા નથી. સર્વદા આનંદ વડે તૃપ્ત રહે છે.

શમ :

આત્મદૃષ્ટિનાં આશ્રય વડે હૃદય પુષ્ટ થાય તો સંસારમાંના ઈષ્ટ અને અનિષ્ટ પણાથી તે સાધક ચલાયમાન થતો નથી. જેને આ પ્રમાણે આત્મપદની પ્રાપ્તિ થઈ છે તે પરમ આનંદવંત થયા છે. ઉપાધિથી રહિત અમૃતથી પૂર્ણ રહેલા છે. તેઓ વિવિધ પ્રકારની ચેષ્ટા કરતા નજરે ચડે છે પણ તેઓ કાંઈ જ કરતા નથી કારણ અંતરથી ઉદાસીન હોય છે. તેઓની જ્યાં જ્યાં વૃત્તિ જાય છે ત્યાં ત્યાં આત્મસત્તા ભાસે છે અને આત્માનંદ વડે કરીને પૂર્ણ રહે છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિ વાળાને સર્વ દુ:ખોનો નાશ થઈ જાય છે.

અજ્ઞાનરૂપી તિમિરરોગને ટાળવા માટે જ્ઞાનરૂપી અંજનશલાકાની જરૂર પડે છે જેમ અંધકારને સૂર્ય નાશ કરે છે તેમ સત્‌શાસ્ત્રનો વિચાર અજ્ઞાનનો નાશ કરે છે.

પ્રથમ ગુરુ જ્ઞાનવાન હોય તથા તે ગુરુ જે શાસ્ત્રનો ઉપદેશ કરે અને તેના વડે પોતે અનુભવજ્ઞાન પ્રાપ્ત

કરે એટલે કે ગુરુ, સત્શાસ્ત્ર અને સ્વાનુભવ એ ત્રણેનો સંયોગ બને ત્યારે તેનું કલ્યાણ થાય છે. જેણે સંત અને શાસ્ત્રનાં વિચાર દ્વારા દૃષ્યાદૃષ્ય જાણેલ છે અને ભયરહિત થયા છે તે ઉત્તમ પુરુષ છે.

આત્માનો પ્રમાદ જ જીવને દીન કરે છે.

અજ્ઞાનીનું હૃદયરૂપી કમળ જ્યાં સુધી તૃષ્ણારૂપી રાત્રી હોય છે ત્યાં સુધી સંકોચાયેલું રહે છે પરંતુ જેવો જ્ઞાનરૂપી સૂર્ય પ્રકાશમાન થાય કે તરત તૃષ્ણારૂપી રાત્રિ નષ્ટ થઈ જાય છે.

જે સાધકો પરમાર્થ પથને તજીને સંસારનાં ખાન-પાન આદિ ભોગોમાં મગ્ન રહે છે તેઓને દેડકાની સમાન જાણવા. જેમ કાદવમાં પડેલું દેડકું મોજથી શબ્દ કરે છે તેમ તે પણ સંસારરૂપી કાદવમાં પડ્યો મોજમાં મસ્ત બને છે.

આ સંસાર મહા આપત્તિઓનો સમૂહ છે તેમાં જે ઉત્તમ પુરુષો છે તે સત્સંગ અને શાસ્ત્રનાં વિચાર વડે કરીને પાર ઉતરે છે અને પરમ આનંદને પામીને નિર્ભયપદને મેળવે છે.

આ સંસાર અવિચારનાં પ્રબળપણાથી ભાસે છે અને તે જ સંસાર અવિચારનાં લયપણાથી (નાશ-થવાથી) લય થઈ જાય છે. જેમ દીવો હાથમાં હોયઅને અંધારા કુવામાં પડે તો તે મૂર્ખ છે તેમ સંસારની

ભ્રાંતિને દૂર કરનાર ગુરુ વિદ્યમાન છતાં તેમને શરણે જાય નહિ તે મહામૂર્ખ છે. જે પુરુષો સંતજનોની સંગત અને સુવિચારણા દ્વારા આત્મપદને પામેલ છે તે પુરુષ કેવળ કૈવલ્યભાવને પ્રાપ્ત થાય છે એટલે કે શુદ્ધ ચૈતન્યને મેળવે છે અને સંસારનાં ભ્રમથી નિવૃત્ત થઈ ગયા છે.

## સંતોષ–સમતા

કલ્યાણ થવા માટે મનને જીતવું જરૂરી છે તો જ સંસારસમુદ્રથી પાર ઉત્તરાય છે. જેને જ્ઞાનીઓ પરમપદ કહે છે અને જેને રસાયણ કહે છે તે મળવાથી જીવ અમર થઈ પૂર્ણાનંદને પામે છે પણ તે મેળવવાનું સાધન સમતા અને સંતોષ છે તેને હાથવગા રાખવાથી જ્ઞાન ઉત્પન્ન થાય છે.

જે પુરુષ મોક્ષ ઉપાયને જે દિવસથી જાણે છે તે દિવસથી મોક્ષનો ભોગી થાય છે.

જેને શમની પ્રાપ્તિ થઈ છે તેને ઉદ્‌વેગ થતો નથી કારણ કે તેની પ્રિયા અમૃતસમાન હોય છે અને તેનાં વચનો શીતળ અમૃતસમાન સર્વનાં હ્રદયને આરામ આપનાર હોય છે. શમવાન પુરુષને કોઈ પણ પ્રકારનાં અસહ્ય સંકટો આવી પડે તો પણ ચલાયમાન થતો નથી. સદ્‌ગુણ અને સંપદાથી ભરપુર રહે છે. જેણે શમની પ્રાપ્તિ કરી છે તે સર્વ ક્રિયામાં આનંદરૂપ જ છે તેને કોઈ પણ પ્રકારનું દુ:ખ સ્પર્શ કરી શકતું નથી. આવા પુરુષને શબ્દ, રૂપ, રસ, સ્પર્શ અને ગંધ એ ઈન્દ્રિયોનાં

વિષયો ઈષ્ટ કે અનિષ્ટ થવાથી પણ રાગ દ્વેષ થતો નથી. આવા પુરુષને શુભ-અશુભપણાથી મલિનપણું પ્રાપ્ત થતું નથી. આવા પુરુષો વિવિધ ચેષ્ટા કરતા નિરંતર દૃષ્ટિગોચર થાય છે છતાં તેઓ નિર્લેપ જ હોય છે.

જેઓ શાંતિથી રહિત છે તેનું ચિત્ત ક્ષણે ક્ષણે રાગદ્વેષ વડે તપતું જ રહે છે, જ્યારે જેને શાંતિ પ્રાપ્ત થઈ છે તે અંતર અને બાહ્યથી શીતળ જ છે. પુરુષાર્થ શાંતિ મેળવવા માટે જ કરવાનો છે.

## વિચાર—

જ્યારે હૃદય શુદ્ધ થાય છે ત્યારે વિચાર ઉત્પન્ન થાય છે અને શાસ્ત્રાર્થનાં વિચારથી બુદ્ધિ તીક્ષ્ણ થાય છે. અજ્ઞાનરૂપી જે વન છે તેમાં આપદારૂપી વેલની ઉત્પતી થાય છે તેને જ્યારે વિચારરૂપી ખડગથી કાપી નાખવામાં આવશે ત્યારે શાંતાત્મા થવાશે. જે મોહરૂપી હાથી છે તે જીવનાં હૃદયરૂપી કમળનાં કકડે કકડા કરી નાખે છે એટલે કે ઈષ્ટ-અનિષ્ટ પદાર્થોમાં મોહ પામી રાગ-દ્વેષ વડે પીડા પામે છે. જ્યારે વિચારરૂપી સિંહ પ્રગટે ત્યારે મોહરૂપી હાથીને હણીને શાંતાત્મા બને છે.

જે પુરુષને કાંઈ પણ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે તે વિચાર અને પુરુષાર્થ વડે જ પ્રાપ્ત થઈ છે.

ઈન્દ્રિયોનું જીતવું તે બળ, આત્મ વ્યાપિની તે બુદ્ધિ અને તે જ પદાર્થોનું આગમન અને પ્રાપ્તિ વિચાર વડે જ થાય છે. જે પુરુષે વિચારનો આશ્રય

લીધો છે તે વિચારની દૃઢતા કરી જેની વાંચ્છા કરે છે તેને પ્રાપ્ત કરે છે તેથી વિચાર એ જીવનો પરમ મિત્ર છે. જે વિચારવાન પુરુષ છે તે આપદામાં મગ્ન થતા નથી. જેમ તુંબડું પાણીમાં ડૂબતું નથી તેમ વિચારવાન પુરુષ પણ આપદામાં ડૂબતા નથી. જે પુરુષો વિચારયુક્ત ક્રિયા કરે છે તે સર્વ ક્રિયા સિદ્ધતાનાં કારણરૂપ થાય છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે વિચારની દૃઢતાએ કરીને સિદ્ધ થાય છે. વિચારરૂપી કલ્પવૃક્ષ છે, તેમાં જેનો અભ્યાસ હોય છે. તે જ પદાર્થની સિદ્ધિને પામે છે.

શુદ્ધ બ્રહ્મનો વિચાર ગ્રહણ કરી આત્મજ્ઞાનને પ્રાપ્ત કરો. જેમ દીવા વડે પદાર્થનું જ્ઞાન પ્રાપ્ત થાય છે તેમ પુરુષને સત્યાસત્યનું જ્ઞાન વિચાર વડે થાય છે જેણે અસત્યતાને ત્યજી દઈ સત્યની તરફ યત્ન કર્યું છે તેને વિચારવંત કહે છે.

અવિચારરૂપી કાંટાવાળું વૃક્ષ છે તેમાં દુ:ખરૂપી કાંટા જ ઉત્પન્ન થાય છે. અવિચાર રૂપી રાત્રિ છે તેમાં તૃષ્ણારૂપી પિશાચિની આવીને વિચરે છે. જ્યારે વિચારરૂપી સૂર્યનો ઉદય થાય છે ત્યારે અવિચાર રૂપી રાત્રિ અને તૃષ્ણારૂપી પિશાચિની નાશ પામે છે.

અવિચારનાં પ્રબળપણાથી સંસારનાં દુ:ખ આવે છે પણ સત્શાસ્ત્રનો યુક્તિ વડે વિચાર કરવાથી સંસારનો ભવ નાશ પામે છે.

જ્યાં આત્મવિચાર હોય છે ત્યાં સુખનો દેનાર શુભગુણો સ્વયંપણે આવી નિવાસ કરે છે.

શાસ્ત્રનાં સારરૂપ જે ક્રિયા છે તે ન થઈ શકે તેનું જ નામ અવિચાર છે. એવા અવિચારરૂપી ઉધઈનાં સૂકા વૃક્ષથી સુખરૂપી ફળ કદાપિ મળી શકે જ નહીં.

વિચારવંત પુરુષને ઈષ્ટ અને અનિષ્ટ એ બન્ને સરખા છે, જેમ તરંગો થવામાં અને તરંગો શમાવામાં સમુદ્ર સમાન રહે છે તેમ ઈષ્ટ–અનિષ્ટ પદાર્થોમાં વિવેકી પુરુષ સમભાવે વર્તે છે તથા સંસારની ભ્રમણા મટી જાય છે અને આધાર–આધેયથી રહિત કેવળ અદ્વૈતતત્ત્વ તેને પ્રાપ્ત થાય છે.

આ જગત પોતાનાં મનનાં મોહ વડે કરીને ઉત્પન્ન થાય છે અને અવિચારનાં વડે દુઃખદાયી દેખાય છે. જ્યારે બ્રહ્મવિચારની પ્રાપ્તિ થાય છે ત્યારે જગત્‌નો ભ્રમ નાશ પામે છે.

જેના હૃદયમાં વિચાર હોય છે ત્યાં સમતાની ઉત્પત્તિ થાય છે જેમ બીજ હોય તો ફણગો ફૂટે છે તેમ વિચારરૂપી બીજ હોય તો જ સમતાનો અંકુર પ્રગટ થાય છે.

જેને વિચારની પ્રાપ્તિ થઈ છે તેનાં મુખની ક્રાંતિ પણ ઉજ્વળ થઈ જાય છે. જેમ પૂર્ણિમાના ચંદ્રની ક્રાંતિ ઉજ્જવળ હોય છે તેમ વિચારવાન પુરુષનાં મુખની ક્રાંતિ સૌમ્ય–શીતળ સતેજ થઈ જાય છે. વિચાર વડે કરીને આ

જીવનો પરમપદની પ્રાપ્તિ થાય છે અને જેના વડે અર્થ સિદ્ધિ થાય તેનું જ નામ વિચાર છે.

ઈચ્છારૂપી રોગ છે તે સુવિચાર રૂપી ઔષધ વડે નિવૃત્ત (નાશ) થાય છે. જે પુરુષે આ વિચાર દ્વારા પુરુષાર્થ સત્તાનો આશ્રય લીધેલ છે તે પરમશાંત બને છે. તે સર્વ દૃશ્ય પદાર્થને સાક્ષીભૂત થઈને જુએ છે તથા સંસારનાં ચડતી-પડતીનાં સમયમાં જેમના તેમ એક રસરૂપ રહે છે. જેમ સમુદ્ર પાણીએ કરીને પૂર્ણ છે તેમ વિચારવાન આત્મતત્ત્વે કરીને પર્ણ છે. જેમ આંધળો પુરુષ કુવાને વિષે પડેલો હોય અને હાથનાં બળ વડે કરી જેમ બહાર નીકળે છે તેમ સંસારરૂપી અંધારા કુવામાં પડેલ વિચારનાં અવલંબનથી બહાર નીકળવા વિચારવંત પુરુષ હિમ્મતવાન બને છે.

ગુરુ અને શાસ્ત્રનાં વાકયોથી વિચારવંત પુરુષ આત્મપદની પ્રાપ્તિ કરી શકે છે પણ વિચારશૂન્ય પુરૂષને આત્મપદની પ્રાપ્તિ થતી નથી. જે વિચારરૂપી નેત્રથી રહિત છે તે અંધ છે તેમ સમજવું.

વિચારરૂપી દિવ્ય દૃષ્ટિ જેને પ્રાપ્ત થઈ છે તેને સમસ્ત પદાર્થોનું જ્ઞાન થાય છે તથા વિચારથી જ આત્મપદની પ્રાપ્તિ થાય છે અને તેની પ્રાપ્તિ થવાથી પરિપૂર્ણ થાય છે એટલું જ નહિ પણ પુનઃ શુભ-અશુભ સંસારમાં ચલાયમાન થતા નથી પણ જેમના તેમ એક રસરૂપ રહે છે. જયાં સુધી પ્રારબ્ધ હોય છે ત્યાં સુધી

શરીરની ચેષ્ટા કરે પણ પછી શરીરને ત્યજી કેવળ શુદ્ધ રૂપ થઈ જાય છે.

વિચારથી રહિત પુરુષ તે મહા કષ્ટ પામે છે તેથી એક પળવાર પણ વિચારથી રહિત રહેવું નહીં પણ વિચારથી દૃઢ થઈ નિર્ભય રહેવું. હું કોણ છું? અને દૃશ્ય શું છે? એવો વિચાર કરી સત્યરૂપ આત્માનાં જ્ઞાનવડે દૃશ્યનો ત્યાગ કરવો.

જ્યારે વિચાર થાય છે ત્યારે તેનાથી તત્ત્વજ્ઞાન થાય છે, તત્ત્વજ્ઞાનથી વિશ્રામ થાય છે, વિશ્રામથી ચિત્તનું ઉપશમ થાય છે અને ચિત્તનાં ઉપશમથી સર્વ દુ:ખ નાશ પામે છે.

સંતોષ—

જે પુરુષને સંતોષ પ્રાપ્ત થયેલ છે તે મહા આનંદ પામેલ છે અને તેને ત્રણે લોકનાં ઐશ્વર્ય તૃણની જેમ તુચ્છ લાગે છે. ઈષ્ટ–અનિષ્ટ પદાર્થમાં રાગ-દ્વેષ ન થાય તેનું જ નામ સંતોષ છે. એ જ પરમપદ છે. સંતોષવંત પુરુષ સદા આનંદરૂપ છે અને આત્મસ્થિતિથી તૃપ્ત થયેલ છે તેથી તેને અન્ય ઈચ્છા સ્ફુરાયમાન થતી નથી.

જેનું ચિત્ત સંતોષથી રહિત છે તેને જેમ સમુદ્રમાં વિવિધ પ્રકારનાં જળતરંગો ઉત્પન્ન થાય છે તેમ તેને અનેક પ્રકારની ઈચ્છાઓ ઉત્પન્ન થાય છે. અને જે સંતુષ્ટ આત્મા છે તે સર્વ પ્રકારથી પરમ આનંદમાં છે કેમ કે તેને જગતનાં પદાર્થોમાં હેય-ઉપદિય બુદ્ધિ થતી

નથી, જેવો આનંદ સંતોષવાનને થાય છે, તેવો આનંદ અષ્ટ સિદ્ધિનાં ઐશ્વર્ય વડે પણ થતો નથી. જે ઈચ્છારૂપી ધૂળ હંમેશા ઉડતી રહેતી હતી તે સંતોષ રૂપી મેઘધારાએ કરી શાંત થઈ ગયેલ છે અને તેથી સંતોષવાન નિરંતર શાંતિરૂપ છે અને સદૈવ નિર્મળ રહે છે.

જેમ પવનનો ઝપાટોં આવવાથી મેઘઘટા નષ્ટ થઈ જાય છે તેમ સંતોષનાં આવવાથી ઈચ્છા નાશ થઈ જાય છે- જે સંતોષવાન પુરુષ છે તેને દેવતા તથા ઋષિશ્વર નમસ્કાર કરે છે. જ્યારે એ સંતોષને ધારણ કરશો ત્યારે પરમ સુખ પામશો.

સત્સંગ :—

જે જે કાંઈ દાન તીર્થાદિ દેહ સાર્થકનાં સાધનો છે તેમનાં વડે કરીને આત્મપદની પ્રાપ્તિ થતી નથી, પરંતુ સત્ સંગ વડે કરીને અવશ્ય આત્મપદની પ્રાપ્તિ થાય છે. સત્ સંગ રૂપી એક કલ્પવૃક્ષ છે તેને આત્મ-જ્ઞાન રૂપી પુષ્પ છે જે પુરુષે તે ફુલની ઈચ્છા કરી છે તો તે અનુભવ રૂપી ફળને પ્રાપ્ત કરશે.

જે પુરુષ આનંદથી રહિત છે તે જો સંતનો સંગ કરે તો આત્માનંદથી પરિપૂર્ણ થાય છે તથા જે અજ્ઞાન વડે કરી મરણને શરણ થાય છે તે સંતના સમાગમથી જ્ઞાન પ્રાપ્ત કરી અમર થાય છે. સંત સમાગમ વડે આત્મબુદ્ધિ પ્રાપ્ત થાય છે તેથી કરીને મૃત્યુથી રહિત

થઈ જાય છે અને સર્વ દુ:ખરહિત થઈ પરમાનંદને પામે છે. જેઓ સમતાભાવમાં સ્થિત રહે છે તે સંત પારાવાર સંસાર સાગરને પાર જવા માટે સાક્ષાત પુલ સમાન છે અને આપદારૂપી વેલનું મૂળ સહિત નિકંદન કાઢનાર છે.

સંતજનો પ્રકાશરૂપ છે તેથી તેમની સંગત થવાથી સર્વ પદાર્થની પ્રાપ્તિ થાય છે માત્ર પોતાનાં પુરુષાર્થ રૂપી નેત્ર તેજથી હીન છે તેમને પદાર્થની પ્રાપ્તિ થતી નથી. જે પુરુષે સંત સમાગમને ત્યજી દીધો છે તે નરકરૂપી અગ્નિમાં લાકડાની માફક બળ્યા જ કરશે અને જેણે સંત-સમાગમ કર્યો છે તેમનાં નરકરૂપી અગ્નિને સમાવનાર સંત-સમાગમ મેઘની વૃષ્ટિ સમાન છે. જેણે તે સંત-સમાગમ રૂપી ગંગાજીમાં સ્નાન કર્યું છે. તેને જપ, તપ, દાનાદિ સાધનોનું શું પ્રયોજન છે? કેમ કે વિના સાધને પણ તે સત્‌સંગનાં બળથી પરમગતિને પ્રાપ્ત થશે તેથી અવર સર્વ ઉપાયને ત્યજી સત્‌સંગને શોધો. જેમ ધનરહિત મનુષ્ય ચિંતામણી–પારસ રસ કુપીકાદિ પદાર્થોને શોધ્યા કરે છે તેમ મુમુક્ષુએ સંત સમાગમનો શોધ કરવો. જે આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક તે ત્રણે તાપથી બળે છે તેને શીતળ કરનાર ફક્ત સત્-સંગ રૂપ અમૃત પ્રયોગ છે.

મોહ રૂપી વૃક્ષનો નાશ કરનાર સંત સમાગમરૂપી તીક્ષ્ણ કુહાડો છે. સત્ સંગ વડે કરીને પુરુષાર્થી પુરુષ

અવિનાશી પદને પ્રાપ્ત કરે છે. જે પદને પ્રાપ્ત કરવાથી અન્ય પદ પામવાની ઈચ્છા રહેતી નથી. એવું જે સર્વથી ઉત્તમ પદ પામવું હોય તો સંત-સમાગમ સર્વોત્તમ છે.

મોક્ષનાં જે ચાર દ્વારપાળો છે તેની સાથે જે પુરુષોએ પ્રીતિ બાંધી છે તે તુરત આત્મપદને પામશે અને જે પુરુષો તેની સેવના નહીં કરશે તે મોક્ષને પ્રાપ્ત કરી શકશે નહીં. એ ચારમાંથી એક પણ જેના અંગ સાથે સંબંધ ધરાવે તો ત્યાં બાકીનાં ત્રણ પણ આવી મળે છે. જ્યાં શમ આવી વાસ કરે છે ત્યાં સંતોષ, વિચાર અને સત્‌સંગ એ ત્રણે આવી વાસ કરે છે. તેમ જ જ્યાં સંત-સમાગમ વિદ્યમાન હોય છે ત્યાં સંતોષ, વિચાર અને શમ એ ત્રણે સ્વયંપણે આવી વસે છે. જ્યાં કલ્પવૃક્ષ હોય છે ત્યાં સર્વ પદાર્થો આવી વાસ કરે છે તેમ જ જ્યાં સંતોષ હોય ત્યાં શમ, વિચાર અને સત્‌સંગ એ ત્રણે આવી વસે છે. જેમ પૂનમનાં ચંદ્રમામાં ગુણ-કળા સર્વ એકઠી થઈ આવે છે તેમ જ્યાં સંતોષ આવે છે, ત્યાં અન્ય ત્રણે આવી રહે છે, અર્થાત્‌ એ ચારેને પરસ્પર નિકટનો સંસંધ છે તેથી જ્યાં એકે વાસ કર્યો ત્યાં બીજાઓને આવવું જ પડે છે. તેમ જ્યાં વિચાર આવી રહે છે ત્યાં સંતોષ, ઉપશમ અને સત્‌સંગ એ ત્રણેને નિવાસ કરવો જ પડે છે.

સર્વથી ઉત્કૃષ્ટ લાભ કર્તા સંતોષ છે. સર્વથી

ઉત્કૃષ્ટ ધન સત્ સંગ છે, સર્વથી ઉત્કૃષ્ટ જ્ઞાન વિચાર છે અને સર્વથી ઉત્કૃષ્ટ સુખ શમ-શમતા છે.

આ મનરૂપી હાથી વિચારરૂપી અંકુશ વડે કરીને વશ થાય છે. મનરૂપી વનમાં વાસનારૂપી નદી વહે છે તેના અશુભ અને શુભ એ બન્ને કિનારા છે. તે નદીમાંનાં અશુભ કિનારા તરફ જતા જળને પુરુષાર્થ કરી શુભ કિનારા તરફ વાળવુ એ જ પુરુષાર્થ છે. જ્યારે અંતર્મુખ આત્માના સન્મુખ પોતાની વૃત્તિનો પ્રવાહ થશે ત્યારે તમે પરમપદને પ્રાપ્ત થશો.

દૃશ્યની તરફ જે પ્રવાહ ચાલે છે તે જ બંધનનું કારણ છે પણ જ્યારે આત્માની તરફ અંતર્મુખ પ્રવાહ ચાલશે ત્યારે નિશ્ચયાત્મક જાણી લેવું કે મોક્ષનું કારણ થશે જ.

જેમ મલિન મણી ધોઈને સાફ કરવાથી ઉજવળ થાય છે તેવી જ રીતે વિચારના બળથી આત્મપદને પ્રાપ્ત કરી શકાય છે. અવિદ્યા વડે કરીને જગતની ઉત્પત્તિ થાય છે અને સમ્યગ્જ્ઞાન વડે કરીને જગતની નિવૃત્તિ થઈ જાય છે.

જ્યારે મનમાંથી ઇચ્છાનો નાશ થાય છે ત્યારે મનનું નિર્વાણ થઈ જાય છે. જેમ તેલ વિનાનો દીવો બુઝાઈ જાય છે, તેમ ઇચ્છાથી રહિત મન નિર્વાણ–શાંતિને પામે છે. જ્ઞાનવાન ઇચ્છાથી રહિત હોય છે. તે પુરુષ શરીરધારી છતાં અશરીરિ થઈ જાય છે અને અહમ્-

મમત્ત્વ આદિ અંધકારમય જગત્ તેને ભાસતું નથી. જેમ જેમ સૂર્યનો ઉદય થતો જાય તેમ તેમ અંધકાર નાશ પામતો જાય છે, તેમ આ શાસ્ત્રોનાં વચનોરૂપી સૂર્યોદયથી વિકાર અંધકારનો નાશ થાય છે. પરમપદની પ્રાપ્તિ થાય છે અને તે પદનાં પામવાથી સંસારનો ક્ષોભ મટી જાય છે. જ્ઞાની પુરુષને સંસારનાં રાગ-દ્વેષ વેધી શકતા નથી એટલે કે તેનો પરાભવ કરી શકતો નથી

જ્યારે સાધક સત્ સંગ વડે કરીને બુદ્ધિને શુદ્ધ કરે છે ત્યારે આત્મપદને પામવાને સમર્થ થાય છે. સત્સંગ એટલે જેની ચેષ્ટા શાસ્ત્રના અનુસારે થાય તેનો સંગ કરવો અને તેનાં ગુણોને હૃદય વિશે ધારણ કરવા. શમ, સંતોષ, આદિ ગુણોએ કરી જ્ઞાન ઉપજે છે અને આત્મજ્ઞાને કરી શમાદિક ગુણોએ કરી આવી સ્થિતિ થાય છે. જેમ કે તળાવથી કરીને મેઘની પુષ્ટિ થાય છે તેમ શમાદિક ગુણો પુષ્ટ થાય છે એમ વિચાર કરીને શમ, સંતોષ આદિ ગુણોનો વિચાર કરીને અભ્યાસ કરવો તો તુરત જ આત્મપદ પ્રાપ્ત થશે.

("યોગ વાસિષ્ઠ"ના આધારે)

□

# ૧૬. ભાવનાઓ

## મંગલાચરણ

નીરન્ધ્રે ભવકાનને પરિગલત્પઞ્ચાશ્રવામ્ભોધરે
નાનાકર્મલતાવિતાનગહને મોહાન્ધકારોદ્ધુરે ।
ભ્રાન્તાનામિહ દેહિનાં હિતકૃતે કારુણ્યપુણ્યાત્મભિ-
સ્તીર્થેશૈ: પ્રથિતાસ્સુધારસકિરો રમ્યા ગિર: પ્રાન્તુ વ: ॥૧॥

આ એક પ્રગાઢ ભવવન છે. તેમાં પાંચ આશ્રવોનાં વાદળાં નિરંતર વરસી રહ્યાં છે. તેમાં વિવિધ કર્મોની વેલડીઓ પથરાયેલી છે. અને તેમાં મોહનો પ્રગાઢ વ્યાપેલો છે. આવા ભવનમાં ભૂલા પડેલા જીવોના હિત માટે કરુણાસભર તીર્થંકર ભંગવંતોએ ઉપદેશેલી અમૃત-નીતરતી ભવ્યવાણી તમારી રક્ષા કરો ॥૧॥

સ્ફુરતિ ચેતસિ ભાવનયા વિના, ન વિદુષામપિ શાન્તસુધારસ: ।
ન ચ સુખં કૃશમપ્યમુના વિના, જગતિ મોહવિષાદવિષાકુલે ॥૨॥

ભલે તમે વિદ્વાન હો, શાસ્ત્રજ્ઞ હો, પરંતુ જો તમે શુભ ભાવનાઓમાં રમતા નથી તો તમારા મનમાં શાન્ત સુધાનો આસ્વાદ તમે નહીં કરી શકો. એ શાન્ત સુધારસ વિના, મોહવિષાદના ઝેરથી, હલાહલથી વ્યાપ્ત એવા આ જગતમાં લેશમાત્ર સુખ નથી. ॥૨॥

યદિ ભવભ્રમખેવેદપરાઙ્મુખમ્,
યદિ ચ ચિત્તમનન્તસુખોન્મુખમ્ ।
શૃણુત તત્સુધિયઃ શુભભાવનામૃતરસં
મમ શાન્તસુધારસમ્ ॥૩॥

માટે, હે બુદ્ધિમાન પુરુષો, જો તમારું ચિત્ત ભવભ્રમણના થાકથી ઉદ્વિગ્ન થયું હોય અને અનંત સુખમય મોક્ષ મેળવવા તત્પર બન્યું હોય તો શુભ ભાવનાના અમૃતરસથી છલોછલ ભરેલા આ 'શાન્ત સુધારસ' ગ્રંથનું એકાગ્ર મનથી શ્રવણ કરો. ॥૩॥

સુમનસો મનસિ શ્રુતપાવના, નિદધતાં દ્વયધિકા દશ ભાવનાઃ ।
યદિહ રોહતિ મોહતિરોહિતા-દ્ભૂતગતિર્વિદિતા સમતાલતા ॥૪॥

હે પવિત્ર મનવાળા વિદ્વાનો, સાંભળવા માત્રથી અંતઃકરણને પાવન કરનારી આ બાર ભાવનાઓને તમારા ચિત્તમાં ધારણ કરો. એથી એક મોટો લાભ થશે તમને! મોહથી આચ્છાદિત થયેલી સમતા, દબાઈ ગયેલી સમતાની વેલડી, પુનઃ નવપલ્લવિત થશે. મોહનું આચ્છાદન દૂર થશે ॥૪॥

આર્તરૌદ્રપરિણામપાવક-પ્લુષ્ટભાવુકવિવેકસૌષ્ઠવે ।
માનસે વિષયલોલુપાત્મનામ્, ક્વ પ્રરોહતિતમાં શમાઙ્કુરઃ ॥૫॥

આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના ક્રૂર વિચારો આગ જેવા છે. એ આગ સુંદર વિવેકની શોભાને સળગાવી દે છે. જે હૃદયમાં વિવેકની શોભા બળી ગઈ, તે હૃદયમાં સમતાનો અંકુર કેવી રીતે પ્રગટ થઈ શકે? ॥૫॥

યસ્યાશયં શ્રુતકૃતાતિશયં વિવેક–પીયૂષવર્ષરમણીયરમં શ્રયન્તે।
સદ્‌ભાવનાસુરલતા નહિ તસ્ય દૂરે,
લોકોત્તરપ્રશમસૌખ્યફલપ્રસૂતિ: ॥૬॥

સમ્યગ જ્ઞાનના અભ્યાસથી ઉન્નત બનેલા અને વિવેકરૂપ અમૃતની વૃષ્ટિથી મૃદુ સુશોભિત થયેલા અંત:કરણમાં જ આ સુંદર શુભ ભાવનાઓ રહે છે! એ ભાવનાઓ, અલૌકિક પ્રશમ સુખનું ફળ આપનારી કલ્પવૃક્ષની લતાઓ પેદા કરે છે. ॥૬॥

અનિત્યત્વા[1]શરણે[2], ભવ[3]મેકત્વ[4]મન્યતામ્[5]
અશૌચ[6]માશ્રવં[7]ચાત્મન્, સંવર[8] પરિભાવય ॥૭॥
કર્મણો[9] નિર્જરાં ધર્મ[10]-સૂક્તાતાં લોકપદ્ધતિમ્[11] ।
બોધિદુર્લભતામેતા[12], ભાવયન્ મુચ્યસે ભવાત્ ॥૮॥

આ 'શાન્ત સુધારસ' ગ્રંથમાં અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રવ, સંવર, કર્મનિર્જરા, ધર્મસુકૃત, લોક અને બોધિદુર્લભ ભાવના-આ બાર ભાવનાઓ ઉપરાંત, મૈત્રી પ્રમોદ કરુણા અને માધ્યસ્થ્ય ભાવનાઓનો સમાવેશ થયો છે. ભવપ્રપંચથી મુક્ત થવા આ ભાવનાઓ રોજ ભાવતા રહો. ॥૭-૮॥

## ૧—અનિત્ય ભાવના

વપુરિ વપુરિદં વિદભ્રલીલા-પરિચિતમપ્યતિભઙ્ગુરં નરાણામ્ ।
તદતિભિદુરયૌવનાવિનીતમ્, ભવતિ કથં વિદુષાં મહોદયાય ॥૧॥

ઉપા. વિનયવિજયજી પોતાના આત્માને સંબોધીને કહે છે: હે આત્મન્, તારું આ શરીર ભલે આજે સુંદર હોય... ઉન્મત્ત હોય, પરંતુ ધ્યાન રાખ કે આ પાણીના પરપોટા જેવું ક્ષણિક છે, એક દિવસ વિનાશ પામનારું છે. અનિત્ય છે. અતિ ચંચળ યૌવનના ઉન્માદથી ઉન્મત્ત આ શરીર, વિદ્વાનોના મહોદય માટે શી રીતે થાય? ન જ થાય. (આ રીતે મહાકવિએ સર્વ પ્રથમ શરીરની અનિત્યતા બતાવી) ॥૧॥

આયુર્વાયુતરત્તરઙ્ગતરલમ્, લગ્નાપદઃ સમ્પદઃ,
સર્વેઽપીન્દ્રિયગોચરાશ્ચ ચટુલાઃ સન્ધ્યાભ્રરાગાદિવત્ ।
મિત્રસ્ત્રીસ્વજનાદિસઙ્ગમસુખમ્, સ્વપ્નેન્દ્રજાલોપમ્ં,
તત્કિં વસ્તુ ભવે ભવે-દિહ મુદામાલમ્બનં યત્સતામ્ ॥૨॥

પવનના સુસવાટાઓથી ચંચળ બની જતા જલતરંગો જેવું ચંચળ આપણું આયુષ્ય છે. રિદ્ધિ-સિદ્ધિ અને સંપદાઓ... વિપત્તિઓનાં વાદળાંઓથી ઘેરાયેલી છે. સંધ્યાના ક્ષણિક રંગો જેવા પાંચ ઇન્દ્રિયોના વિષયસુખો છે. મિત્ર-સ્ત્રી-સ્વજનોના સંગમનું સુખ સ્વપ્ન જેવું છે. કહો આ સંસારમાં એવી કઈ વસ્તુ છે, કે જેનાથી વિદ્વાનોને... અને ડાહ્યા માણસોને હર્ષ થાય? ॥૨॥

પ્રાતર્ભ્રાતરિહાવદાતરુચયો યે ચેતનાડચેતના
દૃષ્ટા વિશ્વ મન: પ્રમોદવિદુરા ભાવા: સ્વત: સુન્દરા: ।
તાંસ્તત્રૈવ દિને વિપાકવિરસાન્ હા નશ્યત: પશ્યતશ્ચેત:
પ્રેતહતં જહાતિ ન ભવપ્રેમાનુબન્ધં મમ ॥૩॥

મારા ભાઈ, જે પદાર્થો પ્રભાતમાં સુંદર શોભાવાળા હોય છે, મનને ખુશ કરી દેનારા હોય છે, આહ્લાદક અને આકર્ષક હોય છે... તે જ પદાર્થો જોતજોતામાં સંધ્યા સમયે નિરસ, અનાકર્ષક નિસ્તેજ બની જતા હોય છે! આ નજરે જોવા છતાં પ્રેતહત... મૂઢ મન સંસારના રંગરાગ છોડતું નથી. ખરેખર, ખેદની વાત છે... ॥૩॥

પ્રથમભાવના-ગીત

(રાગ: ભૈરવ)

મૂઢ મુહ્યસિ મુધા મૂઢ મુહ્યસિ મુધા,
વિભવમનુચિન્ત્ય હૃદિ સપરિવારમ્
કુશશિરસિ નીરમિવ ગલદનિલકમ્પિતમ્,
વિનય જાનીહિ જીવિતમસારમ્ મૂઢ ॥૧॥

હે મૂઢ જીવ! તારા મનમાં પરિવાર આદિ બધા સાંસારિક વૈભવોનો વારંવાર વિચાર કરી, વ્યર્થ મોહ પામે છે. તારું જીવન, ડાભના પાંદડા પર રહેલા જલબિંદુ જેવું છે, ક્ષણિક છે. ॥૧॥

પશ્ય ભઙ્ગુરમિદં વિષયસુખસૌહૃદમ્, પશ્યતામેવશ્યતિ
સહાસમ્ એનદનુહરતિ સંસારરૂપં રયા
જજલદજલબાલિકા રુચિ વિલાસમ્ મૂઢ ॥૨॥

તું તપાસી જો: વિષય સુખોનો સંબંધ કેવો ક્ષણભંગુર છે. હાથતાલી દઈને જોતજોતામાં જતો રહે છે. આ સંસારની માયા વિજળીના ઝબકારા જેવી છે. ॥૨॥

હન્ત હતયૌવનં પુચ્છમિવ શૌવનમ્,
કુટિલમતિ તદપિ લઘુ દૃષ્ટનષ્ટમ્ ।
તેન બત પરવશા: પરવશાહતધિય:
કટુકમિહ કિં ન કલયન્તિ કષ્ટમ્ મૂઢ ॥૩॥

કૂતરાની પૂંછડી જેવું કુટિલ છે યૌવન. જોતજોતામાં તે નાશ પામે છે. યૌવનમાં સ્રીઓને પરવશ, નષ્ટ બુદ્ધિવાળા જીવો, વિષયોના કટુરસપૂર્ણ કષ્ટોને કેમ સમજી શકતા નથી? ભારે આશ્ચર્યની વાત છે. ॥૩॥

યદપિ પિણ્યાકતામઙ્ગમિદમુપગતમ્, ભવનદુર્જયજરા-
પીતસારમ્ તદપિ ગતલજ્જામુજ્ઝતિ મનો નાઙ્ગિનામ્,
વિતથમતિ કુથિતમન્મથવિકારમ્ મૂઢ ॥૪॥

આ જગતમાં અતિ દુર્જય જરાથી સત્વહીન અને ક્ષીણ દેહવાળા જીવોનું નિર્લજ્જ મન, કુત્સિત કામવિકારોને તજતું નથી. શરમની વાત છે. ॥૪॥

સુખમનુત્તરસુરાવધિ યદતિમેદુરમ્,
કાલતસ્તદપિ કલયતિ વિરામમ્ ।
કતરદિતરત્તદા વસ્તુ સાંસારિકમ્,
સ્થિરતરં ભવતિ ચિન્તય નિકામમ્ મૂઢ ॥૫॥

અનુત્તર દેવલોકનાં દેવોનાં સુખ પણ કાળે કરીને નષ્ટ થઈ જાય છે. તો પછી બીજી કંઈ સંસારની વસ્તુ સ્થિર હોઈ શકે, તેનો પૂર્ણ વિચાર કર. ॥૫॥

યૈ: સમં ક્રીડિતા યે ચ ભૃશમીડિતા; યૈ: સહાકૃષ્મહિ પ્રીતિવાદમ્ । તાન્ જવાન્ વીક્ષ્ય બત ભસ્મભૂયઙ્ગ્તા-
ન્નિર્વિશઙ્કા: સ્મ ઈતિ ધિક્ પ્રમાદમ્ મૂઢ ॥ ૬ ॥

જેમની સાથે રમ્યા, જેમની સાથે સ્નેહની વાતો કરી, જેમનાં વખાણ કર્યાં, તેમને ભસ્મ થયેલા જોઈને, પણ આપણે નિ:શંક વર્તીએ છીએ ! આવા પ્રમાદને ધિક્કાર હો. ॥ ૬ ॥

અસકૃદુન્મિષ્યનિમિષન્તિસિન્ધૂર્મિવચ્ચેતનાઃ સર્વભાવા ।
ઈન્દ્રજાલોપમા: સ્વજનધનસઙ્ગમાસ્તેષુ રજ્યન્તિ મૂઢસ્વભાવા:
મૂઢ ॥ ૭ ॥

સમુદ્રના તરંગોની જેમ બધા સજીવ-નિર્જીવ પદાર્થો જન્મે છે ને વિલય પામે છે, ઈન્દ્રજાળ જેવા સ્વજનોના અને ધનના સંયોગો મળેલા છે. તેમાં મૂઢ જીવો રંગાઈ જાય છે. ॥ ૭ ॥

કવલયન્નવિરંત જંગમાજંગમમ્,
જગદહો નૈવ તૃપ્યતિ કૃતાન્તઃ ।
મુખગતાન્ ખાદતસ્તસ્ય કરતલગતે
ર્ન કથમુપલપ્સ્યતેઽસ્માભિરન્તઃ મૂઢ ॥ ૮ ॥

આશ્ચર્ય ! સ્થાવર-જંગમ જગતને હમેશા ભક્ષણ કરતો કાળ કદાપિ તૃપ્ત થયો નથી; એવા કાળના હાથે ચઢેલા આપણો પણ છૂટકો થવાનો નથી. ॥ ૮ ॥

નિત્યમેકં ચિદાનન્દમયમાત્મનો,
રુપમભિરુપ્ય સુખમનુભવેયમ્ ।
પ્રશમરસનવસુધાપાનવિનયોત્સવો,
ભવતુ સતતં સતામિહ ભવેઽયમ્ મૂઢ ॥ ૯ ॥

માટે, નિત્ય એક ચિદાનન્દમય આત્મસ્વરૂપને ઓળખીને, "મારે આત્મસુખનો જ અનુભવ કરવો છે.' ગ્રંથકાર કહે છે : પ્રશમરસરૂપ અભિનવ નવીન અમૃતપાન વડે, સત્પુરુષોને આજ ભવમાં ઉત્સવ હોજો ! તે માટે નિત્ય એક અને ચિદાનંદમય આત્મસ્વરૂપને ઓળખીને મારે સ્વાભાવિક આત્મસુખને અનુભવવું જોઈએ. ॥ ૯ ॥

## ૨—અશરણ ભાવના

યે ષટ્ખંડમહીમહીનતરસા નિર્જિત્ય બભ્રાજિરે,
યે ચ સ્વર્ગભુજો ભુજોર્જિતમદા મેદુર્મુદા મેદુરાઃ ।

તેઽપિ ક્રૂરકૃતાન્તવક્ત્રરદનૈર્નિર્દલ્યમાના હઠા–
દત્રાણા શરણાય હા દશદિશઃ પ્રેક્ષન્ત દીનાનનાઃ ॥ ૧ ॥

પોતાના અતુલ પરાક્રમથી સમગ્ર પૃથ્વી પર વિજય મેળવનારા સમ્રાટો, ચક્રવર્તીઓ અને પોતાની અજેય શક્તિથી ઉન્મત્ત તથા અપૂર્વ હર્ષથી સદૈવ આનંદિત રહેનારા દેવો ને દેવેન્દ્રો...જ્યારે તેમના ઉપર નિર્દય યમરાજ બલાત્કાર કરે છે અને પોતાના તીક્ષ્ણ દાંતોથી એમને ચીરી નાંખે છે...ત્યારે તે ચક્રવર્તીઓ અને દેવ-દેવેન્દ્રો...દીન–હીન બની...અશરણદશામાં ચારેબાજુ જોઈ રહે છે. તેમને કોઈ બચાવી શકતું નથી. ॥૧ ॥

( સ્વાગતા છન્દઃ )

તાવદેવ મદવિભ્રમમાલી, તાવદેવ ગુણગૌરવશાલી ।
યાવદક્ષમકૃતાન્તકટાક્ષૈ–ર્નેક્ષિતો વિશરણો નરકીટઃ ॥ ૨ ॥

હે મનુષ્ય, ત્યાં સુધી જ તું મદોન્મત્ત છે અને ગુણગૌરવવાળો છે, જ્યાં સુધી તારા ઉપર દુર્જય યમરાજની ક્રુર દ્રષ્ટિ પડી નથી ! એ ક્રુર દ્રષ્ટિ પડ્યા પછી તને કોઈ બચાવી શકશે નહીં. ॥ ૨ ॥

પ્રતાપૈર્વ્યાપન્નં ગલિતમથ તેજોભિરુદિતૈ-
ર્ગતં ધૈર્યોદ્યોગૈઃ શ્લથિતમથ પુષ્ટેન વપુષા !
પ્રવૃત્તં તદ્દ્રવ્યગ્રહણવિષયે બાન્ધવજનૈ-
ર્જને કીનાશેન પ્રસભમુપનીતે નિજવશમ્ ॥ ૩ ॥

જ્યારે મનુષ્ય યમરાજના બલાત્કારનો ભોગ બને છે, ત્યારે તેનો પ્રતાપ નષ્ટ થઈ જાય છે, તેનું ઉદિત તેજ અસ્ત થઈ જાય છે, તેના ધૈર્ય અને પુરુષાર્થ વિલય પામી જાય છે. પુષ્ટ શરીર શિથિલ થઈ જાય છે અને એનાં સ્વજનો એના ધન-વૈભવ લઈ લેવા પ્રયત્નશીલ બની જાય છે ! મૃત્યુની આગળ માનવી સાવ વામણો બની જાય છે. આ છે મનુષ્યની ઘોર અશરણતા

## દ્વિતીયભાવના-ગીત

સ્વજનજનો બહુધા હિતકામમ્, પ્રીતિરસૈરભિરામમ્ !
મરણદશાવશમુપગતવન્તમ્, રક્ષતિ કોઽપિ ન સન્તમ્
વિનય વિધીયતાં રે શ્રીજિનધર્મ શરણમ્ !
અનુસન્ધીયતાં રે શુચિતરચરણ સ્મરણમ્ ॥ ૧ ॥ વિનય.

અનેક પ્રકારે હિતકારી અને પ્રીતિપાત્ર સજજનો જ્યારે મૃત્યુના મહાસાગરમાં ડૂબતા હોય છે ત્યારે કોઈ સ્વજન તેમને બચાવી શકતા નથી. માટે હે આત્મન્, તું મહામંગલકારી જિનધર્મનું જ શરણ સ્વીકારી લે અને અત્યંત નિર્મળ ચારિત્રધર્મનું સ્મરણ કર. તે ધર્મ જ તને ડૂબતાં બચાવશે. ॥ ૧ ॥

તુરગરથેભનરાવૃતિકલિતમ્ દધતં બલમસ્ખલિતમ્,
હરતિ યમો નરપતિમતિ દીનમ્, મૈનિક ઈવ લઘુ મીનમ્
॥ ૨ ॥ વિનય.

જેમ માછીમાર નાનાં માછલાંઓને જોત-જોતામાં પકડી લે છે, તેમ યમરાજ, ઘોડા, રથ, હાથી અને પદાતિ સૈન્યથી સજ્જ અને અપ્રતિમ બળવાળા રાજાઓને પકડી લે છે...ભલે તે રાજાઓ યમરાજ સમક્ષ દીનતા કરતા હોય ! ॥ ૨ ॥

પ્રવિશતિ વજ્રમયે યદિ સદને, તૃણમથ ઘટયતિ વદને
તદપિ ન મુશ્ચતિ હત સમવર્તી, નિર્દયપૌરુષનર્તી ॥૩॥ વિનય

મહાકાળથી બચવા ભલે કોઈ વજ્રના બનેલા ઘરમાં છુપાઈ જાય અથવા મોઢામાં તણખલું લઈ એ મહાકાળની આગળ પોતાની હાર કબૂલે, છતાં એ નિર્દય કાળ કોઈને છોડતો નથી. ॥ ૩ ॥

વિદ્યામન્ત્રમહૌષધિસેવામ્, સૃજતુ વશીકૃતદેવામ્ ।
રસતુ રસાયનમુપચયકરણમ્, તદપિ ન મુશ્ચતિ મરણમ્ ॥૪॥
વિનય.

ભલેને દેવોને આધીન કરનારા મંત્રો, વિદ્યાઓ કે ઔષધિઓના પ્રયોગ કરો, અથવા તમારા શરીરને પુષ્ટ કરનારા રસાયણોનું સેવન કરો, યાદ રાખો, મૃત્યુ તમને છોડવાનું નથી ! ॥ ૪ ॥

વપુષિ ચિરં નિરુણદ્ધિ સમીરમ્, પતતિ જલધિપરતીરમ્ ।
શિરસિ ગિરેરધિરોહિત તરસા, તદપિ સ જીર્યતિ જરસા ॥૫॥
વિનય.

ભલે તમે લાંબા સમય સુધી પ્રાણાયામ કરીને શ્વાસ-નિરોધ કરો, ભલે તમે સમુદ્રની પેલે પાર જઈને રહો, ભલે તમે પહાડોના શિખર ઉપર ચઢી જાઓ...પરંતુ એક દિવસ તમારું આ દેહનું પિંજરૂ જીર્ણ થવાનું જ છે. ॥ ૫ ॥

સૃજતીમસિતશિરોરૂહલલિતમ્, મનુજશિરઃ સિતપલિતમ્ ।
કો વિદધાનાં ભૂઘનમરસમ્, પ્રભવતિ રોદ્ધું જરસમ્ ॥૬॥
વિનય.

કાળાભમ વાળથી શોભતા મસ્તકને સફેદ કરી નાંખનારી અને સુંદર શરીરને શુષ્ક કરી નાંખનારી 'જરા' વૃદ્ધાવસ્થાને રોકવા કોણ સમર્થ છે? કોઈ જ સમર્થ નથી. ॥ ૬ ॥

ઉદ્યત ઉગ્રરુજા જનકાયઃ કઃ સ્યાતત્ર સહાયઃ ।
એકોઽનુભવતિ વિધુરુપરાગમ્, વિભજતિ કોઽપિ ન ભાગમ્
॥૭॥ વિનય.

જ્યારે મનુષ્યના દેહમાં ઉગ્ર કોટિના રોગ દેખા દે છે ત્યારે એને કોણ બચાવી શકે છે? કોઈ જ નહીં. રાહુની પીડા ચન્દ્ર એકલો જ સહન કરે છે. તમારી પીડા

તમારે એકલાએ જ સહવાની છે, કોઈ એક ભાગ નહીં પડાવે. ॥ ૭ ॥

શરણમેકમનુસર ચતુરંગમ્ પરિહર મમતાસંગમ્ ।
વિનય રચયશિવસૌખ્યનિધાનમ્, શાન્તસુધારસપાનમ્ ॥૮॥
વિનય.

એમ સમજીને હે આત્મન્, દાન-શીલ-તપ અને ભાવરૂપ ચતુર્વિધ ધર્મનું જ શરણ તું અંગીકાર કર. સમતાની શત્રુ મમતાનો સંગ તું છોડી દે અને શિવ સુખના નિધાનરૂપ શાન્તસુધાનું આસ્વાદન કર્યા કર.

## ૩—સંસાર ભાવના

ઈતો લોભઃક્ષોભં જનયતિ દુરન્તો દવ ઈવો-
લ્લસલ્લાભામ્ભોભિઃ કથમપિ ન શક્યઃ શમયિતુમ્ ।
ઈતસ્તૃષ્ણાઽક્ષાળાં તુદતિ મૃગતૃષ્ણૈવ વિફલા
કથં સ્વસ્થૈઃ સ્થેયં વિવિધભયભીમે ભવવને ॥ ૯ ॥

આ ભયંકર ભવ-વન છે. ભેંકાર વનવગડો છે. આ વનમાં લોભનો દાવાનળ સળગી રહ્યો છે. તેને કોઈ પણ રીતે બુઝાવી શકાતો નથી. લાભનાં લાકડાથી લોભનો દાવાનળ વધુને વધુ ઉગ્ર થતો જાય છે. બીજી બાજુ મૃગતૃષ્ણા જેવી વિષયતૃષ્ણા જીવોને ઘોર પીડા આપી રહી છે. આવા ભીષણભવ-વનમાં નિરાંતે અને નિશ્ચિત-પણે કેવી રીતે કહી શકાય ? ॥ ૧ ॥

ગલત્યેકા ચિન્તા ભવતિ પુનરન્યા તદધિકા
મનોવાક્કાયેહાવિકૃતિરતિરોષાત્તરજસ:
વિપદ્‌ગર્તાવર્તે ક્ષટિતિ પતયાલો: પ્રતિપદં
ન જન્તો: સંસારે ભવતિ કથમપ્યર્તિવિરતિ: ॥ ૨ ॥

આ સંસારમાં મનુષ્યની એક ચિનાં દૂર થાય છે ત્યાં એનાથી ચઢિયાતી બીજી ચિંતા ઉત્પન્ન થાય છે! મન·વચન અને કાયામાં નિરંતર વિકારો સ્ફૂર્યા કરે છે. તમોગુણ અને રજોગુણથી પગલે-પગલે આપતિઓના

ઊંડા ખાડામાં ગબડનારા જીવોના દુ:ખોનો અંત કેવી રીતે આવે? ॥૨॥

સહિત્વા સન્તાપાનશુચિજનનીકુક્ષિકુહરે
તતો જન્મ પ્રાપ્ય પ્રચુરતરકષ્ટક્રમહત:
સુખાભાસૈર્યાવત્ સ્પૃશતિ કથમપ્યર્તિ વિરતિં
જરા તાવત્કાયં કવલયતિ મૃત્યો: સહચરી ॥૩॥

માતાના અશુચિમય ઉદરમાં આવીને નવ-નવ મહિના કષ્ટ સહન કર્યાં, તે પછી જન્મનાં દુ:ખ સહ્યા... મોટાં મોટાં કષ્ટોને સહયા, ક્ષણિક અને કલ્પિત સુખો, વૈષયિક સુખો મળતાં માન્યું કે દુ:ખો ગયાં, ત્યાં જ મૃત્યુની પરિચારિકા જરાવસ્થા આવી, ઘડપણ આવ્યું અને કાયા ખખડી જાય છે. (મોંઘેરુ માનવજીવન એળે થાલ્યું જાય છે.) ॥૩॥

વિભ્રાન્તચિત્તો બત બમ્ભ્રમીતિ, પક્ષીવ રુદ્ધસ્તનુપજ્જરેંગી।
નુન્નો નિયત્યાઽતનુકર્મતન્તુ-સન્દાનિત: સન્નિહિતાન્તકૌતુ
॥૪॥

આ બાપડો જીવ! ભવિતવ્યતાથી પ્રેરાયેલો, ભારે કર્મોની દોરીથી બંધાયેલો અને કાળરૂપી બિલાડીની પાસે રહેલો જીવ દિશાશૂન્ય બની ગયો છે. પાંજરામાં પુરાયેલા પંખીની જેમ દેહના પિંજરામાં પુરાયેલો જીવ આ સંસારમાં પરિભ્રમણ કર્યા જ કરે છે. ॥૪॥

અનન્તાન્પુદ્ગલાવર્તાનનન્તાનન્તરુપભૃત્
અનન્તશો ભ્રમત્યેવ જીવોઽનાદિભવાર્ણવે ॥૫॥

આ જીવ સંસારની ચાર ગતિમાં અને ૮૪ લાખ યોનિમાં ભટકતો અનંત-અનંત દેહ-શરીર ધારણ કરે છે. અનંત પુદ્ગલ પરાવર્ત કાળ, અનાદિ ભવસાગરમાં અનંતવાર ભ્રમણ કર્યા કરે છે. ॥૫॥

## તૃતીયભાવના–ગીત

કલય સંસારમતિદારુણમ્, જન્મમરણાદિભયભીત રે ।
મોહરિપુણેહ સગલગ્રહમ્ પ્રતિપદં વિપદમુપનીત રે ॥૧॥ કલય

હે જીવ! મોહ શત્રુએ તને ગળેથી પકડીને, ડગલે ને પગલે ત્રાસ આપેલો છે. તું આ સંસારને જન્મ-મૃત્યુના ભયથી ભરેલો જો અને તેને અત્યંત બિહામણો સમજ. ॥૧॥

સ્વજનતનયાદિપરિચયગુણૈ-રિહ મુધા બધ્યસે મૂઢ રે ।
પ્રતિપદં નવનવૈરનુભવૈ: પરિભવૈરસકૃદુપગૂઢ રે ॥૨॥ કલય.

હે મૂઢ જીવ! સ્વજન-પરિજનો સાથેના તારા મીઠા સંબંધોનાં બંધન વ્યર્થ છે. ડગલે ને પગલે તને આ સંસારના નવા નવા અનુભવો નથી થતા શું? વાત-વાતમાં તારો પરાભવ નથી થતો શું? જરા શાન્તિથી વિચાર કર. ॥૨॥

ઘટયસિ ક્વચન મદમુન્નતે:, ક્વચિદહો હીનતાદીન રે ।
પ્રતિભવં રૂપમપરાપરમ્, વહસિ બત કર્મણાધીન રે ॥૩॥ કલય

ક્યારેક તું તારી સંપત્તિથી અભિમાની બને છે, તો ક્યારેક દરિદ્રતાથી દીનતા કરે છે! તું કર્મોને પરાધીન છે... માટે દરેક જન્મમાં તું નવાં-નવાં જુદાં-જુદાં રૂપ ધારણ કરે છે! સંસારના રંગમંચ ઉપર તું એક નાટકિયો છે! ॥૩॥

જાતુ શૈશવદશાપરવશો, જાતુ તારુણ્યમદમત્ત રે ।
જાતુ દુર્જયજરાજર્જરો, જાતુ પિતૃપતિકરાયત્ત રે ॥૪॥ કલય.

ક્યારેક તારી બાલ્ય અવસ્થા હોય છે, પછી તારુણ્યના તરવરાટથી ઉન્મત્તતા હોય છે, તે પછી દુર્જય ઘડપણથી તારો દેહ ખખડી જાય છે અને છેલ્લે તું યમરાજની હથેળીમાં પડ્યો હોય છે! ॥૪॥

વ્રજતિ તનયોઽપિ નનુ જનકતામ્, તનયતાં વ્રજતિ પુનરેષ રે ।
ભાવયન્વિકૃતિમિતિ ભવગતેસ્ત્યજતમાંનૃભવશુભશેષ રે ॥૫॥ કલય.

આ સંસારમાં, ભવના પરિવર્તન સાથે પુત્ર પિતા બને છે, પિતા પુત્ર બને છે! તું આવી સંસાર સ્થિતિની વિષમતાનું ચિંતન કર અને આવા સંસારનાં હેતુભૂત પાપોનો ત્યાગ કર. હજુ આ મનુષ્યજન્મરૂપી શુભ સામગ્રી તારી પાસે છે. માટે પુરુષાર્થ કર. ॥૫॥

યત્ર દુઃખાર્તિગદદવલવૈ–રનુદિનં દહ્યસે જીવ રે ।
હન્ત તત્રૈવ રજ્યસિ ચિરમ્ મોહમદિરામદક્ષીવ રે ॥૬॥ કલય

હે જીવ, જે સંસારમાં તું અનેક પ્રકારના દુઃખ, ચિંતાઓ અને રોગોની અગ્નિ જવાળાઓમાં પ્રતિદિન બળ્યા કરે છે, તે સંસાર પર તું રાગ ધારણ કરે છે! પરંતુ એમાં તારો દોષ નથી. મોહમદિરા તેં ઠાંસી-ઠાંસીને પીધી છે તેથી તારી બુદ્ધિ નાશ પામી છે. અફસોસની આ વાત છે. ॥૬॥

દર્શયન્ કિમપિ સુખવૈભવમ્, સંહરંસ્તદથ સહસૈવ રે ।
વિપ્રલમ્ભયતિ શિશુમિવ જનમ્, કાલબટુકોઽયમત્રૈવરે
॥૭॥ કલય.

આ કાળ, મહાકાળ, એક જાદુગર છે. આ સંસારમાં જીવોને એ સુખ-સમૃદ્ધિ બતાવે છે. અને પછી એ માયાજાળ સંકેલીને લોકોને, બાળકની જેમ ઠગી લે છે. સંસાર એક ઇન્દ્રજાળ છે. સાચું કાંઈ નથી. ॥૭॥

સકલસંસારભયભેદકમ્, જિનવચો મનસિ નિબધાન રે ।
વિનય પરિણમય નિઃશ્રેયસમ્, વિહિતશમરસસુધાપાન રે
॥૮॥ કલય.

હે આત્મન્! તું તારા મનમાં જિનવચનોનું ચિંતન કર. એ જિનવચનો જ સંસારના સર્વ ભયોનો નાશ કરશે. શમરસનું અમૃતપાન કરીને તું મુક્તિને પ્રાપ્ત કરીશ. એ મુક્તિ, સર્વ દુઃખોના સંપૂર્ણ વિલયરૂપ છે અને શાશ્વત સુખનું એક માત્ર ધામ છે. ॥૮॥

## ૪—એકત્વ ભાવના

એક એવ ભગવાનયમાત્મા, જ્ઞાનદર્શનતરંગસરંગઃ ।
સર્વમન્યદુપકલ્પિતમેતદ્, વ્યાકુલીકરણમેવ મમત્વમ્ ॥૧॥

આ આત્મા એક જ છે, એજ પ્રભુ છે, ભગવાન છે, જ્ઞાન-દર્શનના તરંગોમાં મસ્ત છે. એ સિવાયનું બધું મમત્વ માત્ર છે, કલ્પનાનું વિશ્વ છે. આ મમત્વ વ્યાકુળતાને વધારનારું છે.

અબુધૈઃ પરભાવલાલસા-લસદજ્ઞાનદશાવશાત્મભિઃ ।
પરવસ્તુષુ હા સ્વકીયતા, વિષયાવેશવશાદ્ વિકલ્પ્યતે ॥૨॥

ઓહ! પરભાવની લાલસામાં ડૂબેલા મૂર્ખ અને અજ્ઞાની માણસો ઈન્દ્રિયજન્ય આવેગોને પરવશ બનીને પરાઈ વસ્તુમાં પોતાપણું માને છે.

કૃતિનાં દયિતેતિ ચિન્તમ્, પરદારેષુ યથા વિપત્તયે ।
વિવિધાર્તિભયાવહં તથા પરભાવેષુ મમત્વભાવનમ્ ॥૩॥

સમજુ અને શાણો માણસ બીજાની પત્ની માટે 'એ મારી પોતાની છે; એવી કલ્પના કરે તો એ જેમ દુઃખી થાય, એવી જ રીતે જે પોતાનું નથી એમાં મમત્વની લાગણી જાતજાતની પીડાઓને નિમંત્રે છે. ॥૩॥

અધુના પરભાવસંવૃતિં હર ચેતઃ પરિતોऽવગુણ્ઠિતામ્ ।
ક્ષણમાત્મવિચારચન્દન-દ્રુમવાતોર્મિરસાઃ સ્પૃશન્તુ મામ્ ॥૪॥

પરભાવના આવરણમાં લપેટાયેલા ઓ મારા મન! આ આવરણોને ભેદીને તું મુક્ત થા! જેથી આત્મ-વિચારરૂપી ચંદનવૃક્ષની શીળી ઉર્મિઓ મને સ્પર્શી શકે! ॥૪॥

એકતાં સમતોપેતા-મેનામાત્મન્ વિભાવય ।
લભસ્વ પરમાનન્દં-સમ્પદં નમિરાજવત્ ॥૫॥

આત્મન્! સમભાવની સાથે તું એકતાનો અનુભવ કર! આમ કરીને નમિ રાજર્ષિની જેમ તું પરમ આનંદનો ખજાનો પ્રાપ્ત કરી શકીશ. ॥૫॥

## ચતુર્થભાવના-ગીત

વિનય ચિન્તય વસ્તુતત્ત્વમ્, જગતિ નિજમિહ કસ્ય કિમ્
ભવતિ મતિરિતિ યસ્ય હૃદયે, દુરિતમુદયતિ તસ્ય કિમ્
॥૧॥ વિનય.

ઓ વિનય! તું વસ્તુના વાસ્તવિકરૂપનું બરાબર ચિંતન કર! આ જગતની જેલમાં મારું પોતાનું છે

શું ? આ પારદર્શી પ્રજ્ઞા જેના હૈયામાં પ્રગટી જાય એને વળી દુઃખ-દુરિત સ્પર્શી જ કેમ શકે ? ॥૧॥

એક ઉત્પદ્યતે તનુમા-નેક એવ વિપદ્યતે ।
એક એવ હિ કર્મ ચિનુતે, સૈકક: ફલમશ્નુતે ॥૨॥ વિનય.

શરીરધારી આત્મા એકલો જ જન્મે છે અને એકલો જ મૃત્યુ પામે છે. કર્મોને પણ એકલો જ બાંધે છે અને એ કર્મોને એકલા જ ભોગવવા પડે છે. ॥૨॥

યસ્ય યાવાન્ પરપરિગ્રહ-વિવિધમમતાવીવધ: ।
જલધિવિનિહિતપોતયુક્ત્યા, પતતિ નાવદસાવધ: ॥૩॥ વિનય.

જાતજાતના મમત્વોના ભારથી દબાયેલો પ્રાણી પ્રરિગ્રહનો બોજ વધવાથી... વધારે પડતા ભારથી દરિયામાં ડૂબી જતા વહાણની જેમ નીચે જાય છે... ॥૩॥

સ્વસ્વભાવં મદ્યમુદિતો, ભુવિ વિલુપ્ય વિચેષ્ટતે ।
દશ્યતાં પરભાવઘટનાત્, પતતિ વિલુઠતિ જૃમ્ભતે ॥૪॥ વિનય.

દારૂના નશામાં ચકચૂર માણસની જેમ મૂઢ આત્મા પરભાવમાં પડે છે, આથડે છે, આળોટે છે અને શૂન્યમનસ્ક બની જાય છે. ॥૪॥

પશ્ય કાંચનમિતરપુદ્ગલ-મિલિતમંચતિ કાં દશામ્ ।
કેવલસ્ય તુ તસ્ય રુપમ્ વિદિતમેવ ભવાદશામ્ ॥૫॥ વિનય.

તમને તો ખબર જ છે, સોના જેવી કીમતી ધાતુ પણ પણ જો હલકી ધાતુમાં ભળે તો પોતાનું નિર્મળ-રૂપ ગુમાવી બેસે ! ॥ ૫ ॥

એવમાત્મનિ કર્મવશતો, ભવતિ રુપમનેકધા ।
કર્મમલરહિતે તુ ભગવતિ, ભાસતે કાંચનવિધા ॥૬॥ વિનય.

પરભાવની પલોજણમાં પડેલો આત્મા ભાતભાતના સ્વાંગ સજે છે. પણ એ જ આત્મા જો કર્મોના મેલથી મુક્ત બની જાય તો શુદ્ધ સોનાની જેમ ઝળહળી ઉઠે જે. ॥ ૬ ॥

જ્ઞાનદર્શનચરણપર્યવપરિવૃત : પરમેશ્વર: ।
એક એવાનુભવસદને, સ રમતામવિનશ્વર : ॥ ૭ ॥વિનય.

આવા પરમેશ્વર સદૈવ જ્ઞાન-દર્શન અને ચારિત્રના ભાવોથી પરિપૂર્ણ હોય છે. એઓજ મારા સ્વાનુભાવના મંદિરમાં રમતા રહો ! ॥ ૭ ॥

રુચિરસમતામૃતરસં ક્ષળ–મુદતિમાસ્વાદય મુદા !
વિનય વિષયાતીતસુખરસ–રતિરુદંચતુ તે સદા ॥ ૮ વિનય.

શાંત રસનો આવિર્ભાવ તારા હૈયામાં થયો છે, તું એનો જરા આસ્વાદ કર. જેથી ઐન્દ્રિક સુખભોગના રસથી ખૂબ દૂર એવા શાંતરસમાં તારું મન આનંદ પ્રાપ્ત કરશે ! ॥ ૮ ॥

## ૫ અન્યત્વ ભાવના

પર:પ્રવિષ્ટ: કુરુતે વિનાશમ્, લોકોક્તિરેષા ન મૃષેતિ મન્યે
નિર્વિશ્ય કર્માણુભિરસ્ય કિં કિમ્ , જ્ઞાનાત્મનો સમ પાદિ કષ્ટ
॥૧

'પરાઈ વ્યક્તિ ઘરમાં આવીને ભાંગતોડ કરે છે.' આ કહેવત સાવ ખોટી નથી. જ્ઞાનથી સમૃદ્ધ એવા આત્મામાં કર્મોના પરમાણુઓએ કેવા દુઃખો નોંતર્યા છે? ॥ ૧ ॥

ખિદ્યસે નનુ કિમન્યકથાર્તઃ, સર્વદૈવ મમતાપરતન્ત્ર ।
ચિન્તયસ્યનુપમાન્કથમાત્મન્નાત્મનો ગુણમણીન્ન કદાપિ॥૨॥

અરે મારા આત્મન્! શા માટે પારકી પંચાતમાં પડીને પીડા વહોરે છે? તું શા માટે તારી પાસે રહેલા ગુણોના ભંડાર તરફ નજર નથી કરતો? એનો વિચાર કેમ નથી કરતો? ॥ ૨ ॥

યસ્મૈ ત્વં યતસે બિભેષિ ચ યતો યત્રાનિશં મોદસે
યદ્યચ્છોચસિ યદ્યદિચ્છસિ હૃદા યત્પ્રાપ્ય પેપ્રીયસે !
સ્નિગ્ધો યેષુ નિજસ્વભાવમમલં નિર્લોઠ્ય લાલપ્યસે
તત્સર્વં પરકીયમેવ ભગવન્નાત્મન્ન કિઞ્ચિત્તવ ॥ ૩ ॥

તું જેના પાટે પ્રયત્ન કરે છે, તું જે માટે ભય અનુભવે છે, ક્યારેક તું ખુશ થઈ જાય છે, ક્યારેક ઉદાસી નારાજગીથી ઘેરાઈ જાય છે, તારૂં મનગમતું મેળવીને હર્ષથી છલકાઈ જાય છે, તારા નિર્મળ આત્મ-સ્વભાવને કચડીને તું જે વસ્તુ પાછળ પાગલ બની રહ્યો છે, એ બધું જ પારકું છે...તારૂં કંઈજ નથી ! ॥ ૩ ॥

દુષ્ટાઃ કષ્ટકદર્થનાઃ કતિ ન તાઃ સોઢાસ્ત્વયા સંસૃતૌ
તિર્યગ્નારકયોનિષુ પ્રતિહતશ્છિન્નો વિભિન્નો મુહુઃ ।

સર્વં તત્પરકીયદુર્વિલસિતં વિસ્મૃત્ય તેષ્વેવ હા
રજ્યન્મુહ્યસિ મૂઢતાનુપચરન્નાત્મન્ન કિં લજ્જસે ॥ ૪ ॥

આ વિશ્વમાં દારૂણ દુ:ખો અને કઈ પીડા-વિટંબણા તેં વેઠી નથી? પશુ અને નરક ગતિમાં તેં માર ખાધો છે, વારે વારે તું કપાયો છે, ટુકડે ટુકડા થયો છે. આ બધુ પારકા પદાર્થોની આસક્તિનો વિલાસ છે, અને એ બધું ભૂલીને પાછો પરભાવમાં પાગલ બનવાની મૂઢતા રાખે છે. બેશર્મીની પણ હદ છે! ॥ ૪ ॥

જ્ઞાનદર્શનચારિત્રકેતનાં ચેતનાં વિના !
સર્વમન્યદ્વિનિશ્ચિત્ય યતસ્વ સ્વહિતાપ્તયે ॥ ૫ ॥

"જ્ઞાન-દર્શન-ચારિત્રના ચિહ્નનોથી યુક્ત ચેતના સિવાયના તમામ પદાર્થો પર છે, અન્ય છે.' તું આ વિચાર સ્થિર કરીને પોતાના હિત-કલ્યાણ માટે પ્રયત્નશીલ બન. ॥ ૫ ॥

## પંચમભાવના ગીત

વિનય નિભાલય નિજભવનમ! તનુધનસુતસદન-સ્વજનાદિષુ,
કિં નિજમિહ કુગતેરવનમ્ ॥ ૧ ॥ વિનય.

ઓ વિનય! જરી તારા પોતાના ઘરની તો સારી પેઠે સંભાળ લે! શરીર...ધન...સ્વજનો...પરિવાર...આ બધામાંથી કોણ તને દુર્ગતિમાં જતા! અટકાવી શકે છે? કોઈ તારું પોતાનું છે ખરું? ॥ ૧ ॥

યેન સહાશ્રયસેડતિવિમોહા-દિદમહમિત્યવિભેદમ્ ।
તદપિ શરીરં નિયતમધીરમ્, ત્યજતિ ભવન્તં ધૃતખેદમ્ ॥૨॥
વિનય.

જેને તું પોતાનું સમજીને ધારણ કરે છે એ શરીર પણ અતિ ચંચળ છે, તને ખિન્ન બનાવીને, શિથિલ બનાવીને છોડી દેશે ! ॥ ૨ ॥

જન્મનિ જન્મનિ વિવિધપરિગ્રહ મુપચિનુષે ચ કુટુમ્બમ્ ।
તેષુ ભવન્ત પરભવગમને, નાનુસરતિ કૃશમપિ શુમ્બમ્
॥ ૩ ॥ વિનય.

પ્રત્યેક જન્મમાં વિવિધ પ્રકારના પરિગ્રહો ભેગા કરે છે...કુટુંબ કબીલો રચે છે અને જ્યારે પરભવમાં ચાલ્યા જવું પડે છે ત્યારે નાનકડો હિસ્સો પણ તારી સાથે આવી શકતો નથી. ! ॥ ૩ ॥

ત્યજ મમતાપરિતાપનિદાનમ્, પરપરિચયપરિણામમ્ ।
ભજ નિઃસંગતયા વિશદીકૃત-મનુભવસુખરસમભિરામમ્
॥ ૪ ॥ વિનય.

આસક્તિ અને આવેશને જન્માવનાર મમતાને ત્યજી દે, એ માટે પારકી વસ્તુના પરિચયને છોડી દે. નિઃસંગ અને નિરાકાંક્ષ બનીને અનુભવ-રસના સુખને મેળવ ! ॥ ૪ ॥

પથિ પથિ વિવિધપથૈઃ પથિકૈઃ સહ કુરુતે કઃ પ્રતિબન્ધમ્ ।
નિજનિજકર્મવશૈઃ સ્વજનૈઃ સહ કિં કુરુષે મમતાબન્ધમ્
॥ ૫ ॥ વિનય.

સફરમાં મળતા જાતજાતના યાત્રાળુઓ સાથે સ્નેહને નાતો રચાવાથી શું ફાયદો ? પોતપોતાના કર્મોના સહા જીવતા સ્વજનો સાથે શા માટે સ્નેહના સંબંધો બાંધે છે ? ॥ ૫ ॥

પ્રણયવિહીને દધદભિષંગમ્, સહતે બહુસન્તાપમ્ ।
ત્વયિ નિષ્પ્રણયે પુદ્ગલનિચયે, વહસિ મુધા મમતાતાપ
॥ ૬ ॥ વિનય

જેને તારા પ્રત્યે પ્રેમ નથી એને તું મેળવ કોશિશ કરીશ તો પારવગરની વેદના તરે ઘેરી વળશે પુદ્ગલની માયાજાળ આવી જ પ્રેમવિહોણીછે. તું નાહ એની પાછળ પાગલ બનીને પીડા વેઠે છે ! ॥ ૬ ॥

ત્યજ સંયોગં નિયતવિયોગમ્, કુરુ નિર્મલમવધાનમ્ ।
નહિ વિદધાનઃકથમપિતૃપ્યસિ મૃગતૃષ્ણાધનરસપાનમ્
॥ ૭ ॥ વિનય.

જે જુદાઈ સુધી જનાર છે, એ મિલનને પહેલેથી જ છોડી દે, તારી એકાગ્રતાને સ્વચ્છ અને પારદર્શી બનાવ. ઝાંઝવાના જળને હોઠે અડાડવાથી તરસ નહીં છીપે, બલ્કે વધારે ભડકશે ! ॥ ૭ ॥

ભજ જિનપતિમસહાયસહાયમ્, શિવગતિસુગમોપાયમ્ ।
પિબ ગદશમનં પરિહૃતવમનમ્, શાન્તસુધારસમનપાયમ્
॥ ૮ ॥ વિનય

જગમાં જેનું કોઈ નથી. એને પણ સહાય કરનારા જિનેશ્વરનું તું ધ્યાન ધર ! આજ એક મોક્ષ પ્રાપ્તિનો મુક્તિનો સરળ ઉપાય છે. આધિ-વ્યાધિને શાંત કરનારા અને સારી રીતે પચનારા શાંત સુધાના રસોનું તું પાન કર ! ॥ ૮ ॥

## ૬—અશુચિભાવના

સચ્છિદ્રો મદિરાઘટઃ પરિગલત્તલ્લેસંગશુચિઃ
શુચ્યા મૃદ્ય મૃદા બહિઃ સ બહુશો ધૌતોઽપિ ગંગોદકૈઃ ।
નાધત્તે શુચિતાં યથા તનુભૃતાં કાયો નિકાયો મહા-
બીભત્સાસ્થિપુરીષમૂત્રરજસાં નાયં તથા શુદ્ધયતિ ॥ ૧ ॥

છિદ્રયુક્ત ઘડામાંથી દારૂ ગળતો હોય...અને એવા અપવિત્ર ઘડાને બહારથી સુંદર માટી દ્વારા માંજવામાં આવે, ગંગાના પાણીથી ધોવામાં આવે તો પણ એ પવિત્ર ના બને, એવી રીતે ગંદા હાડકા, મળ-મૂત્ર, શ્લેષ્મ ચામડી અને લોહીથી ખદબદતું આ શરીર શુદ્ધ થતું નથી. ॥ ૧ ॥

સ્નાયં સ્નાયં પુનરપિ પુનઃ સ્નાન્તિ શુદ્ધાભિરદભિઃ-
વારં વારં બત સમલતનું ચન્દનૈરર્ચયન્તે ।
મૂઢાત્માનો વયમપમલાઃ પ્રીતિમિત્યાશ્રયન્તે
નો શુદ્ધયન્તે કથમવકરઃ શકયતે શોદ્ધુમેવ ॥ ૨ ॥

અબુધ માણસો વારે વારે સ્નાન કરીને શરીરને ચોખ્ખું કરે છે, ચંદન-સુખડના વિલેપન કરીને પોતાની

જાતને સ્વચ્છ માને છે, પણ એ ભ્રમણા છે. ઉકરડાને કંઈ શુદ્ધ ના કરી શકાય! (શુદ્ધ થાય તો ઉકરડો ના રહે!) ॥ ૨ ॥

કર્પૂરાદિભિરર્ચિતોઽપિ લશુનો નો ગાહતે સૌરભં,
નાજન્મોપકૃતોઽપિ હન્ત પિશુનઃસૌજન્યમાલમ્બતે!
દેહોઽપ્યેષ તથા જહાતિ ન નૃણાં સ્વાભાવિકીં વિસ્રતાં,
નાભ્યક્તોઽપિ વિભૂષિતોઽપિ બહુધા પુષ્ટોઽપિ વિશ્વસ્યતે
॥ ૩ ॥

લસણને કપૂર વગેરે સુગંધી પદાર્થો સાથે રાખવામાં આવે તો પણ એની ખરાબ વાસ જતી નથી. નગુણા માણસ પર જીવનભર ઉપકાર કરો તો પણ એને બે આંખની શરમ નડતી નથી. એ જ રીતે મનુષ્યનો દેહ એની સ્વાભાવિક દુર્ગન્ધને છોડે નહીં. ગમે એટલું એને સજાવો, શણગારો, હૃષ્ટ-પુષ્ટ બનાવો, પણ એનો ભરોસો નહીં! ॥ ૩ ॥

યદીયસંસર્ગમવાપ્ય સદ્યો ભવેત્શુચીનામશુચિત્વમુચ્ચૈઃ।
અમેધ્યયોનેર્વપુષોઽસ્યશૌચસંકલ્પમોહોઽયમહો મહીયાન્
॥ ૪ ॥

ઈત્યવેત્ય શુચિવાદમતથ્યમ્, પથ્યમેવ જગદેકપવિત્રમ્।
શોધનં સકલદોષમલાનામ્, ધર્મમેવ હૃદયે નિદધીથાઃ ॥૫॥

જે શરીર પોતાના સંપર્કમાં આવતી પવિત્ર વસ્તુઓને પણ મલિન બનાવી દે છે એનામાં પવિત્રતાની

કલ્પના કરવી એ જ મોટું અજ્ઞાન છે, મૂઢતા છે. આ દૈહિક સ્વચ્છતા, પવિત્રતાની ધારણા જ ખોટી છે. બધા જ દોષોનું પ્રક્ષાલન કરનાર 'ધર્મ' જ વિશ્વમાં પવિત્રતમ છે. એ ધર્મને હૃદયમાં ધારણ કર ! ॥ ૪-૫ ॥

## ષષ્ઠભાવના-ગીત

ભાવય રે વપુરિદમતિમલિનમ્ વિનય વિબોધય માનસનલિનમ્,
પાવન મનુ ચિન્તય વિભુમેકમ, પરમ મહોદયયુદિત વિવેકમ્
(૧) ભાવય.

ઓ વિનય ! આ શરીર ગંદુ છે...મલિન છે ! આ વાત તું સારી રીતે સમજ ! તારા મન-કમળને વિકસિત કર ! અને જે આત્મતત્વરૂપ પરમાત્મા છે, જે કલ્યાણકારી છે. પ્રકૃષ્ટ વિવેકથી યુક્ત છે, એનું તું ચિંતન કર ! ॥ ૧ ॥

દમ્પતિરેતોરુધિરવિવર્તે, કિં શુભમિહ મલકશ્મલગર્ત્તે !
ભૃશમપિ પિહિત: સ્રવતિ વિરુપમ્, કો બહુ મનુતેઽવસ્કરકૂપમ્
॥ ૨ ॥ ભાવય.

સ્ત્રી પુરુષના રજ અને વીર્યના ચકરાવામાં પડેલા મળ અને કચરાના સમૂહરૂપ શરીરમાં શું સારું હોય ! એને સારી રીતે ઢાંકો તોયે ખરાબ પદાર્થો સ્રવ્યા જ કરે. આવા ગંદા કૂવાને કોણ સમજુ માણસ સારો ગણે ?॥૨॥

ભજતિ સચન્દ્રં શુચિતામ્બૂલમ્, કર્તું મુખમારુતમનુકૂલમ્।
તિષ્ઠતિ સુરભિ કિયન્તં કાલમ્,
મુખમસુગન્ધિ જુગુપ્સિતલાલમ્ ॥ ૩ ॥ ભાવય.

મુખમાંથી સારી વાસ આવે,–એ માટે પાનમાં બરાસ વગેરે સુગંધી પદાર્થો નાંખીને ખાય છે. પણ આ મોઢું જ દુર્ગન્ધયુક્ત લાળથી ભરેલું છે. એમાં ખુશબોદાર શ્વાસ રહેશે કેટલો સમય? ॥ ૩ ॥

અસુરભિગન્ધવહોઽન્તરચારી, આવરિતું શક્યો ન વિકારી।
વપુરુપજિઘ્રસિ વારંવારમ્, હસતિ બુધસ્તવ શૌચાચારમ્
॥૪॥ ભાવય.

શરીરમાં વ્યાપ્ત ખરાબ વાસ મારતો વાયુ દાબ્યો દબાય નહીં. ઢાંકયો ઢંકાય નહીં, તોયે તું એ શરીરને વારે વારે સૂંઘે છે, ચાટે છે, આ રીતે તું શરીરને પવિત્ર બનાવવાની ચેષ્ટા કરે છે. એના પર પ્રબુદ્ધ માણસો હસી રહ્યા છે! ॥૪॥

દ્વાદશ નવ રન્ધ્રાણિ નિકામમ્, ગલદશુચીનિ ન યાન્તિ વિરામમ્
યત્ર વપુષિ તત્કલયસિ પૂતમ્, મન્યે તવ નૂતનમાકૂતમ્
॥૫॥ ભાવય.

શરીરના બાર (સ્ત્રીના) અને નવ (પુરુષના) છિદ્રોમાંથી સતત અશુચિ પદાર્થો નીકળ્યા કરે છે. એને તું પવિત્ર માનવાની ઘેલછા કરે છે. મને લાગે છે આ તારો કોઈ નવી નવાઈનો અભિગમ છે! ॥૫॥

અશિતમુપસ્કરસંસ્કૃતમન્નમ્ જગતિ

જુગુપ્સાં જનયતિ હન્નમ્ ।

પુસંવનં ધૈનવમપિ લીઢમ્ ભવતિ વિગર્હિતમતિ જનમીઢમ્

॥૬॥ ભાવય.

સારી રીતે તૈયાર કરેલું, સ્વાદિષ્ટ અને સરસ ભોજન પણ વિષ્ટા થઈને જુગુપ્સા પેદા કરે છે. ગાયનું દૂધ પીધા પછી એ મૂત્ર બનીને ગંદકી ફેલાવે છે. ॥૬॥

કેવલમલમયપુદ્ગલનિચયે અશુચીકૃતશુચિભોજનસિચયે ।

વપુષિ વિચિન્તય પરમિહ સારમ્,

શિવસાધનસામર્થ્યમુદારમ્ ॥૭॥ ભાવય.

આ શરીર કેવળ મળથી ભરેલા પરમાણુઓનો ઢગલો છે. સુંદર-સરસ ભોજન કે મનોહારી વસ્ત્રોને પણ અપાવત્ર બનાવનાર છે. પણ આજ શરીરમાં જો સાર ભૂત કંઈ હોય તો મોક્ષમાર્ગની આરાધના કરવાનું સામર્થ્ય છે! એનો તું વિચાર કર! ॥૭॥

યેન વિરાજિતમિદમતિપુણ્યમ્, તચ્ચિન્તય ચેતન નૈપુણ્યમ્ ।

વિશદાગમમધિગમ્ય નિપાનમ્,

વિરચયશાન્તસુધારસપાનમ્ ॥૮॥ ભાવય

આ શરીરને મહાપુણ્યશાળી ગણાવી શકાય એવી કળાનો તું વિચાર કર. મહાપવિત્ર આગમ-શાસ્ત્રોરૂપી જળાશયના તીરે બેસીને તું શાંત સુધાના રસનું આસ્વાદન કર. તારું શરીર તો ઠીક, મન પણ પવિત્ર બની જશે! ॥૮॥

## ૭—આશ્રવભાવના

યથા સર્વતો નિઝરેરાપતદ્ભિ: પ્રપૂર્યેત સદ્ય: પયોભિસ્તટાક:।
તથૈવાશ્રવૈ: કર્મભિ: સમ્ભૃતોઅંગી, ભવેદ્વ્યાકુલ: ચંચલ
પંક્લિશ્ચ ॥૧॥

જેમ ચારે બાજુથી દોડયા આવતા ઝરણાંઓ તળાવને પાણીથી છલકાવી દે છે, તેમ પ્રાણીઓ જાતજાતના પાપ-આશ્રવો વડે ઊભરાય છે, આકુળ-વ્યાકુળ બને છે, અસ્થિર અને ગંદા બને છે. ॥૧॥

યાવત્કિંચદિવાનુભૂય તરસા કર્મેહ નિર્જીર્યતે ।
તાવચ્ચાશ્રવશત્રવોડનુસમયં સિચિંન્તિ ભૂયોડપિ તત્ ।
હા કષ્ટં કથમાશ્રવપ્રતિભટા: શક્યા નિરોદ્ધું મયા
સંસારાદતિભીષણાન્મમ હહા મુક્તિ: કથં ભાવિની ॥૨॥

થોડીક મહેનત કરીને, જલ્દી જલ્દી થોડાંક કર્મોને જ્યાં દૂર કરીએ ત્યાં તો આશ્રવરૂપી શત્રુઓ હુમલો કરીને પ્રતિક્ષણે કર્મોથી આત્માને ભરી દે છે! આ કેવી વિટંબણા છે! મારે આ આશ્રવોને રોકવા કેવી રીતે? આ ભયંકર સંસારમાંથી છૂટકારો મેળવવો કેમ કરીને? ॥૨॥

મિથ્યાત્વાવિરતિકષાયયોગસંજ્ઞાશ્ચત્વાર:સુકૃતિભિરાશ્રવા:પ્રદિષ્ટા
કર્માણિ પ્રતિસમયં સ્ફુટૈરમીભિર્બદ્ધ્નન્તો ભ્રમવશતો ભ્રમન્તિ
જીવા: ॥૩॥

મહામનીષિ પુરુષોએ મિથ્યાત્વ, અવિરત, કષાય, યોગ નામના ચાર આશ્રવો બતાવ્યા છે. આ આશ્રવો

દ્વારા પળેપળ પ્રાણીઓ કર્મોના કીચડમાં ફસાય છે અને સંસારના ચકરાવે રખડયા કરે છે. ॥૩॥

ઇન્દ્રિયાવ્રતકષાયયોગજા: પંચ પંચ ચતુરન્વિતાસ્ત્રય: ।
પઞ્ચવિંશતિરસત્ક્રિયા ઇતિ, નેત્રવેદપરિસંખ્યયાઽપ્યમી ॥૪॥

આ આશ્રવો જન્મે છે પાંચ ઇન્દ્રિયો, પાંચ જાતના અવ્રત, ચાર જાતના કષાય અને ત્રણ પ્રકારના યોગમાંથી ! આની સાથે પચ્ચીસ અસત્‌ક્રિયાને મેળવવાથી એના બેંતાલીશ પ્રકાર થઈ જાય. ॥૪॥

ઇત્યાશ્રવાણામધિગમ્ય તત્ત્વમ્,
નિશ્ચિત્ય સત્ત્વં શ્રુતિસન્નિધાનાત્ ।
એષાં નિરોધે વિગલદ્વિરોધે
સર્વાત્મનાદ્રાગ યતિતવ્યમાત્મન્ ॥૫॥

આ રીતે આશ્રવ તત્ત્વોને જાણીને અને શાસ્ત્રાભ્યાસથી તત્ત્વનો નિર્ણય કરીને આત્મન્! તું એમના સર્વાંગીણ નિરોધ માટે તમામ તાકાત લગાવીને પ્રયત્નશીલ બન ! ॥૫॥

## સપ્તમભાવના-ગીત

પરિહરણીયા રે, સુકૃતિભિરાશ્રવા, હૃદિ સમતામવધાય ।
પ્રભવન્ત્યેતે રે, ભૃશમુ: શૃખંલા, વિભુગુણવિભવવધાય
॥૧॥ પરિ.

શ્રેયાર્થી જીવોએ હૈયામાં સમત્વને ધારણ કરીને કર્મબંધ માટે પ્રબળ કારણરૂપ આશ્રવોને છોડવા જોઈએ !

આ આશ્રવો જો નિરંકુશ બની ગયા તો ગુણોત્
વૈભવને વેરવિખેર કરી નાંખશે! ॥૧॥

કુગુરુનિયુક્તા રે, કુમતિપરિપ્લુતાઃ, શિવપુરપથમપહાય।
પ્રયતન્તેડમી રે, ક્રિયયા દુષ્ટયા, પ્રત્યુત શિવવિરહાય ॥૨॥ પરિ

મિથ્યાત્વ : દંભી ગુરુઓના રવાડે ચડીને અથવા પોતાની ગલત બુદ્ધિના ભોગ બનીને ચંચળ જીવો મોક્ષનો સાચો રસ્તો પડતો મૂકીને અશુદ્ધ અને અશુભ ક્રિયાઓમાં ફસાઈ જાય છે. આં રીતે મોક્ષથી વધુને વધુ દૂર ફેંકાય છે. ॥૨॥

અવિરતચિત્તા રે, વિષયવશીકૃતા, વિષહન્તે વિતનાનિ।
ઈહ પરલોકે રે, કર્મવિપાકજા-ન્યવિરલદુઃખશતાનિ ॥૩॥ પરિ

અવિરતિ : ત્યાગ પ્રતિજ્ઞા કે અનુશાસન માટે જેને કોઈ તમા જ નથી, એવા પ્રાણીઓ આવેગોને પરવશ બનીને આ લોક અને પરલોકમાં કર્મના કારણે ઉત્પન્ન થયેલા ભીષણ દુઃખોના શિકાર બની જાય છે. ॥૩॥

કરિઝષમધુપા રે, શલભમૃગાદયો, વિષયવિનોદરસેન।
હન્ત લભન્તે રે, વિવિધા વેદના, બત પરિણતિવિરસેન
॥૪॥ પરિ.

ઈન્દ્રિય : હાથી, માછલી, ભ્રમર, પતંગિયું અને હરણ-આ પ્રાણીઓ પોતપોતાના ગમતા પદાર્થો પાછળ પાગલ બનીને પીડા પામે છે અને છેલ્લે મોતના પંજામાં જકડાય છે. ॥૪॥

ઉદિતકષાયા રે, વિષયવશીકૃતા, યાન્તિ મહાનરકેષુ ।
પરિવર્ત્તન્તે રે, નિયતમનન્તશો, જનમજરામરણેષુ ॥૫॥ પરિ.

કષાય : આવેશ અને આવેગના શિકાર બનેલા પ્રાણીઓ નરકની યાત્રાએ જઈ પહોંચે છે અને અનંત અનંત જન્મમરણની ઘટમાળમાં આથડયા કરે છે, ॥૫॥

મનસા વાચા રે, વપુષા ચંચલા, દુર્જયદુરિતભરેણ ।
ઉપલિપ્યન્તે રે, તત આશ્રવજયે, યતતાં કૃતમપરેણ ॥૬॥ પરિ.

યોગ : મન-વાણી અને વર્તનથી ચંચળ પ્રાણીઓ પાપના ભારથી બેવડ વળીને કર્મરૂપી કાદવથી ખરડાઈ જાય છે. માટે બીજા બધા કામો ગૌણ કરીને ઓ આત્મન્ ! તું આશ્રવો ઉપર વિજય મેળવ !

શુદ્ધ યોગા રે, યદપિ યતાત્મનામ્, સ્રવન્તે શુભકર્માણિ
કાંચનનિગડાંસ્તાન્યપિ જાનીયાત, હતાનિવૃત્તિ શર્માણિ ॥૭॥ પરિ.

સંયમી અને વિશુદ્ધ આત્માઓના શુદ્ધ-શુભ યોગો પણ સારા કર્મોને એકત્ર કરે છે. આખરે તો મોક્ષ માટે આ શુભ કાર્યો પણ સોનાની જંજીર બનીને બાધક બને છે. ॥૭॥

'મોદસ્વૈવં' રે, સાશ્રવપાપ્મનામ્, રોધે ધિયમાધાય ।
શાન્તસુધારસપાનમનારતમ્, વિનય વિધાય વિધાય ॥૮॥ પરિ.

હે વિનય ! આશ્રવરૂપી પાપોને રોકવા માટે તારી બુદ્ધિને કામે લગાડ અને સાથે સાથે થાકયા વગર શાન્ત સુધારસનું પાન કર્યા કર ! ॥૮॥

## ૮—સંવરભાવના

યેન યેન ય ઈહાશ્રવરોધ:, સમ્ભવેન્નિયતમૌપયિકેન ।
આદ્રિયસ્વ વિનયોદ્યતચેતાસ્તત્તદાન્તરદશા પરિભાવ્ય ॥૧॥

જે જે ઉપાયો દ્વારા આશ્રવોને અટકાવી શકાય, એ બધાની આંતરદૃષ્ટિથી સમાલોચના-વિચારણા કરીને તું એ ઉપાયોનો આદર કર, અમલમાં મૂક. ॥૧॥

સંયમેન વિષયાવિરતત્ત્વે, દર્શનેન વિતથાભિનિવેશમ્ ।
ધ્યાનમાર્તમથ રૌદ્રમજસ્રમ્, ચેતસ: સ્થિરતયા ચ નિરુન્ધ્યા:
॥૨॥

ઇન્દ્રિયો, વિષયો અને અસંયમના આવેગોને સંયમથી દબાવી દે. સમ્યક્ત્વથી મિથ્યાત્વને–ખોટા આગ્રહોને અવરોધી દે. આર્ત અને રૌદ્ર ધ્યાનને સ્થિરચિત્ત વડે રૂંધી દે. ॥૨॥

ક્રોધં ક્ષાન્ત્યા માર્દવેનાભિમાનમ્,
હન્યા માયામાર્જવેનોજ્જવલેન !
લોભં વારાંરાશિરૌદ્રં નિરુન્ધ્યા, સન્તોષેણ પ્રાંશુના સેતુનેવ
॥ ૩ ॥

ક્ષમા દ્વારા ક્રોધને, નમ્રતા દ્વારા માનને, પારદર્શી સરળતા દ્વારા માયાને અને સંતોષના બંધ વડે સાગર જેવા વિશાલ લોભને નિગ્રહિત કર. ॥ ॥ ૩ ॥

ગુપ્તિભિસ્તિસૃભિરેવમજય્યાન્, ત્રીન્ વિજિત્ય તરસાધમયોગાન્ !
સાધુસંવરપથે પ્રયતેથા, લપ્સ્યસે હિતમનીહિતમિદ્ધમ્ ॥૪॥

મન વચન કાયાના દુર્જય એવા અશુભ યોગોને ત્રણ ગુપ્તિઓ વડે શીઘ્ર જીતીને તું સુંદર સંવર પંથે વિચરણ કર. એનાથી તને ઈચ્છિત મુક્તિસુખ મળશે ॥૪॥

એવં રુદ્ધેષ્વમલહૃદયૈરાશ્રવેષ્વાપ્તવાક્ય-
શ્રદ્ધાચંચત્સિતપટપટુ: સુપ્રતિષ્ઠાનશાલી ।
શુદ્ધૈર્યોગૈર્જવનપવનૈ: પ્રેરિતો જિવપોત:
સ્રોતસ્તીર્ત્વા ભવજલનિધેર્યાતિ નિર્વાણપુર્યામ્ ॥ ૫ ॥

આ પ્રમાણે સ્વચ્છ હૃદય દ્વારા આશ્રવોના દ્વારોને બંધ કરીને સ્થિર બનેલું જીવાત્મારૂપી વહાણ પ્રાજ્ઞપુરુષોના વાક્યોમાં શ્રદ્ધારૂપ ઝળકી રહેલા સઢથી સજ્જ બનીને, શુદ્ધ યોગરૂપી હવાના સહારે તરીને નિર્વાણપુરી (મોક્ષ) સુધી પહોંચી જાય છે. ॥ ૫ ॥

## અષ્ટભાવના–ગીત

શ્રૃણુ શિવસુખસાધનસદુપાયમ્, સદુપાયં રે સદુપાયમ્
જ્ઞાનાદિકપાવનરત્નત્રય–પરમારાધનમનપાયમ્ ॥૧॥ શ્રૃણુ

ચેતન, તું શિવસુખના સાધનરૂપ સદુપાયો સુંદર ઉપાયોને સાંભળ. જ્ઞાન–દર્શન–ચારિત્રની ઉત્કૃષ્ટ આરાધનારૂપ એ ઉપાયો અવશ્યમેવ ફળ આપનારા છે. એને ધ્યાનથી સાંભળ. ॥ ૧ ॥

વિષયવિકારમપાકુરુ દૂરમ્, ક્રોધં માનં સહમાયમ્ ।
લોભરિપું ચ વિજિત્ય સહેલમ્, ભજ સંયમગુણમકષાયમ્
॥ ૨ ॥ શ્રૃણુ.

વિષયોના વિકારોને દૂર કર. ક્રોધ, માન, માયા અને લોભરૂપી શત્રુઓ પર સહજ રીતે વિજય મેળવીને, કષાય-મુક્ત બનીને જલ્દીથી સંયમગુણની આરાધના કર. ॥ ૨ ॥

ઉપશમરસમનુશીલય મનસા, રોષદહનજલદપ્રાયમ્ ।
કલય વિરાગં ધૃતપરભાગમ્, હૃદિ વિનયં નાયં નાયમ્
॥ ૩ ॥ શ્રૃણુ.

ક્રોધરૂપી આગને બુઝાવવા માટે લગભગ વાદળા જેવા ઉપશમ ભાવનું તું વારેવારે ચિંતન કર. વૈરાગ્યની ઉત્કૃષ્ટ દશાને ઓળખવા પ્રયત્ન કર. ॥ ૩ ॥

આર્તં રૌદ્રં ધ્યાનં માર્જય, દહ વિકલ્પરચનાઽનાયમ્ ।
યદિયમરુદ્ધા માનસવીથી, તત્ત્વવિદઃ પન્થા નાઽયમ્
॥ ૪ ॥ શ્રૃણુ.

વિકલ્પોના જાળાંને જલાવીને આર્ત-રૌદ્ર ધ્યાનને વાળી ઝૂડી નાંખ. તત્ત્વનાઅર્થીઓ માટે માનસિક વિકલ્પોને ઉઘાડનારો પંથ બરાબર નથી! (એનાથી તું દૂર રહે). ॥ ૪ ॥

સંયમયોગૈરવહિતમાનસ-શુદ્ધ્યા ચરિતાર્થય કાયમ્ ।
નાનામતરુચિગહને ભુવને, નિશ્ચિનુ શુદ્ધપથં નાયમ્
॥ ૫ ॥ શ્રૃણું.

સજગતાભરી માનસિક શુદ્ધિ સાથેના સંયમ યોગોથી તું તારા શરીરને સાર્થક કર. વિશ્વ તો મત મતાંતરો અને માન્યતાઓના ગીચ જંગલ જેવું છે. એમાં તું તારો શુદ્ધ માર્ગ નિશ્ચત કર. ॥ ૫ ॥

બ્રહ્મવ્રતમંગીકુરુ વિમલમ્, બિભ્રાણં ગુણસમવાયમ્ ।
ઉદિતં ગુરુવદનાદુપદેશમ્, સંગૃહાણ શુચિમિવ રાયમ્
॥ ૬ ॥ શ્રૃણુ.

પવિત્ર,-નિર્મળ બ્રહ્મચર્ય વ્રતનો સહજ રીતે તું ધારણ કર. ગુણોના દરિયારૂપ ગુરુદેવના શ્રીમુખથી નીકળતા વચનોને તું સારી રીતે ગ્રહણ કર. ॥ ૬ ॥

સંયમવાઙ્મયકુસુમરસૈરતિ–સુરભય નિજમધ્યવસાયમ્ ।
ચેતનમુપલક્ષય કૃતલક્ષણ–જ્ઞાનચરણગુણપર્યાયમ્
॥ ૭ ॥ શ્રૃણુ.

સંયણ અને શાસ્ત્રરૂપી ફૂલોથી તું તારા મન પરિણામને મધમધતા રાખ. જ્ઞાન-ચારિત્ર વગેરે ગુણોના પર્યાયરૂપ ચેતનને (આત્મ સ્વરૂપને) સારી રીતે ઓળખી લે. ॥ ૭ ॥

વદનમલઙ્કુરુ પાવનરસનમ્, જિનચરિતં ગાયં ગાયમ્ ।
સવિનય શાન્તસુધારસમેનમ્. ચિરં નન્દ પાયં પાયમ્
॥ ૮ ॥ શ્રૃણુ.

જિનેશ્વરોના જીવન-કવનને ગાઈ ગાઈને તારા મોઢાને અલંકૃત કર. તારી જિહ્વાને પવિત્ર કર. વિનય

સાથે શાંતરસનું વારંવાર પાન કરીને દીર્ઘ સમય પર્યંત આનંદને પ્રાપ્ત કર. ॥ ૮ ॥

## ૯—નિર્જરાભાવના

યન્નિર્જરા દ્વાદશધા નિરુક્તા, તદ્ દ્વાદશાનાં તપસાં વિભેદાત્
હેતુપ્રભેદાદિહ કાર્યભેદઃ સ્વાતન્ત્ર્યતસ્ત્વેકવિધૈવ સા સ્યાત્
॥૧॥

બાર પ્રકારના તપના ભેદના કારણે નિર્જરા પણ બાર પ્રકારની બતાવાઈ છે. ઉપાયો જુદા જુદા હોવાથી અહીં ભેદ દેખાય છે, બાકી કાર્યરૂપે તો નિર્જરા એક જ પ્રકારની છે. ॥૧॥

કાષ્ઠોપલાદિરૂપાણાં, નિદાનાનં વિભેદતઃ ।
વહ્નિર્યથૈકરૂપોઽપિ, પૃથગ્રૂપો વિવક્ષ્યતે ॥૨॥

અગ્નિ એક જ જાતનો હોવા છતાં તેને ઉત્પન્ન કરનાર લાકડા, ચકમક વગેરેના કારણે અગ્નિને પણ અલગ અલગ રીતે ઓળખવામાં આવે છે. ॥૨॥

નિર્જરાપિ દ્વાદસધા, તપોભેદૈસ્તથોદિતા ।
કર્મનિર્જરણાત્મા તુ, સૈકરૂપૈવ વાસ્તુતઃ ॥૩॥

એ જ રીતે તપના ભેદને લીધે નિર્જરા બાર પ્રકારની હોય છે. પણ કર્મને નષ્ટ કરવાના કાર્યરૂપે તો તે એક જ પ્રકારની હોય છે. ॥૩॥

નિકાચિતાનામપિ કર્મણાં યદ્, ગરીયસાં ભૂધરદુર્ધરાણામ્ ।
વિભેદને વજ્રમિવાતિતીવ્રમ્, નમોઽસ્તુ તસ્મૈ તપસેઽદ્‌ભુતાય ॥૪॥

મોટા મોટા પર્વતોને ભેદવામાં વજ્રની જેમ સક્ષમ તપના સહારે નિકાચિત કર્મો પણ નાશ પામે છે. એવા અદ્‌ભૂત પ્રભાવશાળી તપને નમસ્કાર થાઓ ॥૪॥

કિમુચ્યતે સત્તપસઃ પ્રભાવઃ, કઠોરકર્માર્જિતકિલ્બિષોઽપિ ।
દૃઢપ્રહારીવ નિહત્ય પાપમ્, યતોઽપવર્ગં, લભતેઽચિરેણ ॥૫॥

સમીચીન તપના પ્રભાવ માટે શું કહેવું ? દૃઢપ્રહારી જેવા મહાપાપી-હત્યારાના પાપોને પણ અલ્પ સમયમાં નષ્ટ કરીને મોક્ષ આપી દે છે! ॥૫॥

યથા સુવર્ણસ્ય શુચિસ્વરૂપમ્, દીપ્તઃ કૃશાનુઃ પ્રકટીકરોતિ ।
તથાત્મનઃ કર્મરજો નિહત્ય, જ્યોતિસ્તપસ્તદ્વિશદીકરોતિ ॥૬॥

અગ્નિ જેમ સોનાનું નિર્મળ સ્વરૂપ પ્રગટ કરે છે. તેમ તપ આત્મા પર જામેલો કર્મરૂપી કચરો દૂર કરીને એના શુદ્ધ સ્વરૂપને જાજ્વલ્યમાન બનાવે છે. ॥૬॥

બાહ્યેનાભ્યન્તરેણ પ્રથિતબહુભિદા જીયતે યેન શત્રુ-
શ્રેણી બાહ્યાન્તરંગા ભરતનૃપતિવલ્લબ્ધદ્ધિમ્ના ।
યસ્માત્પ્રાદુર્ભવેયુઃ પ્રકટિતવિભવા લબ્ધયઃ સિદ્ધયશ્ચ
વન્દે સ્વર્ગાપવર્ગાર્પણપટુ સતતં તત્તપો વિશ્વવન્દ્યમ્ ॥૭॥

જે તપના બાહ્ય અને આભ્યંતર ભેદો છે. જે તપ આંતર–બાહ્ય શત્રુઓની ફોજને ભરત ચક્રવર્તીની

જેમ ભાવનાયુક્ત દૃઢતાથી જીતી લે છે. અને જેનાથી લોકો જોઈ શકે એવી સિદ્ધિઓ–વૈભવો આવી મળે છે, સ્વર્ગ અને મોક્ષને આપવામાં સક્ષમ એવા વિશ્વ માટે વંદનીય તપને હું નમું છું. ॥૭॥

## નવમભાવના–ગીત

વિભાવય વિનય તપોમહિમાનમ્,
બહુભવસંચિતદુષ્કૃતમમુના લભતે લઘુ લઘિમાનમ્
॥૧॥ વિભા.

હે વિનય, તું સારી રીતે તપના મહિમાનું ચિંતન કર ! જેનાથી જન્મોજન્મના એકઠા કરેલા પાપો એકદમ ઓછા થઈ જાય છે! ॥૧॥

યાતિ ઘનાऽપિ ઘનાઘનપટલી, ખરપવનેન વિરામમ્ ।
ભજતિ તથા તપસા દુરિતાલી, ક્ષણભંગુરપરિણામમ્ ॥૨॥
વિભા.

વાદળાઓનો સમૂહ ગમે એટલો ઘનઘોર ઘેરાયો હોય પણ આંધી બનીને ત્રાટકતા પવનથી એ વેરવિખેર બની જાય છે. તેમ પાપોની પંક્તિઓ પળભરમાં તપશ્ચર્યાના તેજથી બળીજળી જાય છે. ॥૨॥

વાંછિતમાકર્ષતિ દૂરાદપિ રિપુમપિ વ્રજતિ વયસ્યમ્ ।
તપ ઇદમાશ્રય નિર્મલભાવાદાગમપરમરહસ્યમ્ ॥૩॥ વિભા.

તપનો પ્રભાવ દૂર રહેલા મનવાંછિતને પાસે ખેંચી લાવે છે, દુશ્મનને દોસ્ત બનાવી દે છે, આ તપ તો

જિનાગમના પરમ રહસ્યરૂપ છે. સારભૂત છે. એ તપને સાચા દિલથી અપનાવી લે. ॥૩॥

અનશનમૂનોદરતાં વૃત્તિ-હ્રાસં રસપરિહારમ્ ।
ભજ સાંલીન્યં કાયકલેશમ્, તપ ઈતિ બાહ્યમુદારમ્
॥૪॥ વિભા.

૧. અનશન, ૨. ઉણોદરી, ૩. વૃત્તિસંક્ષેપ, ૪. રસ-ત્યાગ, ૫. સંલીનતા અને ૬. કાયક્લેશ. આ પ્રમાણે બાહ્યતપ છે. ॥૪॥

પ્રાયશ્ચિતં વૈયાવૃત્યમ્, સ્વાધ્યાયં વિનયં ચ ।
કાયોત્સર્ગં શુભધ્યાનમ્, આભ્યન્તરમિદમં ચ ॥૫॥ વિભા.

૧. પ્રાયશ્ચિત્ત, ૨. વૈયાવચ્ચ, ૩. સ્વાધ્યાય, ૪. વિનય, ૫. કાયોત્સર્ગ અને ૬ શુભ ધ્યાન–આ આભ્યંતર તપના પ્રકાર છે. ॥૫॥

શમયતિ તાપં ગમયતિ પાપમ્, રમયતિ માનસહંસમ્ ।
હરતિ વિમોહં દૂરારોહં, તપ ઈતિ વિગતાશંસમ્ ॥૬॥ વિભા.

તપના તેજથી તાપ શમે છે. પાપ વિરમે છે. મન-હંસને ક્રીડા કરાવે છે. અરે, અજેય ગણાતા મોહને પણ આ તપ દૂર કરી દે છે. ॥૬॥

સંયમકમલાકાર્મણમુજ્જવલ-શિવસુખસત્યંકારમ્ ।
ચિન્તિતચિન્તામણિ-મારાધય તપ ઈહ વારંવારમ્ ॥૭॥વિભા.

તપ એ સંયમલક્ષ્મીનું સાચું વશીકરણ છે. નિર્મળ એવા મોક્ષસુખ માટે વચનરૂપ છે. મનવાંછિત પૂરનાર

ચિંતામણી રત્ન છે. માટે તું એનું વારંવાર આરાધન કર. ॥૭॥

કર્મગદૌષધમિદમિદમસ્ય ચ, જિનપતિમતમનુપાનમ્ ।
વિનય સમાચર સૌખ્યનિધાનમ્, શાન્તસુધારસપાનમ્ ॥૮॥ વિભા.

આ તપ કર્મરૂપી રોગો માટે ઔષધ સમાન છે અને જિનેશ્વરોની આજ્ઞા એ ઔષધ સાથેનું અનુપાન છે. સર્વ સુખોના નિધાનરૂપ શાંતસુધાના રસનું તું પાન કર.

## ૧૦—ધર્મભાવના

દાનં ચ શીલં ચ તપશ્ચ ભાવો, ધર્મશ્ચતુર્ધા જિનબાન્ધવેન
નિરુપિતો યો જગતાં હિતાય, સ માનસે મે રમતામજસ્રમ્ ॥૧॥

જગતના હિત અને કલ્યાણ માટે જિનેશ્વર ભગવંતોએ દાન, શીલ, તપ તથા ભાવ—આ પ્રમાણે ચાર પ્રકારનો ધર્મ બતાવ્યો છે. એ ધર્મ મારા હૃદયમાં નિરંતર વસી રહો. ॥૧॥

સત્યક્ષમામાર્દવશૌચસંગત્યાગાર્જવબ્રહ્મવિમુક્તિયુક્તઃ ।
યઃ સંયમઅકિંચતપોવગૂઢશ્ચારિત્રધર્મો દશધાઽયમુક્તઃ ॥૨॥

૧. સત્ય, ૨. ક્ષમા, ૩. માર્દવ, ૪. શૌચ, ૫ સંગત્યાગ, ૬. આર્જવ, ૭. બ્રહ્મચર્ય, ૮. મુક્તિ, ૯ સંયમ અને ૧૦. તપ—આ પ્રમાણે દસ પ્રકારનો ચારિત્ર ધર્મ બતાવ્યો છે. ॥૨॥

યસ્ય પ્રભાવદિહ પુષ્પદન્તૌ, વિશ્વોપકારાય સદોદયેતે ।
ગ્રીષ્મોષ્મભીષ્મામુદિતસ્તડિત્વાન્,કાલે સમાવાસયતિ ક્ષિતિં ચ
॥૩॥

ધર્મના પ્રભાવથી સૂર્ય અને ચંદ્ર આ વિશ્વ ઉપર ઉપકાર કરવા માટે દરરોજ ઊગે છે અને કાળઝાળ તાપથી સંતપ્ત બનેલી ધરાને ઉચિત સમયે વીજળીના તડતડાટ સાથે મેઘ આવીને શીતળતા આપે છે. ॥૩॥

ઉલ્લોલકલ્લોલકલાવિલાસૈર્ન પ્લાવયત્યમ્બુનિધિ: ક્ષિતિં યત્ ।
ન ઘ્નન્તિ યદ્વ્યાઘ્રમરુદ્દવાદ્યા, ધર્મસ્ય સર્વોઽપ્યનુભાવ એષ:
॥૪॥

ઉછળતો અને ઉભરતો દરિયો આખી પૃથ્વીને પોતાના આગોશમાં ડૂબાડી નથી દેતો. વાઘ, સિંહ વગેરે હિંસ્ર પશુઓ અને વાવાઝોડાં, દાવાનળ વગેરે માણસ-જાતને ભરખી નથી જતા, એ બધો ધર્મનો પ્રભાવ છે. ॥૪॥

યસ્મિન્નૈવ પિતા હિતાય યતતે, ભ્રાતા ચ માતા સુત:
સૈન્યં દૈન્યમુપૈતિ ચાપચપલમ્, યત્રાઽફલં દોર્બલમ્ ।
તસ્મિન્ કષ્ટદશાવિપાકસમયે, ધર્મસ્તુ સંવર્મિત:
સજ્જ: સજ્જન એષ સર્વજગત-સ્ત્રાણાય બદ્ધોદ્યમ: ॥૫॥

જ્યારે માતા, પિતા, ભાઈ–બહેન બધાજ મોઢું ફેરવી લે, પોતાનાં જ સૈનિકો–માણસો દીન–હીન બની જાય, ધનુષ્ય બાણ ઉઠાવનારના હાથ હેઠા પડી જાય,

એવા કપરા સમયે કષ્ટભરી દશામાં પણ સજ્જ બનીને ધર્મ આખી દુનિયાનું રક્ષણ કરવા તૈયાર રહે છે. ॥૫॥

ત્રૈલોક્યં સચરાચરં વિજયતે યસ્ય પ્રસાદાદિદમ્,
યોઽત્રાઽમુત્ર હિતાવહસ્તનુભૃતાં સર્વાર્થસિદ્ધિપ્રદઃ ।
યેનાનર્થકદર્થના નિજમહઃ સામર્થ્યતો વ્યર્થિતા
તસ્મૈ કારુણિકાય ધર્મવિભવે, ભક્તિપ્રણામોઽસ્તુ મે ॥૬॥

જે ધર્મના પ્રભાવથી ચલ અને અચલ વસ્તુઓથી યુક્ત ત્રણે લોક વિજયી બને છે. જે ધર્મ પ્રાણીઓને આ ભવ, પરભવમાં હિતકર બનીને સર્વ કાર્યોની સિદ્ધિ આપે છે અને જે ધર્મ પોતાના પ્રભાવથી અનેક અનર્થોની પીડાને ટાળી દે છે. એવા મહાકરુણામય ધર્મ વૈભવને મારો ભક્તિભાવભર્યો નમસ્કાર થાઓ. ॥૬॥

પ્રાજ્યં રાજ્યં સુભગદયિતા, નન્દના નન્દનાનામ્,
રમ્યં રૂપં સરસકવિતા–ચાતુરી સુસ્વરત્વમ્ ।
નીરોગીત્વં ગુણપરિચયઃ સજ્જનત્વં સુબુદ્ધિં
કિં નુ બ્રૂમઃ ફલપરિણતિમ્, ધર્મકલ્પદ્રુમસ્ય ॥૭॥

ધર્મ તો કલ્પવૃક્ષ છે! એ બધું જ આપે છે. મહાન સામ્રાજ્ય, સૌભાગ્યશીલ પત્ની, પુત્ર–પૌત્રોથી ભર્યોભર્યો પરિવાર, જનપ્રિયતા, સુંદરતા, કાવ્યશક્તિ, ચાતુરી, વક્તૃત્વ, નિરોગિતા, ગુણગ્રાહકતા, સજ્જનત્વ, સુંદર બુદ્ધિ, આવા તો કેટલા ફળ કહીએ? ॥૭॥

## દશમભાવના-ગીત

પાલય પાલય રે પાલય માં જિનધર્મ ।
મંગલકમલાકેલિનિકેતન, કરુણાકેતન ધીર ।
શિવસુખસાધન ભવભયબાધન, જગદાધાર ગમ્ભીર,
॥૧॥ પાલય.

ઓ જિનેશ્વરો દ્વારા કથિત ધર્મ ! તું મારૂ પાલન કર ! મારો ઉદ્ધાર કર ! મંગલમયી ક્રીડાઓના સ્થાનરૂપ, કરૂણાથી સભર, ધૈર્યવાન, મુક્તિસુખના સાધનરૂપ, સંસારના ભયોને દૂર કરનાર જગતના આધારરૂપી ધીર-ગંભીર ધર્મ ! તું મારૂં પાલન કર ! ॥૧॥

સિચંતિ પયસા જલધરપટલી, ભૂતલમમૃતમયેન ।
સૂર્યાચન્દ્રમસાવુદયેતે, તવ મહિમાતિશયેન ॥૨॥ પાલય.

તારા પ્રભાવથી, પાણીથી લચેલા વાદળાઓ પૃથ્વીને ભીંજવે છે. સિંચે છે. સૂર્ય-ચંદ્ર ઉગે છે. પ્રકાશ આપે છે. ॥૨॥

નિરાલમ્બમિયમસદાધારા, તિષ્ઠતિ વસુધા યેન
તં વિશ્વ સ્થિતિમૂલસ્તમ્ભમ્, ત્વાં સેવે વિનયેન
॥ ૩ ॥ પાલય.

તારા મહિમાથી જે કોઈ પણ જાતના આધાર વગર આ પૃથ્વી સ્થિર રહી છે. વિશ્વની સ્થિતિના મૂળ સ્તંભ-રૂપ ધર્મને હું વિનયપૂર્વક સ્વીકારૂં છું. ॥ ૩ ॥

દાનશીલશુભભાવતપોમુખ-ચરિતાર્થીકૃતલોક ।
શરણસ્મરણકૃતામિહ ભવિનામ્, દૂરીકૃતભયશોક
॥ ૪ ॥ પાલય.

જે પ્રાણીઓ ધર્મનું શરણ કે સ્મરણ કરે એ બધાને દાન, શીલ, શુભભાવ તપ વડે કૃતાર્થ કરે છે અને બધા જ ભયો તથા શોકને દૂર કરનાર આ ધર્મ છે. ॥ ૪ ॥

ક્ષમાસત્યસંતોષદયાદિક-સુભગસકલપરિવાર ।
દેવાસુરનરપૂજિતશાસન-કૃતબહુભવપરિહાર ॥૬॥ પાલય.

ધર્મનો પરિવાર ક્ષમા, સત્ય, સંતોષ દયાથી ભર્યો ભર્યો છે. ધર્મ-શાસન અસુરો અને માનવોથી પૂજિત છે. આ ધર્મ અનેક ભવ પરંપરાને તોડનાર છે. ॥૫॥

બન્ધુરબન્ધુજનસ્ય દિવાનિશ-મસહાયસ્ય સહાય: ।
ભ્રામ્યતિ ભીમે ભવગહનેઅંગી, ત્વાં બાન્ધવમપહાય
॥ ૬ ॥ પાલય.

જેનું કોઈ નથી એનો સહાયક આ ધર્મ છે. રાતદિવસ બધાને આશ્રય આપનાર છે. હે ધર્મ ! તારા સરખા સહાયકને તજીને પ્રાણી ભીષણ ભવ-વનમાં ભટકી જાય છે. ॥ ૬ ॥

દ્રંગતિ ગહનં જલતિ કૃશાનુ:, સ્થલતિ જલધિરચિરેણ ।
તવ કૃપયાખિલકામિતસિદ્ધિર્બહુના કિં નુ પરેણ,
॥ ૭ ॥ પાલય.

ધર્મ ! તારી કૃપાથી ભયંકર જંગલો નગરમાં બદલાઈ જાય. અગ્નિ પાણી બની જાય. મોટો દરિયો સપાટ જમીન બની જાય. તારી કૃપાથી બધી જ મનો-કામનાઓ પૂર્ણ થાય છે. બીજાનું હવે મારે કંઈ કામ નથી ! ॥ ૭ ॥

ઈહ યચ્છસિ સુખમુદિતદશાંગમ્ પ્રેત્યેન્દ્રાદિપદાનિ ।
ક્રમતો જ્ઞાનાદીનિ ચ વિતરસિ, નિ:શ્રેયસસુખદાનિ
॥ ૮ ॥ પાલય.

આ જન્મમાં તું દશ પ્રકારનું સદૈવ વધતું સુખ આપે છે. આવતા જન્મમાં ઈન્દ્ર વગેરે મહાન પદવી આપે છે અને અનુક્રમે મોક્ષ સુખના સાધનરૂપ જ્ઞાન વગેરે ગુણો પણ આપે છે. ॥ ૮ ॥

સર્વતન્ત્રનવનીત સનાતન, સિદ્ધિસદનસોપાન ।
જય જય વિનયવતાં પ્રતિલમ્ભિત-શાન્તસુધારસપાન
॥ ૯ ॥ પાલય.

બધા જ તંત્રોનું નવનીત-માખણ રૂપ, મુક્તિ મંદિરે પહોંચવા માટે પગથિયારૂપ વિનયી પુરુષોને સહજ પ્રાપ્ય શાંત અમૃતના પાનરૂપ ધર્મ ! તારો વિજય હો ! ॥ ૯ ॥

## ૧૧—લોકસ્વરૂપભાવના

સપ્તાધોઽધો વિસ્તૃતા યા: પૃથિવ્યસ્છત્રાકારા: સન્તિ રત્નપ્રભાદ્યા
તાભિ: પૂર્ણો યોઽસ્ત્યધોલોક એતૌ, પાદૌ, યસ્ય વ્યાયતૌસપ્તરજ્જુ
॥ ૧ ॥

એક બીજાની નીચે રહેલી, અત્યંત વિસ્તૃત, છત્રાકાર જે રત્નપ્રભા વગેરે ભૂમિઓ છે, તેનાથી અધોલોક વ્યાપ્ત છે. એ લોકપુરુષના બે પહોળા પગની વચ્ચેની સાત રાજલોક જેટલી જગ્યામાં એ નરકભૂમિઓ આવેલી છે. ॥ ૧ ॥

તિર્યગ્લોકો વિસ્તૃતો રજ્જુમેકામ્,
પૂર્ણો દ્વીપૈરર્ણવાન્તૈરસંખ્યૈઃ ।
યસ્ય જ્યોતિશ્ચક્રકાંચીકલાપમ્,
મધ્યે કાર્શ્યં શ્રીવિચિત્રં કટિત્રમ ॥ ૨ ॥

તિર્યક્ (મધ્યલોક–મર્ત્યલોક) વિસ્તાર એક રજ્જુના માપનો છે. એમાં અસંખ્ય દ્વીપ–સમુદ્રો સમાયેલા છે. જ્યોતિષચક્ર એમાં સુંદર કટિસૂત્ર–કંદોરાનું સ્થાન લે છે. લોકપુરુષનો એ કટિપ્રદેશ અત્યંત પાતળો અને સુશોભિત છે. ॥ ૨ ॥

લોકોઽથોર્ધ્વે બ્રહ્મલોકે દ્યુલોકે, યસ્ય વ્યાપ્તો કૂર્પરૌ પંચરજ્જૂ,
લોકસ્યાઽન્તો વિસ્તૃતો રજ્જુમેકામ્,
સિદ્ધજ્યોતિશ્ચિત્રકો યસ્ય મૌલિઃ ॥ ૩ ॥

એના ઉપરના ભાગે ઉર્ધ્વલોક–દેવલોકમાં બ્રહ્મ દેવલોક પાસે (લોકપુરુષની) બે કોણીઓનો વિસ્તાર પાંચ રજ્જુ પ્રમાણ થાય છે. એના ઉપર એક રજ્જુ પછી લોકાન્ત આવે છે કે જેના શીર્ષસ્થાને સિદ્ધ પરમાત્માની જ્યોતિ બિરાજમાન છે. ॥ ૩ ॥

યો વૈશાખસ્થાનકસ્થાયિપાદ: શ્રેણીદેશે ન્યસ્તહસ્તદ્વયશ્ચ ।
કાલેઽનાદૌ શશ્વદૂર્ધ્વંદમત્વાદ્,બિભ્રાણોઽપિ શ્રાન્તમુદ્રામખિન્ન:
॥ ૪ ॥

જેણે (લોકપુરુષે) પોતાના બે પગ પહોળા કરીને જમીન પર દૃઢપણે ટેકવ્યા છે. પોતાની કમર પર બંને હાથ મૂકયા છે. અને જે અનાદિકાળથી એક સરખી રીતે એકદમ સીધો ઊભો રહેલો હોવા છતાં, મુખમુદ્રા પર થાક વર્તાતો હોવા છતાં પોતાની જાત પણ નિયંત્રણ હોવાને કારણે ખિન્નતા દર્શાવતો નથી. ॥ ૪ ॥

સોઽયં જ્ઞેયં પુરુષો લોકનામા, ષડ્દ્રવ્યાત્માઽકૃત્રિમોઽનાદ્યનન્ત:
ધર્માધર્માકાશકાલાત્મસંજ્ઞૈર્દ્રવ્યૈ:, પૂર્ણ: સર્વત: પુદ્ગલૈશ્ચ
॥૫॥

આને 'લોકપુરુષ' સમજવો. એ છ દ્રવ્યરૂપ છે, અકૃત્રિમ છે. આદિ-અંત રહિત છે. એ ચારે બાજુ ધર્મ-અધર્મ આકાશ, કાળ, આત્મા-જીવો, પુદ્ગલ વગેરે દ્રવ્યોથી ખચોખચ ભરેલો છે. ॥ ૫ ॥

રંગસ્થાનં પુદ્ગલાનાં નટાનામ્, નાનારૂપૈર્નૃત્યતામાત્મનાં ચ ।
કાલોદ્યોગસ્વસ્વભાવાદિભાવૈ:, કર્મોતોદ્યૈર્નર્તિતાનાં નિયત્યા
॥ ૬ ॥

પોતાનાં ભિન્ન ભિન્ન રૂપો લઈને કાળ, ઉદ્યોગ, પુરુષાર્થ, સ્વભાવ, નિયતિ અને કર્મરૂપી વાજિંત્રોના તાલે નાચતા પુદ્ગલો અને નાટક કરતા જીવો માટે એ રંગમંડપ છે. નાટ્યશાળા છે. ॥ ૬ ॥

એવં લોકો ભાવ્યમાનો વિવિક્તયા,
વિજ્ઞાનાં સ્થાન્ માનસસ્થૈર્યહેતુ:
સ્થૈર્યં પ્રાપ્તે માનસે ચાત્મનીના,
સુપ્રાપ્યૈવાધ્યાત્મસૌખ્યપ્રસૂતિ: ॥ ૭ ॥

આવી રીતે લોકપુરુષનું ચિંતન જો વિવિધ દષ્ટિકોણથી કરવામાં આવે તો મનની સ્થિરતામાં સહાયક બને છે અને મનની સ્થિરતા જો મળી ગઈ તો અધ્યાત્મસુખનો પ્રાદુર્ભાવ સહેલાઈથી થઈ શકશે ! ॥ ૭ ॥

## એકાદશ ભાવના : ગીત

વિનય વિભાવય શાશ્વતમ્, હૃદિ લોકાકાશમ્ !
સકલ ચરાચરધારણે, પરિણમદવકાશમ્ ॥ ૧ ॥ વિનય.

હે વિનય ! તારા હૃદયમાં તું શાશ્વત્ લોકાકાશનું ચિંતન કર. એ લોકાકાશ બધા ચલ-અચલને ધારણ કરનાર હોવાથી દ્રવ્ય તરીકે આશ્રય આપે છે. ॥ ૧ ॥

લસદલોકપરિવેષ્ટિતમ્, ગળનાતિગમાનમ્ ।
પશ્ચાભિરપિ ધર્માદિભિ:, સુઘટિતસીમાનમ્ ॥ ૨ ॥ વિનય.

અલોકથી વીંટળાયેલો એ લોક દેદીપ્યમાન છે અને એના વિસ્તારની સીમા માપવી શકય જ નથી ! છતાંયે ધર્માસ્તિકાય વગેરે પાંચ દ્રવ્યોના સહારે એની સીમા નિશ્ચિત છે. ॥ ૨ ॥

સમવધાતસમયે જિનૈ:, પરિપૂરિતદેહમ્ ।
અસુમદણુકવિવિધક્રિયા–ગુળગૌરવગેહમ્ ॥ ૩ ॥ વિનય.

જ્યારે જિનેશ્વર અથવા સામાન્ય કેવળજ્ઞાની સમુદ્ઘાત નામની ક્રિયા કરે ત્યારે એના આખા શરીરને ભરી દે છે. પ્રાણીઓ તથા પરમાણુઓની અનેક પ્રકારની ક્રિયાઓ અને તેના ગુણો માટે એ મંદિરરૂપ છે. ॥ ૩ ॥

એકરુપમપિ પુદ્ગલૈઃ કૃતવિવિધવિવર્તમ્ ।
કાંચન શૈલશિખરોન્નતમ્, ક્વચિદવનતગર્તમ્ ॥૪॥ વિનય.

એ લોકાકાશ એકરૂપ છે. છતાંયે પુદ્ગલો એના અનેક આકાર–ભેદો સર્જે છે. એ ક્યાંક મેરુપર્વતથી પણ ઉન્નત છે તો ક્યાંક ખાડામાં પણ ઉતરેલો છે. ॥ ૪ ॥

ક્વચન તવિષમણિમન્દિરૈ–રુદિતોદિતરુપમ્ ।
ઘોરતિમિરનરકાદિભિઃ ક્વચનાતિવિરુપમ્ ॥ ૫ ॥ વિનય.

ક્યાંક વળી એ દેવતાઓના મણિમંદિરોથી ખૂબસૂરત બનીને દીપે છે, તો ક્યાંક ઘોર અંધકારથી વ્યાપ્ત નરક વગેરેથી અત્યંત બીભત્સ અને ઘૃણિત ભાસે છે. ॥ ૫ ॥

ક્વચિદુત્સવમયમુજ્જવલં જયમંલનાદમ્ ।
ક્વચિદમન્દહાહારવમ્, પૃથુશોકવિષાદમ્ ॥ ૬ ॥ વિનય.

કોઈ પ્રદેશમાં ઉત્સવના રંગમાં મસ્ત બનીને રહે છે, ક્યાંક વળી જયમંગલ નાદથી વ્યાપ્ત રહે છે. તો ક્યાંક એના પ્રદેશો મોટી ગર્જના કે અવાજોથી, નિસાસાઓ અને હાયથી ભરેલા હોય છે. શોક અને વિષાદથી વ્યાપ્ત છે. ॥ ૬ ॥

બહુપરિચિતમનન્તશો, નિખિલૈરપિ સત્ત્વૈઃ ।
જન્મમરણપરિવર્તિભિઃ, કૃતમુક્તમમત્વૈઃ ॥ ૭ ॥ વિનય.

જન્મમરણના ચકરાવે ચડેલા પ્રાણીઓએ અનંત વખત પરસ્પર અનેક પ્રકારના સંબંધો બાંધેલા હોય છે. એ સંબંધો બાંધ્યા છે અને તોડયા છે. ॥ ૭ ॥

ઈહ પર્યટનપરાઙ્મુખાઃ, પ્રણમત ભગવન્તમ્ ।
શાન્તસુધારસપાનતો, ધૃતવિનયમવન્તમ્ ॥ ૮ ॥ વિનય.

તમે જો આ પરિભ્રમણથી થાકયા હો તો જે ભગવાને શાંત સુધારસના પાન દ્વારા વિનયવાન જીવોનું રક્ષણ કર્યું છે, એ ભગવાનને પ્રણામ કરો.

## ૧૨ બોધિદુર્લભભાવના

યસ્માદ્વિસ્માપયિતસુમનઃ સ્વર્ગસમ્પદ્વિલાસાઃ
પ્રાપ્તોલ્લાસાઃ પુનરપિ જનિઃ સત્કુલે ભૂરિભોગે ।
બ્રહ્માદ્વૈતપ્રગુણપદવીપ્રાપકં નિઃસપત્નમ્,
તદ્દુષ્પ્રાપં ભૃશમુરુધિયઃ સેવ્યતાં બોધિરત્નમ્ ॥ ૧ ॥

ઓ વિશાળ બુદ્ધિના ધારકો ! બોધિ રત્ન કે જેના પ્રભાવથી દેવલોકની વિસ્મયકારી સુખ-સંપત્તિ મળે છે, અનેક પ્રકારના ઉલ્લાસ-આનંદ પ્રાપ્ત થાય છે, પછીના જન્મોમાં ભાગ્યશાળી ઉત્તમ કુળોમાં જન્મ મળે છે, અદ્વૈત બ્રહ્મની પ્રકૃષ્ટ પદવીને આપે છે, જે અદ્વિતીય અને દુષ્પ્રાપ્ય છે એ બોધિરત્ન (સમ્યક્ શ્રદ્ધા રૂપી રત્ન)ની ઉપાસના કરો ! ॥ ૧ ॥

અનાદૌ નિગોદાન્ધકૂપે સ્થિતાના-
મજસ્રં જનુર્મૃત્યુદુ:ખાર્દિતાનામ્ ।
પરિણામશુદ્ધિ: કૃતસ્તાદશી સ્યાદ્,
યયા હન્ત તસ્માદ્વિનિર્યાન્તિ જીવા: ॥૨॥

નિગોદના અંધાર્યાં કૂવામાં પડેલા અને જન્મ-મરણની ઘટમાળમાં દુ:ખી-દુ:ખી થઈ ગયેલા જીવોના ભાવોની એવી શુદ્ધિ ક્યાંથી થાય કે જેના વડે એઓ નિગોદમાંથી બહાર આવી શકે? ॥૨॥

તતો નિર્ગતાનામપિ સ્થાવરત્વમ્,
ત્રસત્વં પુનર્દુર્લભં દેહભાજામ્ ।
ત્રસત્વેઽપિ પંચાક્ષપર્યાપ્તસંજ્ઞિ-સ્થિરાયુષ્યવદ્દુલભં માનુષત્વમ્
॥૩॥

કદાચ એ સૂક્ષ્મ નિગોદમાંથી બહાર નીકળે તો એ પ્રાણીને બાદર સ્થાવરપણું મળે છે, પણ ત્રસપણું મળવું તો ઔર દુર્લભ હોય છે. ત્રસપણામાંયે પંચેન્દ્રિય-પણું અને એય પર્યાપ્તિઓથી પૂર્ણ મળવું મુશ્કેલ છે. આગળ વધીને સંજ્ઞીપણું મળી જાય તો આયુષ્યની સ્થિરતા અને મનુષ્યજીવન મળવું બહું કઠિન છે. ॥૩॥

તદેતન્મનુષ્યત્વમાપ્યાપિ મૂઢો મહામોહમિથ્યાત્વમાયોપગૂઢ: ।
ભ્રમન્ દૂરમગ્નો ભવાગાધગર્તે, પુન: ક્વ પ્રપદ્યેત તદ્બોધિરત્નમ્
॥૪॥

મહાપુણ્યે મનુષ્યત્વ મેળવીને પણ આ મૂર્ખ પ્રાણી મહામોહ અને મિથ્યાત્વ, માયાકપટની જાળમાં અટવાઈ જાય છે. છેવટે આથડતો-કૂટાતો સંસારના મોટા અગાધ કૂવામાં વધુ ઊંડે ધકેલાઈ જાય છે ॥૪॥

વિભિન્ન: પન્થાન:, પ્રતિપદમનલ્પાશ્ચ મતિન:
કુયુક્તિવ્યાસંગૈર્નિજનિજમતોલ્લાસરસિકા: ।
ન દેવા: સાંનિધ્યં વિદધતિ, ન વા કોઽપ્યતિશય-
સ્વદેવં કાલેઽસ્મિન્, ય ઈહ દૃઢધર્મા સ સુકૃતી ॥૫॥

મતમતાંતરો અને જુદા જુદા માર્ગોનો રાફડો ફાટ્યો છે. ડગલેને પગલે ભટકાતા કહેવાતા બુદ્ધિશાળી માણસો જાતજાતના તર્ક-વિતર્ક કરીને પોતાના પંથે ખેંચે છે. અત્યારે કોઈ દેવો પણ સાન્નિધ્ય કે સહાય આપતા નથી કે કોઈ અતિશય-ચમત્કાર થતા નથી. આવા કપરા કાળમાં જે આત્મા ધર્મ પર સુદૃઢ શ્રદ્ધાવાળો હશે એ જ ભાગ્યશાળી હશે. ॥૫॥

યાવદ્દેહમિદં ગદૈર્ન મૃદિતમ્, નો વા જરાજર્જરમ્
યાવત્ત્વક્ષકદમ્બકં સ્વવિષયજ્ઞાનાવગાહક્ષમમ્ ।
યાવચ્ચાયુરભંગુરં નિજહિતે તાવદ્બુધૈર્યત્યતામ્ ।
કાસારે સ્ફુટિતે જલે પ્રચલિતે પાલિ: કથં બધ્યતે ॥૬॥

જ્યાં સુધી આ શરીર વ્યાધિઓથી નંખાઈ નથી ગયું, જ્યાં સુધી વૃદ્ધાવસ્થા ઘેરી નથી વળી, જ્યાં સુધી ઇન્દ્રિયો પોતાના વિષયોમાં સક્ષમ છે, મૃત્યુના ઓછાયાં

ઉતરી નથી આવ્યા, ત્યાં સુધીમાં સમજુ અને શાણા માણસોએ પોતાના હિત માટે પ્રયત્નો કરી લેવા જોઈએ. સરોવરના પાણી ધસમસતા વહેવા માંડે પછી પાળ બાંધવાનો શો અર્થ છે? કાંઈ નહીં ॥૬॥

વિવિધોપદ્રવં દેહ-માયુશ્ચ ક્ષણભંગુરમ્ ।
કામાલમ્બ્ય ધૃતિં મૂઢૈઃ, સ્વશ્રેયસિ વિલમ્બ્યતે ॥૭॥

આ શરીર જાતજાતના ઉપદ્રવોનું ઘર છે. આયુષ્યનો જરીયે ભરોસો નથી. છતાંયે કોણ જાણે કયા પ્રકારનું આશ્વાસન મેળવીને મૂઢ આત્મા પોતાના હિત માટે આંખ મીંચામણા કરે છે? ॥૭॥

## દ્વાદશભાવના-ગીત

બુધ્યતાં બુધ્યતાં બોધિરતિદુર્લભા,
જલધિજલપતિતસુરરત્નયુક્ત્યા ।
સમ્યગારાધ્યતાં સ્વહિતમિહ સાધ્યતામ્,
બાધ્યતામધરગતિરાત્મશક્ત્યા ॥૧॥ બુધ્યતાં.

તું બોધ પામ! જાગૃત બન! બોધિ ખૂબ જ દુર્લભ છે. દરિયાના ઊંડા પાણીમાં ખોવાઈ ગયેલા દૈવી રત્નની જેમ દુર્લભ બોધિનું તું સારી રીતે આરાધન કર. પોતાના હિતની સાધના કરી લે. અને તારી આત્મ-શક્તિના પ્રભાવથી નરક વગેરે ગતિઓના દ્વાર બંધ કરી દે. ॥૧॥

ચક્રિભોજ્યાદિરિ વ નરભવો દુર્લભો, ભ્રામ્યતાં ઘોરસંસારકક્ષે
બહુનિગોદાદિકાયસ્થિતિવ્યાપ્યતે,
મોહમિથ્યાત્વમુખચોરલક્ષે ॥૨॥ બુધ્યતાં.

મહાભયંકર સંસારરૂપી વન કે જે નિગોદ વગેરે કાયસ્થિતિના કારણે ખૂબ વિસ્તર્યું છે. એ જંગલમાં મોહ-મિથ્યાત્વ વગેરે લૂંટારાઓ વસે છે. એમાં ભટકતા ભટકતા, ચક્રવર્તીના ભોજનની જેમ મનુષ્યનો જન્મ મળવો અત્યંત દુર્લભ છે. ॥૨॥

લબ્ધ ઇહ નરભવોऽનાર્યદેશેષુ યઃ, સ ભવતિ પ્રત્યુતાનર્થકારી
જીવહિંસાદિપાપાશ્રવવ્યસનિનામ્,
માઘવત્યાદિમાર્ગાનુસારી ॥૩॥ બુધ્યતાં.

સંસારમાં મનુષ્યજન્મ પણ જો અનાર્ય દેશમાં મળે તો એ નુકશાન કરનારું જ બને! કારણ કે જીવહિંસા વગેરે તીવ્ર પાપોના કારણે એ લોકો માઘવતી નામની નરમ તરફ જનારા હોય છે. ॥૩॥

આર્યદેશસ્પૃશામપિ સુકુલજન્મનામ,
દુર્લભા વિવિદિષા ધર્મતત્ત્વે ।
રતપરિગ્રહભયાહારસંજ્ઞાર્તિભિ-
ર્હન્ત! મગ્નં જગદ્દુઃસ્થિતત્વે, ॥૪॥ બુધ્યતાં.

આર્યદેશમાં, ઉચ્ચકુળમાં જન્મેલા પ્રાણીને પણ ધર્મની જિજ્ઞાસા થવી ખૂબ મુશ્કેલ છે. મૈથુન, પરિગ્રહ,

ભય અને આહારસંજ્ઞાની પીડાના વમળમાં ગોથા ખાતું આ જગત વિચિત્ર સ્થિતિનો શિકાર બને છે. ॥૪॥

વિવિદિષાયામપિ શ્રવણમતિદુર્લભમ્,
ધર્મશાસ્ત્રસ્ય ગુરુસન્નિધાનો
વિતથવિકથાદિત ત્તદ સાવેશતો, વિવિધ વિક્ષેપ મલિનેઽવધાને
॥૫॥ બુધ્યતાં

કદાચ ધર્મતત્ત્વને સમજવાની ઇચ્છા જાગી તો ગુરુચરણોમાં બેસીને ધર્મશાસ્ત્રોનું શ્રવણ ક્યાં સુલભ છે? કારણ કે ગલત ધારણાઓના શિકાર બનીને તથા વિકથાઓના ફંદામાં ફસાઈને જીવાત્મા વિષય-કષાયના આવેશથી ચિત્તની એકાગ્રતાને મલિન કરી નાંખે છે. ॥૫॥

ધર્મમાકર્ણ્ય સમ્બુધ્ય તત્રોદ્યમમ્, કુર્વતો વૈરિવર્ગોઽન્તરંગ: ।
રાગદ્વેષશ્રમાલસ્યનિદ્રાદિકો, બાધતે નિહતસુકૃતપ્રસંગ:
॥૬॥ બુધ્યતાં.

ધર્મ સાંભળીને, સમજીને, એનાથી પ્રબુદ્ધ બનીને જ્યારે આત્મા ધર્મકાર્યમાં પ્રવૃત્ત બને છે ત્યારે રાગ, દ્વેષ, આળસ, શ્રમ, ઊંઘ વગેરે અંતરંગ દુશ્મનો આડા આવે છે અને સારા કાર્યો કરવાની તક સરી જાય છે. ॥૬॥

ચતુરશીતાવહો યોનિલક્ષેષ્વિયમ્, ક્વ ત્વયાકર્ણિતા ધર્મવાર્તા ।
પ્રાયશો જગતિ જનતા મિથો વિવદતે,
ઋદ્ધિરસશાતગુરુગૌરવાર્તા ॥૭॥ બુધ્યતાં.

લાખ ચોરાશીના ફેરા ફરવામાં સારી વાતો કઈ જગ્યાએ તને સાંભળવા મળી છે? મોટા ભાગે તો દુનિયાના ચોતરે માનપાન, ખાનપાન અને આરામની વાતોમાં જ બધા મશગુલ રહે છે ॥૭॥ !

એવમતિદુર્લભાત્પ્રાપ્ય દુર્લભતમમ્,
બોધિરત્નાં સકલગુણનિધાનમ્ ।
કુરુ ગુરુપ્રાજ્યવિનયપ્રસાદોદિતમ્
શાન્તરસસરસપીયૂષપાનમ્ ॥૮॥ બુધ્યતાં.

આ રીતે અત્યંત દુર્લભથી પણ દુર્લભ એવા ગુણસંપન્ન બોધિરત્નને પ્રાપ્ત કરીને તને વિનયના અનુગ્રહથી, જે શાંતરસનું પીયૂષપાન સાંપડયું છે. તેનો યથાર્થ ઉપયોગ કર. ॥૮॥

## ૧૩—મૈત્રીભાવના

સદ્ધર્મધ્યાનસંધ્યાન-હેતવ: શ્રીજિનેશ્વરૈ:
મૈત્રીપ્રભૃતય: પ્રોક્તાશ્ચતસ્રો ભાવના: પરા: ॥૧॥

તીર્થંકર ભગવંતોએ મૈત્રી વગેરે ચાર સુંદર ભાવનાઓ ધર્મધ્યાનના અનુસંધાન માટે દર્શાવી છે. ॥૧॥

મૈત્રીપ્રમોદકારુણ્ય-માધ્યસ્થ્યાનિ નિયોજયેત્ ।
ધર્મધ્યાનમુપસ્કર્તુમ્, તદ્ધિ તસ્ય રસાયનમ્ ॥૨॥

મૈત્રી-પ્રમોદ-કરુણા અને માધ્યસ્થ્ય, આ ચાર ભાવનાઓને ધર્મધ્યાનની તૈયારી માટે પ્રાયોજિત કરવી. કારણ ભાવનામાં ઘૂંટાઈને ધર્મધ્યાન રસાયણ બને છે. ॥૨॥

મૈત્રી પરેષાં હિતચિન્તનં યદ્-ભવેત્પ્રમોદો ગુણપક્ષપાતઃ ।
કારુણ્યમાર્તાઙ્ગિરુજાં જિહીર્ષે-ત્યુપેક્ષણં દુષ્ટધિયામુપેક્ષા ॥૩॥

મૈત્રી :-બીજાના હિતની વિચારણા, પ્રમોદ : ગુણના પ્રત્યે આદર-અહોભાવ, કરુણા : દુઃખી જીવોના દુ.ખ દૂર કરવાની ભાવના. ઉપેક્ષા (માધ્યસ્થ્ય) : એટલે દુષ્ટ બુદ્ધિવાળા જીવો પ્રત્યે સમભાવ. ॥૩॥

સર્વત્ર મૈત્રીમુપકલ્પયાત્મન્,
ચિન્તયો જગત્યત્ર ન કોઽપિ શત્રુઃ ।
કિયદ્દિનસ્થાયિનિ જીવિતેઽસ્મિન્,
કિં ખિદ્યતે વૈરિધિયા પરસ્મિન્ ॥૧॥

ઓ આત્મા ! તું બધે જ તારી મૈત્રીનો વિસ્તાર કર ! જગતમાં કોઈને શત્રુ તરીકે ન માન. કેટલા દિવસ તારું જીવન અહીં સ્થિર છે ? તો પછી શા માટે દ્વેષબુદ્ધિને પંપાળીને સંતપ્ત બને છે ? ॥૧॥

સર્વેઽપ્યમી બન્ધુતયાનુભૂતાઃ,
સહસ્રશોઽસ્મિન્ ભવતા ભવાબ્ધૌ ।
જીવાસ્તબન્ધવ એવ સર્વે,
ન કોઽપિ તે શત્રુરિતિ પ્રતીહિ ॥૨॥

સંસાર સમુદ્રના સફરમાં બધા પ્રાણીઓ સાથે હજારો વખત બંધુત્વના સંબંધો રચાયા છે. માટે બધા

જીવો તારા બંધુ છે. કોઈ શત્રુ નથી. એ પ્રમાણે વિચાર કર ! ॥૨॥

સર્વે પિતૃભ્રાતૃપિતૃવ્યમાતૃ-પુત્રાઅંગજાસ્ત્રીભગિનીસ્નુષાત્વમ્ ।
જીવાઃ પ્રપન્ના બહુશસ્તદેતત્કુટુમ્બમેવેતિ પરો ન કશ્ચિત્ ॥૩॥

બધા જીવો અનેકવાર તારી સાથે પિતા, ભાઈ, કાકા, માતા પુત્ર, પુત્રી, પત્ની, બહેન, પુત્રવધુ વગેરે સંબંધોથી સંકળાયેલા છે. આ બધા જીવોની દુનિયા તારું એક કુટુંબ જ છે. પછી કોઈ તારા શત્રુ નથી. એમ પ્રતીતિ રાખ. ॥૩॥

એકેન્દ્રિયાદ્યા અપિ હન્ત જીવાઃ,
પંચેન્દ્રિયત્વાદ્યધિગમ્ય સમ્યક્ ।
બોધિં સમારાધ્ય કદા લભન્તે,
ભૂયો ભવભ્રાન્તિભિયાં વિરામમ્ ॥૪॥

એકેન્દ્રિય વગેરે જીવો પણ પંચેન્દ્રિયપણું મેળવીને, સુંદર રીતે ધર્મની આરાધના કરીને ભવભ્રમણના ભયથી ક્યારે મુક્ત બનશે? (આવા વિચારો કર) ॥૪॥

યા રાગદ્વેષાદિરુજો જનાનામ્, શામ્યન્તુ વાક્કાયમનોમુહસ્તાઃ ।
સર્વેઽપ્યુદાસીનરસં રસન્તુ, સર્વત્ર સર્વે સુખિનો ભવન્તુ ॥૫॥

પ્રાણીઓના મન-વચન-કાયાને અશુભમાં ખેંચી જનારી રાગ-દ્વેષ વગેરે વ્યાધિઓ શાંત બનો! બધા પ્રાણીઓ ઉદાસીન ભાવ (સુખ દુઃખથી ઉપર ઉઠીને)ના રસાસ્વાદને માણે. સર્વત્ર બધા જીવો સુખી બનો. ॥૫॥

## ત્રયોદશભાવના-ગીત

વિનય વિચિન્તય મિત્રતામ્, ત્રિજગતિ જનતાસુ ।
કર્મવિચિત્રતયા ગતિમ્, વિવિધાં ગમિતાસુ ॥૧॥ વિનય.

વિનય ! કર્મની વિચિત્રતાનો શિકાર બનીને જુદી જુદી ગતિમાં ભટકતા ત્રણે લોકના જીવો પ્રત્યે તું મિત્રતાનું ચિંતન કર. ॥૧॥

સર્વે તે પ્રિયબાન્ધવાઃ, ન હિ રિપુરિહ કોઽપિ ।
મા કુરુ કલિકલુષં મનો, નિજસુકૃતવિલોપિ ॥૨॥ વિનય.

બધા પ્રાણીઓ તારા મિત્ર છે. દુનિયામાં કોઈ તારો શત્રુ નથી. નાહક કલેશ-કંકાસને વશ થઈને મનને ખરાબ ન કર ! ખરાબ થયેલું મન તારા જ સત્કાર્યો પર પાણી ફેરવી દેશે ! ॥૨॥

યદિ કોપં કુરુતે પરો, નિજકર્મવશેન ।
અપિ ભવતા કિં ભૂયતે, હૃદિ રોષવશેન ॥૩॥ વિનય.

માની લે કોઈ માણસ પોતાના કર્મને પરવશ બનીને તારા પર કુપિત થાય તો તારે શા માટે ગુસ્સાને પરાધીન બનીને એવા બનવું જોઈએ ? ॥૩॥

અનુચિતમિહ કલહ સતામ્, ત્યજ સમરસમીન ।
ભજ વિવેકકલહંસતામ્, ગુણપરિચયપીન ॥૪॥ વિનય.

આ જગતમાં ક્લેશ કરવો એ કંઈ સારા માણસને શોભતું નથી ! તું તો સમતા રસના નીરમાં વિહરનાર

મ:છલી છે. ક્લેશને ત્યજી દે. ગુણોના સંસર્ગથી સમૃદ્ધ બનેલા ઓ ચેતન! તું માન સરોવરના હંસની જેમ વિવેક બુદ્ધિવાળો બન! ॥૪॥

શત્રુજના: સુખિન: સમે, મત્સરમપહાય ।
સન્તુ ગન્તુમનસોऽપ્યમી, શિવસૌખ્યગૃહાય ॥૫॥ વિનય.

શત્રુઓ પણ વૈર-વિરોધ છોડીને સમભાવને મેળવો અને સુખી બનો. એઓ પણ શાશ્વત્ સુખના ગૃહ તરફ જવા માટે રૂચિવાળા બનો. ॥૫॥

સકૃદપિ યદિ સમતાલવમ્ હૃદયેન લિહન્તિ ।
વિદિતરસાસ્તત ઈહ રતિમ્, સ્વત એવ વહન્તિ ॥૬॥ વિનય.

એકવાર જો આત્મા ભાવથી, સમતારસનું આસ્વાદન કરી લે, તો પછી એનો રસ ચાખીને એ પોતે જ સમત્વમાં ડૂબશે. ॥૬॥

કિમુત કુમતમદમૂર્છિતા:, દુરિતેષુ પતન્તિ ।
જિનવચનાનિ કંથ હહા, ન રસાદુપયન્તિ ॥૭॥ વિનય.

સમજાતું નથી! પ્રાણીઓ ખોટા ખ્યાલ બાંધીને શા માટે પાપકર્મના ખાડામાં પડતા હશે? શા માટે એમને તીર્થંકરના વચનોમાં રુચિ નહીં થતી હોય? ॥૭॥

પરમાત્મનિ વિમલાત્મના, પરિણમ્ય વસન્તુ ।
વિનય સમામૃતપાનતો, જનતા વિલસન્તુ ॥૮॥ વિનય.

શુદ્ધ આત્માઓ પરમાત્મ ભાવમાં ડૂબીને રહો. વિનયસભર સમતા રસનું પાન કરીને જનતા આનંદિત બનો! ॥૮॥

## ૧૪—પ્રમોદભાવના

ધન્યાસ્તે વીતરાગા: ક્ષપકપથગતિક્ષીણકર્મોપરાગા-
સ્ત્રૈલોકયે ગન્ધનાગાં: સહજસમુદિતજ્ઞાનજાગ્રદ્વિરાગા ।
અધ્યારુહ્યાત્મશુદ્ધયા સકલશશિકલાનિર્મલધ્યાનધારા-
મારાન્મુકતે: પ્રપન્ના કૃતસુકૃતશતોપાર્જિતાર્હન્ત્યલક્ષ્મીમ્ ॥૧॥

તે વીતરાગ પરમાત્માને ધન્ય છે! જેમણે ક્ષપક શ્રેણીના માર્ગે ગતિ કરીને કર્મોના મેલને ધોઈ નાંખ્યો છે, ત્રણલોકમાં જેઓ ગંધહસ્તી (શ્રેષ્ઠ હાથી) સમાન છે, જેમનામાં સહજ ભાવે રહેલા જ્ઞાનથી વૈરાગ્ય પ્રભાવ પ્રગટયો છે. જેઓ પૂર્ણિમાના પૂર્ણચંદ્રની કળા જેવા નિર્મળ ધ્યાનની ધારામાં આત્મવિશુદ્ધિ વડે આરોહણ કરીને, સેંકડો સુકૃતો સેવીને, અરિહંત પદની શ્રેષ્ઠ શોભાને મેળવીને મુક્તિની નિકટ પહોંચ્યા છે. ॥૧॥

તેષાં કર્મક્ષયોત્થૈરતનુગુણગણૈર્નિર્મલાત્મસ્વભાવૈ-
ર્ગાયં ગાયં પુનીમ: સ્તવનપરિણતૈરષ્ટવર્ણાસ્પદાનિ ।
ધન્યાં મન્યે રસજ્ઞાં જગતિ ભગવતસ્તોત્રવાણીરસજ્ઞા-
મજ્ઞાં મન્યે તદન્યાં વિતથજનકથાકાર્યમૌખર્યમગ્નામ્ ॥૨॥

કર્મક્ષયથી ઉત્પન્ન થયેલા તેમના (વીતરાગના અનેક ગુણોના સહારે નિર્મળ આત્મ-સ્વભાવના માધ્યમથી

અમે એમનું વારંવાર ગાન કરીને અમારા આઠ ઉચ્ચાર સ્થાનોને પવિત્ર કરીએ છીએ. પરમાત્માના સ્તોત્રનું ગાન કરનારી જિહવા જ રસને જાણે છે. બાકી લોકોની વાતો કે ગામગપાટા કરનારી જિહવા રસજ્ઞ ના હોઈ શકે એમ હું માનું છું. ॥૨॥

નિર્ગ્રન્થાસ્તેઽપિ ધન્યા ગિરિગહનગુહાગવ્હરાન્તર્નિવિષ્ટા
ધર્મધ્યાનાવધાના સમરસસુહિતા: પક્ષમાસોપવાસા: ।
યેઽન્યેઽપિ જ્ઞાનવન્ત: શ્રુતવિતતધિયો દત્તધર્મોપદેશા:
શાન્તા દાન્તા જિતાક્ષા જગતિ જિનપતે: શાસનં ભાસયન્તિ ॥૩॥

પર્વતના શિખરે એકાંત વન-પ્રદેશમાં, ગુફામાં કે બીહડ પ્રદેશોમાં, બેસીને ધર્મધ્યાનમાં લીન, સમતા રસમાં તૃપ્ત અને પંદર દિવસ, મહીનાના ઉપવાસ કરનારા સાધુઓને પણ ધન્ય છે! અન્ય જ્ઞાનવાન, શ્રુતપ્રજ્ઞાયુક્ત, ધર્મોપદેશ દેનારા, શાંત જિતેન્દ્રિય અને જગતમાં જિનેશ્વરના શાસનની શાન વધારનારા સાધુઓને ધન્ય છે! ॥૩॥

દાનં શીલં તપો યે વિદધતિ ગૃહિણો ભાવનાં ભાવન્તિ
ધર્મં ધન્યાશ્ચતુર્ધા શ્રુતસમુપચિતશ્રદ્ધયારાધયન્તિ ।
સાધ્વ્ય શ્રાદ્ધ્યશ્ચ ધન્યા: શ્રુતવિશદધિયા શીલમુદ્‌ભાવયન્ત્ય-
સ્તાન્સર્વાન્મુક્તાગર્વા: પ્રતિદિનમસકૃદ્‌ભાગ્યભાજ: સ્તુવન્તિ ॥૪॥

જે ગૃહસ્થો દાન આપે છે. શીલવ્રત ધારણ કરે છે. સુંદર ભાવનાઓ ભાવે છે. જ્ઞાનયુક્ત શ્રદ્ધાપૂર્વક ચારે પ્રકારના ધર્મને આરાધે છે. તેઓ ધન્ય છે! સાધ્વીજીઓ અને શ્રાવિકાઓ કે જેઓ નિર્મળ જ્ઞાનયુક્ત શીલની શોભા ધારણ કરે છે. તેમને પણ ધન્ય છે! આ બધાની સ્તવના ભાગ્યશાળી વ્યક્તિ વિનમ્ર બનીને દરરોજ કરે છે! ॥૪॥

મિથ્યાદૃશામપ્યુપકારસારમ્, સંતોષસત્યાદિગુણપ્રસારમ્ ।
વદાન્યતા–વૈનયિકપ્રકારમ્, માર્ગાનુસારીત્યનુમોદયામઃ ॥૫॥

મિથ્યાદૃષ્ટિ (વિધર્મી લોકો)માં પણ ઉપકાર વગેરે મુખ્ય ગુણો હોય, સંતોષ, સત્ય વગેરે ગુણો;નો વિસ્તાર હોય. ઉદારતા હોય, વિનય હોય, એ બધા માર્ગાનુસારી ગુણોની પણ અમે અનુમોદના કરીએ છીએ. ॥૫॥

જિહવે પ્રવ્હીભવ ત્વં સુકૃતિસુચારિતોચ્ચારણે સુપ્રસન્ના
ભૂયાસ્તામન્યકીર્તિશ્રુતિરસિકતયા મેડદ્ય કર્ણૌ સુકર્ણૌ ।
વીક્ષ્યાન્યપ્રૌઢલક્ષ્મીં દ્રુતમુપચિનુતં લોચને રોચનત્વં
સંસારેડસ્મિન્નસારે ફલિમિતિ ભવતાં જન્મનો મુખ્યમેવ ॥૬॥

ઓ જિહવા! તું સારી રીતે પ્રસન્ન બનીને ભાગ્યશાળી પ્રાણીઓનાં સુંદર ચરિત્રને પ્રશંસવામાં તત્પર બન. મારા કાન અન્યના યશને સાંભળીને આનંદ મેળવનારા સારા કાન બનો! બીજાની સુખ-સાહેબી જોઈને મારા નેત્રો પ્રફુલ્લિત બનો! આ સંસારમાં આવા ભાવો એજ જન્મની સાર્થકતા છે. મુખ્ય ફળ છે! ॥૬॥

પ્રમોદમાસાદ્ય ગુણૈ: પરેષાં યેષાં મતિર્મજ્જતિ સામ્યસિન્ધૌ ।
દેદીપ્યતે તેષુ મન:પ્રસાદો ગુણાસ્તથૈતે વિશદીભવન્તિ ॥૭॥

બીજાના ગુણોથી આનંદિત થઈને જેમની પ્રજ્ઞા સમતા સાગરમાં લીન બને છે, એમના મનની પ્રસન્નતા ખૂબ શોભે છે. એમનામાં એ બધા ગુણો નિર્મળ બને છે.

## ચતુર્દશભાવના-ગીત

વિનય વિભાવય ગુણપરિતોષમ્,
વિનય વિભાવય ગુણપરિતોષમ્ ।
નિજસુકૃતાપ્તવરેષુ પરેષુ, પરિહર દૂરં મત્સરદોષમ્ ॥૧॥ વિનય.

વિનય ! તું ગુણો તરફ અત્યંત આદરભાવ રાખ ! ઈર્ષ્યાભાવ છોડી દે ! જેમને પોતાના કર્મોના પરિણામે વિશેષતાઓ મળી, છે. એમાં તું આનંદનો અનુભવ કર ! ॥૧॥

દિષ્ટયાયં વિતરતિ બહુદાનમ્, વરમયમિહ લભતે બહુમાનમ્ ।
કિમિતિ ન વિમૃશસિ પરપરભાગમ,
યદ્વિભજસિ તત્સુકૃતવિભાગમ, ॥૨॥ વિનય.

કેટલું સુંદર છે, કોઈ ભાગ્યશાળી દાન આપે છે અને દુનિયામાં માન મેળવે છે ! બીજાના ઉત્કૃષ્ટ ભાગ્ય માટે તું એવા વિચારો કેમ નથી કરતો કે તને પણ એમના સુકૃતમાં ભાગ મળે ! ॥૨॥

યેષાં મન ઇહ વિગતવિકારમ, યે વિદધતિ ભુવિ જગદુપકારમ ।
તેષાં વયમુચિતાચરિતાનામ્, નામ જપામો વારંવારમ્
॥ ૩ ॥ વિનય.

જે મહાપુરુષોના મન વિકારરહિત છે. આ જગતમાં રહીને જેઓ પરોપકાર કરે છે. આવા ઔચિત્યગુણવાળા મહાન પુરુષોના નામ અમે વારે વારે સ્મરીએ છીએ ॥૩॥

અહહ તિતિક્ષાગુણમસમાનમ્ ,
પશ્યત ભગવતિ મુક્તિનિદાનમ્ ।
યેન રુષા સહ લસદભિમાંનમ, ઝટિતિ વિઘટતે કર્મવિતાનમ્
॥૪॥ વિનય.

એક સહનશીલતા ગુણ જ એવો છે કે જેની સરખામણી બીજા ગુણ સાથે થઈ ના શકે! મુક્તિ મેળવવાના પરમ સાધનરૂપ આ ગુણને તીર્થંકર પરદાત્મામાં જો! ક્ષમા ગુણ દ્વારા ક્રોધ નાશ પામે અને વધતા કર્મોનું મૂળ પણ ઘટવા માંડે! ॥૪॥

અદધુ: કેચન શીવમુદારમ્, ગૃહિણોડપિ હિ પરિહૃતપરદારમ્ ।
યશ ઈહ સમ્પ્રત્યપિ શુંચિ તેષામ્,
વિલસતિ ફલિતાફલસહકારમ્, ॥ ૬ ॥ વિનય.

કેટલાક ગૃહસ્થો પરસ્રીનો ત્યાગ કરીને શ્રેષ્ઠ શીલ-વ્રતનું પાલન કરે છે. વાંઝિયા આંબાને પણ મહોરાવે એવો એમનો કશ આજેય સંસારમાં શોભે છે. ॥ ૫ ॥

યા વનિતા અપિ યશસા સાકમ્, કુલયુગલં વિદધતિ સુપતાકમ્ ।
તાસાં સુચરિતસંચિતરાકમ્, દર્શનમપિ કૃતસુકૃતવિપાકમ્,
॥૬॥ વિનય.

જે સ્રીઓ પોતાના પિયર અને સાસરા બંને કુળને યશની ધજા પતાકાથી શણગારે છે, સચ્ચિરિત્રયુક્ત તેમના દર્શન પણ સુકૃતના ફળરૂપ છે. એટલે કે ભાગ્યે મળે છે. ॥ ૬ ॥

તાત્ત્વિકસાત્ત્વિકસુજનવતંસાઃ, કેચન યુક્તિવિવેચનહંસાઃ ।
અલમ કૃષત કિલ ભુવનાભોગમ્, સ્મરણમમીષાં કૃતશુભયોગમ્,
॥ ૭ ॥ વિનય.

તત્ત્વના જાણનારા મહાપુરુષો, સાત્ત્વિક યોગી પુરુષો અને સજ્જનોમાં શ્રેષ્ઠ પુરુષો, જ્ઞાન આપવામાં વિશદ બુદ્ધિ ધરાવતા મહાપુરુષોએ આ જગતને દીપાવ્યો છે. એમનું નામ-સ્મરણ પણ શુભ યોગ બની જાય છે. ॥ ૭ ॥

ઈતિ પરગુણપરિભાવનસારમ્, સફલય સતતં નિજમવતારમ્ ।
કુરુ સુવિહિતગુણનિધિગુણગાનમ્, વિરચય શાન્તસુધારસપાનમ્
॥ ૮ ॥ વિનય.

આ રીતે બીજાના ગુણોનું સ્મરણ-સંકીર્તન કરીને એમાં આનંદ પામવો અને તેનું ચિંતન કરવું એ રીતે જીવનને સફળ બનાવવું ! સુવિહિત ગુણોના નિધિના ગુણગાન સાથે શાંત સુધારસનું પાન તું કર્યા જ કર । ॥ ૮ ॥

## ૧૫—કારુણ્યભાવના

પ્રથમમશનપાનપ્રાપ્તિવાંછાવિહસ્તા-
સ્તદનુ વસનવેશ્માઅલંકૃતિવ્યગ્રચિત્તાઃ ।
પરિણયનમપત્યાવાપ્તિમિષ્ટેન્દ્રિયાર્થાન્
સતતમભિલષન્તઃ સ્વસ્થતાં ક્વાઽશ્નુવીરન્ ॥ ૧ ॥

આ જગતના પ્રાંણીઓ, ખાવા-પીવા, કપડાં, ઘર ઘરેણા-અલંકારો વગેરે માટે વ્યગ્ર રહે છે. લગ્ન-સંબંધો સંતતિ અને અનુકૂળ સુખભોગ માટે વ્યાકુળ રહેતું મન સ્થિર બને જ કેવી રીતે? ॥ ૧ ॥

ઉપાયાનાં લક્ષૈઃ કથમપિ સમાસાદ્ય વિભવં
ભવાભ્યાસાત્તત્ર ધ્રુવમિતિ નિબધ્નાતિ હૃદયમ્ ।
અથાકસ્માદસ્મિન્ વિકિરતિ રજઃ ક્રૂરહૃદયો
રિપુર્વા રોગો વા ભયમુત જરા મૃત્યુરથવા ॥ ૨ ॥

ગમે તેવા ઉપાયો કરીને માણસ વૈભવ ભેગો કરે છે અને આદત મુજબ એને શાશ્વત્ સમજીને હૃદયથી એની સાથે જોડાઈ જાય છે. પણ ક્રુર શત્રુ, રોગ, ભય કે ઘડપણ અથવા મૃત્યુ આ બધા ઉપર ધૂળ વિખેરી દે છે! ॥ ૨ ॥

સ્પર્ધન્તે કેઽપિ કેચિદ્દધતિ હૃદિ મિથો મત્સરં ક્રોધદગ્ધા
યુધ્યન્તે કેઽપ્યરુદ્ધા ધનયુવતિપશુક્ષેત્રપદ્રાદિહેતોઃ ।
કેચિલ્લોભાલ્લભન્તે વિપદમનુપદં દૂરદેશાનટન્તઃ
કિં કુર્મઃ કિં વદામો ભૃશમરતિશતૈર્વ્યાકુલં વિશ્વમેતત્
॥ ૩ ॥

કેટલાક સ્પર્ધામાં ડૂબે છે. કેટલાક ક્રોધથી બળી-ઝળીને હૃદયમાં માત્સર્ય રાખે છે. કેટલાક વળી ધન, સ્ત્રી જમીન વગેરે માટે યુદ્ધો કરે છે, ઝઘડે છે. કેટલાંક સંપત્તિ મેળવવા દેશ-પરદેશમાં રખડપટ્ટી કરીને દુ:ખી થાય છે. આખું વિશ્વ જાણે ઉદ્વેગ-આપત્તિથી ઘેરાઈ ગયું છે ! શું કરીએ ? શું કહીએ ? ॥ ૩ ॥

સ્વયં ખનન્તઃ સ્વકરેણ ગર્તા, મધ્યે સ્વયં તત્ર તથા પતન્તિ ।
યથા તતો નિષ્ક્રમણં તુ દૂરેઽધોઽધઃ પ્રપાતાદ્વિરમન્તિ નૈવ ॥ ૪ ॥

માણસ પોતાના હાથે ખોદેલા ખાડામાં પોતે જ એટલો ઊંડો ગબડી પડે છે કે બહાર નીકળવાની વાત તો દૂર રહી ! એ વધુને વધુ ઊંડે ધસતો રહે છે. ॥ ૪ ॥

પ્રકલ્પયન્નાસ્તિકતાદિવાદ–મેવં પ્રમાદં પરિશીલયન્તઃ ।
મગ્ના નિગોદાદિષુ દોષદગ્ધાઃ, દુરન્તદુઃખાનિ હહા સહન્તે ॥ ૫ ॥

કેટલાક વળી નાસ્તિકવાદનું પ્રવર્તન કરીને પ્રમાદને પોષે છે. દોષોમાં ડૂબીને નિગોદ વગેરેમાં અપરંપાર દુ:ખોને વેઠે છે. ॥ ૫ ॥

શ્રૃણ્વન્તિ યે નૈવ હિતોપદેશમ્, ન ધર્મલેશં મનસા સ્પૃશન્તિ।
રુજ કથંકારથાપનેયાસ્તેષામુપાયસ્ત્વયમેક એવ ॥ ૬ ॥

જે પ્રાણીઓ હિતનો ઉપદેશ સાંભળતા નથી અને ધર્મના એક અંશને પણ માનવા તૈયાર નથી. તેમની ઉપાધિઓ દૂર થાય ક્યાંથી ? ॥ ૬ ॥

પરદુ:ખપ્રતીકારમેવં, ધ્યાયન્તિ યે હૃદિ ।
લભન્તે નિર્વિકારં તે, સુખમાયતિસુન્દરમ્ ॥ ૭ ॥

બીજાના દુ:ખો દૂર કરવાના ઉપાયો જે માણસ ચિંતવે છે. તે સાચું સારું અને શ્રેષ્ઠ સુખ ભવિષ્યમાં પ્રાપ્ત કરે છે. ॥ ૭ ॥

## પચ્ચદ્દશભાવના-ગીત

સુજના ભવત મુદા ભગવન્તમ્, સુજના ભજત મુદા ભગવન્તમ્
શરણાગતજનમિહ નિષ્કારણ-કરુણાવન્તમવન્તં રે ॥૧॥સુજના

સજ્જનો ! હૈયાના હર્ષથી તમે ભગવાનને ભજો ! જે પરમાત્મા શરણે આવેલા પ્રાણીઓ માટે કોઈ પણ જાતની અપેક્ષા વગર કરૂણાવંત છે. ॥ ૧ ॥

ક્ષણમુપધાય મન: સ્થિરતાયામ્, પિબત જિનાગમસારમ્ ।
કાપથઘટનાવિકૃતવિચારંમ્, ત્યજત કૃતાન્તમસારં રે ॥ ૨ ॥
સુજના

મનને થોડું સ્થિર કરીને જિનાગમના સારનું પાન કરો. આડા અવળા રસ્તાઓ તમને ભટકાવી દેશે. આવા વિચારોને નિરર્થક સમજીને છોડી દો. ॥ ૨ ॥

પરિહરણીયો ગુરુરવિવેકી, ભ્રમયતિ યો મતિમન્દમ્ ।
સુગુરુવચ: સકૃદપિ પરિપીતમ્, પ્રથયતિ પરમાનન્દ રે
॥ ૩ ॥ સુજના.

હિત કે અહિતનું જેને ભાન નથી એવા અવિવેકી ગુરુનો સંગ છોડી દેવો જોઈએ, કારણ કે એ ઓછી બુદ્ધિવાળા લોકોને ભરમાવી દે છે. સદ્ગુરુનું વચન એકાદવાર પણ સારી રીતે સ્વીકાર્યું હોય તો આનંદનો ઉદધિ ઉછળે છે. ॥ ૩ ॥

કુમતતમોભરમીલિતનયનમ્, કિમુ પૃચ્છત પન્થાનમ્ ।
દધિબુદ્ધયા નર જલમન્થન્યામ્, કિમુ નિદધત મન્થાનં રે,
॥ ૪ ॥ સુજ ।.

ખોટા માર્ગ અને વિપરીત માન્યતાના અંધકારથી જેની આંખો બંધ છે. એવાને તું સાચા માર્ગની પૃચ્છા કરે છે ? પાણીને દહી સમજીને, વલોવવાથી શું મળશે ? ॥ ૪ ॥

અનિરુદ્ધં મન એવ જનાનામ્, જનયતિ વિવિધાતંકમ્ !
સપદિ સુખાનિ તદેવ વિદ્યત્તે, આત્મારામમશંક રે
॥ ૫ ॥ સુજના.

મનને જો સાવ નિરંકુશ છોડી દો તો એ જાત-જાતના આતંક ફેલાવશે. એજ મન જો આત્મારામના ઉપવનમાં નિશંક બનીને રમણ કરે તો અનાયાસ સુખોને આપે છે. ॥ ૫ ॥

પરિહરતાશ્રવવિકથાગૌરવ–મદનમનાદિવયસ્યમ્ ।
ક્રિયતાં સાંવરસાપ્તપદીનમ્, ધ્રુવમિદમેવ રહસ્યં રે
॥ ૬ ॥ સુજના.

જન્મોથી જામી પડેલા આશ્રવો, વિકથાઓ, ગારવો અને કામેચ્છાના કચરાને તું છોડી દે. સંવર–આત્માનુશાસનને તું તારો મિત્ર બનાવ. આ જ રહસ્યની વાત છે. ॥ ૬ ॥

સહ્યત ઈહ કિં ભવકાન્તારે, ગદનિકુરમ્બમપારમ્ ।
અનુસરતાઽઽહિતજગદુપકારમ્, જિનપતિમગદંકારં રે
॥ ૭ ॥ સુજના.

સંસારરૂપી વનમાં ભટકીને શા માટે બેશુમાર પીડાને વેઠો છો ? જિનેશ્વર કે જેઓ જગત પર ઉપકાર કરવા તત્પર છે, એનું અનુસરણ કરો ! ॥ ૭ ॥

શ્રૃણુતૈકં વિનયોદિતવચનમ્, નિયતાયતિહિતરચનમ્ ।
રચયત કૃતસુખશતસન્ધાનમ, શાન્તસુધારસપાનં રે
॥ ૮ ॥ સુજના.

વિનયથી જે કહેવાય તે અવશ્ય હિતકારી છે, એને ધ્યાન દઈને સાંભળો ! અનેક પ્રકારના પુણ્ય અને વિવિધ સુખો સાથે જોડાણ કરનાર શાંતસુધાના અમૃતનું પાન કરો. ॥ ૮ ॥

## ૧૬—માધ્યસ્થ્યભાવના

શ્રાન્તા યસ્મિન્, વિશ્રમં સંશ્રયન્તે,
રુગ્ણાઃ પ્રીતિં યન્સમાસાદ્ય સદ્યઃ ।
લભ્યં રાગદ્વેષવિદ્વેષિરોધા-દૌદાસીન્યં સર્વદા તત્પ્રિયં નઃ ॥૧॥

જેમાં શ્રાન્ત અને થાકેલા પ્રાણીઓ વિશ્રામ પામે છે, જેના દ્વારા બીમાર અને રૂગ્ણ માણસો પ્રસન્નતા અનુભવે છે. રાગદ્વેષનો રોધ થવાથી સહજ ઉદાસીનતા જેમાં મળે છે એવો માધ્યસ્થ્યભાવ અમને ઈષ્ટ છે. ।।૧।।

લોકે લોકા ભિન્નભિન્નસ્વરૂપાઃ, ભિન્નૈર્ભિન્નૈઃ કર્મભિર્મર્મભિદ્ભિઃ
રમ્યારમ્યૈશ્ચેષ્ટિતૈઃ કસ્ય કસ્ય, તદ્વિદ્વદ્ભિઃ સ્તૂયતે રુષ્યતે વા
।।૨।।

આ જગતમાં પ્રાણીઓ મર્મને ભેદનારા જાતજાતના કર્મોના કારણે ભાતભાતના ગમા અણગમા દાખવે છે, એમાં શાણા પુરુષો કોની પ્રશંસા કરે અને કોના પર ગુસ્સો કરે? ।।૨।।

મિથ્યા શંસન્વીરતીર્થેશ્વરાણાં, રોદ્ધું શેકે ન સ્વશિષ્યો જમાલિઃ।
અન્ય કો વા રોત્સ્યતે કેન પ્રાપત્તસ્માદૌદાસીન્યમેવાત્મનીનમ્
।।૩।।

ખુદ પરમાત્મા મહાવીરસ્વામી પણ પોતાના શિષ્ય જમાલિને મિથ્યા પ્રરૂપણા કરતા રોકી ના શક્યા! તો પછી કોણ કોને પાપથી રોકી શકે? માટે ઉદાસીન-મધ્યસ્થ બની જવું એજ હિતાવહ છે. ।।૩।।

અર્હન્તોઽપિ પ્રાજ્યશક્તિસ્પૃશઃકિમ્, ધર્મોદ્યોગં કારયેયુઃ પ્રસહ્ય।
દધુઃ શુદ્ધં કિન્તુ ધર્મોપદેશમ્, યત્કુર્વાણા દુસ્તરં નિસ્તરન્તિ ।।૪।।

તીર્થંકર ભગવંતો અપ્રતિમ બળ ધરાવતા હોય છે. છતાંયે તેઓ બળજબરીથી ધર્મપ્રવૃત્તિ કરાવતા નથી પણ

યથાર્થ ધર્મનો ઉપદેશ જરૂર આપે છે. જો પ્રાણી એ ધર્મને સ્વીકારે તો ભવસાગરને સામે પાર પહોંચી શકે ! ॥૪॥

તસ્માદૌદાસીન્યપીયૂષસારમ્, વારં વારં હન્ત સન્તો લિહન્તુ !
આનન્દાનામુત્તરંગત્તરંગૈર્જીવદ્ભિર્યદ્ ભુજ્યતે મુક્તિસૌખ્યમ્
॥૫॥

માટે હે સન્તપુરુષો. તમે ઉદાસીનતારૂપી અમૃત-રસનું વારંવાર આસ્વાદ કરો. ઉછળતા અને ઉભરતા એ આનંદના મોજાઓના સહારે પ્રાણી મુક્તિ સુખને પામે છે. ॥૫॥

## ષોડશભાવના-ગીત

અનુભવ વિનય સદા સુખમનુભવ, ઔદાસીન્યમુદારં રે ।
કુશલસમાગમમાગમસારમ્, કામિતફલમન્દારં રે ॥૧॥ અનુભવ

હે વિનય ! તું ઉદાર અને શ્રેષ્ઠ એવા ઉદાસીન-તાના સુખનો સતત અનુભવ કર. ઉદાસીનભાવ પરમ કલ્યાણ સાથે સંગતિ કરાવનાર છે. બધા શાસ્ત્રોના સારભૂત અને ઈષ્ટ ફળને આપનાર એવા ઉદાસીન-ભાવનો અનુભવ કર. ॥૧॥

પરિહર પરચિન્તાપરિવારમ્ ચિન્તય નિજમવિકારં રે ।
તવ કિં કોઽપિ ચિનોતિ કરીરમ્, ચિનુતેઽન્યઃ સહકારં રે
॥૨॥ અનુભવ.

પરચિંતાની આળપંપાળ છોડીને તું તારું અવિકારી આત્મસ્વરૂપનું ચિંતન કર. કોઈ કાંટાવાળા કેરડાને એકઠાં કરે કે કોઈ વળી આંબા ભેગા કરે, તારે શું લેવાદેવા છે એની સાથે ? ॥૨॥

યોઽપિ ન સહતે હિતમુપદેશમ્, તદુપરિ મા કુરુ કોપં રે।
નિષ્ફલયા કિં પરજનતપ્ત્યા કુરુષે નિજસુખલોપં રે
॥૩॥ અનુભવ,

કોઈ જો તારી કહેલી હિતની વાત પર ધ્યાન નથી આપતો, તો એના પર ગુસ્સો ના કરીશ ! પારકાની અર્થહીન પલોજણ કરીને તું શા માટે તારા આત્મસુખને ગુમાવે છે ? ॥૩॥

સુત્રમપાસ્ય જડા ભાષન્તે, કેચન મનમુત્સૂત્રં રે ।
કિં કુર્મસ્તે પરિહ્રતપયસો, યદિ પીયન્તે મૂત્રં રે ॥૪॥ અનુભવ

કેટલાક જડબુદ્ધિના લોકો શાસ્ત્રોની વાતોને બાજુએ મૂકીને ખોટી વાતો કરે છે. શાસ્ત્રવિરુદ્ધ દલીલો કરે છે. કોઈ જો સરસ દૂધ છોડીને મૂત્ર પીવા તત્પર હોય તો આપણે શું કરવાના હતા ? ॥૪॥

પશ્યસિ કિં ન મનઃ પરિણામમ્, નિજનિજગત્યનુસારં રે ।
યેન જતેન યથા ભવિતવ્યમ્, તદ્ભવતા દુર્વારં રે ॥૫॥અનુભવ.

'જે માણસની જેવી ગતિ હોય એવી એની મતિ થાય છે.' આ વાત તું કેમ સમજી શકતો નથી ! જે

માણસનું જેવું ભાવિ છે, એ બદલવું ખૂબ મુશ્કેલ છે! અશક્ય છે! ॥૬॥

રમય હૃદા હૃદયંગમસમતામ્, સંવૃણુ માયાજાલં રે ।
વૃથા વહસિ પુદ્ગલપરવશતા-માયુ: પરિમિતકાલં રે
॥૬॥ અનુભવ.

ચિત્તને આહ્લાદ આપનારી સમતાને હૃદયમાં રમતી કરીને માયાજાળને સંકેલી લે! તારું આયુષ્ય બહુ ઓછું છે. તું નાહક પરપુદ્ગલની ગુલામીમાં ગરીબ બને છે. ॥૭॥

અનુપમતીર્થમિદં સ્મર ચેતન-મન્ત: સ્થિતમભિરામં રે ।
વિરતિભાવવિશદપરિણામમ્, લભસે સુખમવિરામં રે
॥૭॥ અનુબવ.

અનુપમ તીર્થ જેવા અતિ સ્મરણીય, શુદ્ધ ચેતનામય તારા ભીતરમાં જે બિરાજે છે, એને વાર વારે સ્મરણ-પથમાં લાવ. જેથી તને દીર્ઘ સમય સુધી સુખ મળી શકે! ॥૭॥

પરબ્રહ્મપરિણામનિદાનમ્, સ્ફુટકેવલવિજ્ઞાનં રે ।
વિરચય વિનયવિવેચિતગાનમ્, શાન્તસ્સુધારસપાનં રે
॥૮॥ અનુભવ.

પરબ્રહ્મતા પરમ સાધનરૂપ ઉદાસીન ભાવ કેવળ-જ્ઞાનનો ઉઘાડ કરે છે. એ મેળવવા વિનયવિજયજી દ્વારા રચિત આ શાન્ત-સુધારસનું તું અમૃત પાન કર! ॥૮॥

## ઉપસંહાર પ્રશસ્તિ

એવં સદ્‌ભાવનાભિઃ સુરભિતહૃદયઃ સંશયાતીતગીતો-
ન્નીતસ્ફીતાત્મતત્ત્વાત્તરિતમપસરન્મોહનિદ્રામમત્વાઃ
ગત્વા સત્ત્વામમત્વાનિશયમનુપમાં ચક્રિશક્રાધિકાનાં
સૌખ્યાનાં મઙ્‌ક્ષુલક્ષ્મીમ્, પરિચિતવિનયાઃ સ્ફારકીર્તિં શ્રયન્તે ॥૧॥

આરીતે સદ્‌ભાવનાઓથી સુવાસિત હૃદયવાળો આત્મા સંશયાતીત બનીને આત્મતત્ત્વના ચિંતનથી મોહ-નિદ્રા-મમત્વ વગેરેને તત્કાળ દૂર કરે છે. સત્વવંત બનીને નિર્મમત્વભાવને ધારણ કરે છે. અનુપમ અને સો સો ચક્રવર્તીઓના સુખ કરતા પણ એના ભાવના-ભાવિત મનનું સુખ વધુ હોય છે. એ સુખને ચારે બાજુ પ્રસારીને એ પોતાનો યશ ફેલાવે છે અને અંતે મોક્ષશ્રીને પ્રાપ્ત કરે છે. ॥૧॥

દુર્ધ્યાનપ્રેતપીડા પ્રભવતિ ન મનાક્કાચિદદ્વન્દ્વસૌખ્ય-
સ્ફાતિઃ પ્રીણાતિ ચિત્તં પ્રસરતિ પરિત સૌખ્યસૌહિત્યસિન્ધુઃ ।
ક્ષીયન્તે રાગરોષપ્રભૃતિરિપુભટાઃ, સિદ્ધિસામ્રાજ્યલક્ષ્મીઃ
સ્યાદ્વશ્યા યન્મહિમ્ના વિનયશુચિધિયો ભાવનાસ્તા શ્રયધ્વમ્ ॥૨॥

જે ભાવનાના પ્રભાવથી દુર્ધ્યાનરૂપ પીડા લગીરે પરેશાન કરતી નથી. જેના પ્રભાવથી અનિર્વચનીય સુખની વૃદ્ધિંગત છોળો ચિત્તને પ્રસન્ના આપે છે.

તૃપ્તિનો દરિયો ચારેકોર લહેરાય છે. જેના પ્રતાપે રાગ, દ્વેષ વગેરે દુશ્મનો નષ્ટ થઈ જાય છે અને આત્મઋદ્ધિ સહજ રીતે પ્રાપ્ત થાય છે. એ વિનયથી નિર્મળ બુદ્ધિયુક્ત બનીને તમે એ ભાવનાઓનું ધ્યાન કરો.! ॥૨॥

શ્રીહીરવિજયસૂરીશ્વરશિષ્યૌ સોદરાવભૂતાં દ્વૌ ।
શ્રીસોમવિજયવાચક વાચકવરકીર્તિવિજયાખ્યૌ ॥૩॥

શ્રી હીરવિજયસૂરીશ્વરજીના બે શિષ્યો કે જે સગા ભાઈ હતા એ શ્રી સોમવિજયજી વાચક અને વાચકવર કીર્તિવિજયજી ! ॥૩॥

તત્ર ચ કીર્તિવિજયવાચક શિષ્યોપાધ્યાયવિનયવિજયેન ।
શાન્તસુધારસનામાં સંદૃષ્ટો ભાવનાપ્રબન્ધોઽયમ્ ॥૪॥

એમાં શ્રી કીર્તિવિજય વાચકના શિષ્ય ઉપાધ્યાય વિનયવિજયજીએ 'શાંત સુધાંરસ' નામનો આ ભાવના પ્રબંધ ગ્રંથ રચ્યો છે. ॥૪॥

શિખિનયનસિન્ધુશશિમિતવર્ષે હર્ષેણ ગન્ધપુરનગરે ।
શ્રીવિજયપ્રભસૂરિપ્રસાદતો યત્ન એક સફલોઽભૂત ॥૫॥

વિક્રમ સંવત ૧૭૨૩માં ગંધપુર (ગંધાર) નગરમાં હર્ષ ભરપૂર હૃદયથી કરેલો આ પ્રયત્ન તત્કાલીન જૈનાચાર્ય શ્રી વિજયપ્રભસૂરીશ્વરના પ્રસાદથી સફળ થયો. ॥૫॥

યથાં વિધુ ષોડશભિઃ કલાભિઃ સમ્પૂર્ણતામેત્ય જગત્પુનીતે ।
ગ્રન્થસ્તથા ષોડશભિઃ પ્રકાશૈરયં સમગ્રઃ શિવમાતનોતુ ॥૬॥

જેમ ચંદ્રમા સોળે કળાએ ખીલીને સૃષ્ટિને આનંદ આપે છે એમ સોળ વિભાગોમાં વહેંચાયેલો આ ગ્રંથ પણ બધાનું કલ્યાણ કરનારો બનો. ॥ ૬ ॥

યાવજ્જગત્યેષ સહસ્રભાનુઃપીયૂષભાનુશ્ચ સદોદયેતે ।
તાવત્સતામેતદપિ પ્રમોદમ્, જ્યોતિઃ સ્ફુરદ્વાઙ્મયમાતનોતુ ॥ ૭ ॥

જ્યાં સુધી વિશ્વમાં સૂર્ય અને ચંદ્ર ઊગે છે...ત્યાં સુધી સજ્જનોને આ 'શાંત સુધારસ' ગ્રંથ મનપ્રસન્નતા આપતો રહેશે અને ચિત્ત સ્થૈર્યની કેડી દેખાડતો રહેશે.

(શાંત સુધારસમાંથી)

□

# સનાતન મોક્ષ માર્ગ

"મૂળ મારગ" પદમાં શ્રીમદ્ રાજચંદ્રજીએ (પરમ કૃપાળુદેવે) સનાતન મોક્ષ માર્ગ શું છે તે સમજાવી દીધેલ છે.

હાલમાં જૈન ધર્મમાં પ્રવર્તી રહેલા જુદા જુદા સંપ્રદાયો એમ કહે છે કે અમારી પાસે જ સાચો જૈન ધર્મ–મોક્ષમાર્ગ છે, બીજા પાસે જશો તો રખડી મરશો, મિથ્યાત્વી થઈ જશો. આવું ક્યારે બોલવું પડે? જ્યારે પોતાની પાસે સાચી સમજણ યથાર્થ મોક્ષમાર્ગને સમજવા માટે ન હોય અને પરંપરાએ જે કુળમાં જન્મ્યા તે કુળનાં લોકો જે ધર્મ પાળતા હોય તેને પોતાનો ધર્મ માની લે અને માધ્યસ્થભાવને તિલાજલી આપી દેવાને કારણે કોઈને કોઈ મતપંથને પકડી રાખે અથવા અહીંયા પોતાનો માન મોભો સચવાઈ રહેશે, મારી વાહવાહ થશે એમ ગણીને સાચું જાણવા છતાં છોડતો નથી અને આગ્રહથી આરાધન કરતો નજરે ચડે છે.

સાચો માર્ગ અથવા તેનું રહસ્ય ભગવાન મહાવીર સ્વામી એ પ્રરૂપેલ સનાતન મોક્ષમાર્ગ જાણીને તે પ્રમાણે સાધના કરીને પોતાનાં આત્મસ્વરૂપની રમણતારૂપ સ્થિતિ કરેલી છે તેની પાસેથી જ મળવાની શકયતા રહેલી છે.

સંસારમાં પણ આપણે કોઈ ગામે જવું હોય અને તેનો રસ્તો જાણતા ન હોય તો તે રસ્તાનાં જાણકારને સાથે રાખવો પડે છે. અથવા તેનાં માર્ગદર્શન દ્વારા માર્ગ સમજીને ચાલવા માંડતા નિશ્ચિત ગામે પહોંચી શકાય છે. તેવી જ રીતે મોક્ષમાર્ગને યથાર્થ સમજીને જેણે તે માર્ગે ચાલીને રસ્તો જોઈ લીધો છે તેની પાસે જવાથી જ મોક્ષમાર્ગ મળી શકે તેમ છે. તે જ માર્ગમાં આવતી અડચણો, મુશ્કેલીઓ જાણતા હોય છે. અને તેથી સાધકને જ્યારે જરૂર પડે ત્યારે જરૂરી અને યથાર્થ માર્ગદર્શન પુરૂં પાડી શકતા હોય છે.

પરમકૃપાળુદેવે તેમનાં વચનામૃતમાં ઠેકઠેકાણે પ્રતિપાદિત કર્યું છે કે મોક્ષે જવું હશે તો, તેનાં માર્ગમાં ચાલવું હશે તો, તમારે તેના ભોમિયા પાસે જવું પડશે. ભોમિયા એટલે સદ્‌ગુરુનાં ચરણે જવું પડશે. તેનાં આશ્રયમાં રહીને આજ્ઞા પ્રમાણે ચાલવાથી પ્રાપ્ત થઈ શકે તેમ છે. કોઈ પુસ્તકમાં કે શાસ્ત્રમાં જોઈને પોતાની સમજણે સાધનાપથ પર ચાલવાનો પુરુષાર્થ કરવામાં આવશે તો કાંઈ હાથમાં આવશે નહીં. આગમો દ્વારા, શાસ્ત્રો દ્વારા સાધક બનવા માગતો જીવ પોતાની પાત્રતા કેળવી શકશે. પાત્રતા શું હોઈ શકે? તેની વ્યાખ્યા પ. કૃ. દેવે "ઈચ્છે છે જે જોગીજન" એ પદમાં કહી છે. તે શું છે તે જોઈએ. આ પદની નવમી કડીમાં પ્ર. કૃ. દેવ કહે છે કે પાંચે ઈન્દ્રિયોનાં વિષયો મંદ થતા

જાય, તેના તરફથી જીવ પોતાનો ઉપયોગ વાળી અંતર્મુખ બનાવવા પ્રયત્ન કરે. પોતાનાં દરેક કાર્યમાં સરળતાથી જ વર્તે. કોઈપણ જાતનો માયાચાર આચરે નહીં, કોઈને છેતરવાનો પ્રયત્ન ન કરે, આત્માનાં ગુણો, લક્ષણો સમજવા માટે, સુવિચારણા પોતાનામાં જાગૃત કરે અને જે સદ્‌ગુરુનાં આશ્રયમાં રહેતા હોય તેની આજ્ઞા પ્રમાણે વર્તીને પુરુષાર્થ કરે. પોતાની અંદર કરુણાભાવની હેલી વહી રહી હોય, કોમળ સ્વભાવ, મૃદુતા હોય આવા અનેક ગુણો પ્રગટ થાય ત્યારે સાધક પ્રથમ પ્રકારની પાત્રતાવાળો કહેવાય છે,

તે જ પદની દશમી કડીમો કહે છે કે જેણે ઈન્દ્રિયોનાં શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ વિ. વિષયોમાં પરિણમવાનું છોડી દીધું હોય અને જેને આત્મરમણતારૂપ સંયમમાં રહેવા માટેનાં જે સાધનો તેમાં જ પ્રીતિ–લગની હોય, જગતમાં ગણાતા માહાત્મ્યવાન પદાર્થો આત્માની સામે જેને તુચ્છ જણાતા છોય એવી સ્થિતિવાળો જીવ મધ્યમપાત્ર કહેવાય છે.

તે જ પદની અગ્યારમી કડીમાં કહે છે કે જેને જીવવાની પણ તૃષ્ણા મટી ગઈ છે અને અત્યારે જ મરણ આવી પડે તો પણ જેને કોઈપણ જાતનો ક્ષોભ થતો નથી, જેણે સાંસારિક વસ્તુઓ તરફનો લોભ કષાયં જીતી લીધો છે તેવો સાધક ઉત્તમ ભૂમિકા–ઉચ્ચ પાત્રતાવાળો ગણાય છે.

આપણી ભૂમિકાનો આપણે વિચાર કરવો જોઈએ. આપણે કઈ કક્ષામાં આવીએ છીએ તેનો લક્ષ મેળવી આપણી પાત્રતામાં વધારો થતો રહે તે સતતપણે જોતા રહેવાની જરૂર છે જેથી મોક્ષમાર્ગનાં પરિણમનમાં જે વિઘ્નો આવતા હોય, મુશ્કેલીઓ આવતી હોય તેને પાત્રતામાં વધારો કરવાથી દૂર કરી શકાય. શ્રીમદ્ આનંદઘનજી મ. સા. તેમનાં દ્વારા રચેલા ત્રીજા સ્તવનમાં કહે છે.

"સેવનકારણ પહેલી ભૂમિકા રે, અભય, અદ્વેષ અખેદ"

એટલે કે મોક્ષમાર્ગમાં ચાલવું હશે તો તેને માટેની યોગ્યતા લાવવી પડશે અને યોગ્યતા માટે કહે છે કે 'અભય', 'અદ્વેષ', અને 'અખેદ' નામનાં ગુણો પ્રગટાવવા પડશે. આપણામાં રહેલી ભય પ્રકૃતિને–એટલે કે પરિણામોની ચંચળતા–ચપળતા છે તેને દૂર કરીને અભય નામનો ગુણ પ્રગટાવવો પડશે, કોઈપણ વસ્તુ તરફનો અણગમાનો ભાવ દૂર કરવો પડશે, કોઈપણ બનાવ બની ગયા પછી જે ખેદ કરવાની ટેવ છે. વલોપાત કરવાની ટેવ છે તેની પાછળ સમય પસાર કરવાની અને આર્તધ્યાન, રૌદ્રધ્યાન કરવાની ટેવ છે તે દૂર કરવી પડશે કારણ કે જે કાંઈ બની ગયું છે તેને પાછું ફેરવી શકાતું નથી તો પછી ખેદ કરીને જીવને કર્મથી ભારે બનાવવાને બદલે ખેદ નામનો દુર્ગુણ દૂર કરી દેવો જ હિતાવહ છે અને 'અખેદ' નામનાં ગુણને પ્રગટાવવો જરૂરી છે.

આટલી પ્રસ્તાવનારૂપ વાત કરીને સનાતન મોક્ષ માર્ગ શું છે તે પ. કૃ. દેવનાં પદ 'મૂળ મારગ' ઉપર વિચાર કરીએ.

મૂળ મારગ સાંભળો જીનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ...
મૂ. મા.
નો'ય પૂજાદિની જો કામના રે, નો'ય વ્હાલું અંતર ભવદુ:ખ...
મૂ. મા.-૧

જિનેશ્વર ભગવંતો જે મોક્ષમાર્ગ-મૂળરૂપે બતાવી ગયા છે જે પ્રમાણે તેઓએ આરાધ્યો છે તે પ્રમાણે યથાતથ્ય તેઓ જણાવી ગયા છે તેને હે ભવ્ય જીવો તમે સાંભળો. જે વૃત્તિઓ બાહ્યભાવ-પરભાવ-વિભાવ-ભાવમાં રમણતા કરી રહી છે તેને આ માર્ગ સાંભળવા માટે સદ્‌ગુરુ તરફ વાળો. તેના તરફ ઉપાદાન-આત્માને રાખો. વૃત્તિ અખંડપણે સદ્‌ગુરુ સન્મુખ રાખો અને સાંભળવા માટે તૈયાર થઈ જાઓ. જો તમને પૂજાદિ એટલે તમારું સન્માન કરે, તમે ધાર્મિક છે એમ મનાવવાની કામના. ઇચ્છા ન હોય અને જે જન્મ-મરણ કરવા પડે છે તેનું દુ:ખ વ્હાલુ ન લાગતું હોય એટલે કે જન્મ-મરણના ફેરા મિટાવી દેવા હોય તો તમો તમારી વૃત્તિ સદ્‌ગુરુ પ્રત્યે સન્મુખ કરીને સાંભળો અહીંયા જે કાંઈ કહેવામાં આવે છે તેમાં તમારા જન્મ-મરણનાં ફેરા ટળી જાય એ ભાવના જ કામ કરી રહી છે. મને જે આત્મઅનુભવ દ્વારા જે સુખ મળ્યું

છે તે સુખ આપ સૌ પામો અને ભવભ્રમણના ફેરા ટળી જાય એ જ નિષ્કારણકરૂણાભાવથી જ કહેવામાં આવી રહ્યું છે. આ જે કાંઈ કહેવામાં આવે તેને તમો એકતાર વૃત્તિ કરીને સાંભળો જેથી તમો તેને બરાબર સમજી શકશો. આ માર્ગ ક્યાંય મતપંથમાં કે સંપ્રદાયોનાં વાડામાં યથાતથ્ય રીતે જોવામાં આવતો નથી. કોઈક ફક્ત ક્રિયામાં જ અટકી રહ્યા છે. કોઈક શાસ્ત્રનું જ્ઞાન કરી લીધું એટલે આપાણું કાર્ય થઈ ગયું તેમ જ માને છે. કોઈ ફક્ત વ્યવહારને જ મુખ્યતાએ ગણે છે. કોઈક નિશ્ચયનયને જ પકડીને બેઠા છે. પણ જ્ઞાની પુરુષો તો કાંઈક જુદું જ કહે છે. પૂ. ઉ. શ્રી–યશોવિજયજી મ. સા. કહે છે કે "જ્ઞાન ક્રિયાભ્યામ મોક્ષ:" એટલે કે સમ્યક્ ક્રિયા દ્વારા જ મોક્ષ પ્રાપ્ત થાય છે. પ. કૃ. દેવ આત્મ-સિદ્ધિમાં પણ બતાવે છે કે

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એહ,

આ કડીમાં પણ એમ જ કહેવામાં આવ્યું છે કે 'જે જે જ્યાં સમજવું જરૂરી છે તે તે ત્યાં સમજવાની ઈચ્છા જેને છે અને તે પ્રમાણે જે પ્રકારનું આચરણ ક્રિયાની જરૂર છે ત્યાં ત્યાં તે તે ક્રિયાનું આચરણ કરે છે તેને આત્માર્થી એટલે કે મોક્ષમાર્ગ ઉપર ચાલવાની ઈચ્છાવાળો કહેવામાં આવે છે એટલે આ કડીમાં પણ જ્ઞાન અને ક્રિયા બન્ને પર ભાર આપવામા આવ્યો

છે, વ્યવહાર અને નિશ્ચય બન્નેને યથાતથ્ય સમજીને જેની જેની જ્યાં જ્યાં જરૂર છે ત્યાં ત્યાં તે પ્રમાણે આચરવામાં આવે તો જ જીવ મોક્ષમાર્ગને સમજીને આગળ વધી શકે અને પોતાનાં આત્માનું સુખ પામી શકે.

હવે 'મૂળ માર્ગ' પદની બીજી કડીમાં પ. કૃ. દેવ શું કહે છે તેનાં પર વિચાર કરીએ.

કરી જોજો વચનની તુલના રે, જોજો શોધીને જિનસિદ્ધાંત...
મૂ. મા.

માત્ર કહેવું પરમારથ હેતુથી રે, કોઈ પામે મુમુક્ષુ વાત...
મૂ. મા.-૨

પરમકૃપાળુદેવ કહે છે કે આ હું જે અહીંયા કહેવા માંગુ છું, જે કાંઈ બોલું છું, તે વચનોની બોલની તુલના તમે કોની સાથે કરશો? તો કહે છે કે જિનેશ્વર ભગવંતો દ્વારા પ્રરૂપવામાં આવેલા અને ગણધર દ્વારા શાસ્ત્રબદ્ધ કરવામાં આવેલા એવા જિન સિદ્ધાંતના પુસ્તકો જોજો. અને તેમાં જે કાંઈ કહેવામાં આવ્યું છે તેને મારા કહેવા સાથે સરખાવજો જેથી આપને મારું કહેવું તમને યથાતથ્ય રીતે સમજાશે અને સમજાશે તો જ આગળ વધવા માટે દરવાજો ખૂલી જશે.

આ હું જે કાંઈ કહેવા માંગું છું તેમાં મારો કોઈ પ્રકારનો સ્વાર્થ નથી એટલે કે મારી પૂજા થાય કે મારી વાહવાહ થાય તેવો તેની પાછળનો આશય નથી. જે કાંઈ જિનેશ્વર દેવો કહી ગયા છે તે કહેવા માટે હું

પ્રયત્ન કરી રહ્યો છું અને તે પણ પરમાર્થ હેતુ છે. એટલે કે મને જે આત્મસુખ પ્રાપ્ત થયું છે તેવું જ સુખ હે ભવ્ય જીવો તમો પણ પ્રાપ્ત કરો એવા આશયથી, એવા હેતુથી જ કહેવામાં આવી રહ્યું છે. જેને મોક્ષમાર્ગે આગળ વધવું છે, મોક્ષમાર્ગની જ જેને તાલાવેલી લાગેલી છે એવા મુમુક્ષુ જીવ આ વાત સમજીને તે પ્રમાણે આરાધી શકે તે માટે જ આ કહેવામાં આવે છે. આ વાત બધા જ સમજી શકશે તેમ માન્યતા નથી પણ મારી ભાવના તો એવી જ હોય કે બધા જ જીવો પામી જાય. "સવી જીવ કરું શાસન રસી" એવી ભાવના જ મારામાં રમી રહી છે તેથી આ વાણી બહાર આવી રહી છે અને શબ્દદેહ ધારણ કરી રહી છે. જેની ઉપર આપનો લક્ષ જાય તો કલ્યાણનો હેતુ છે તેમ સમજાય અને જન્મ મરણનાં ફેરા ટાળીને મોક્ષમાર્ગમાં આગળ વધીને છેવટે પૂર્ણ રૂપે મોક્ષનું સુખ પ્રાપ્ત થાય અને સાદિ અનંતકાળ તે ભોગવો એ જ ભાવના છે.

હવે ત્રીજી કડીમાં શું કહેવા માંગે છે તે જોઈએ

જ્ઞાનદર્શન ચારિત્રની શુદ્ધતા રે, એકપણે અને અવિરુદ્ધ
...મૂ, મા.
જિન મારગ તે પરમાર્થથી રે, એમ કહ્યું તે સિદ્ધાંતે બુદ્ધ
મૂ. મા. ૩

સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન, સમ્યક્‌ચારિત્રની-રત્નત્રયની જે શુદ્ધતા છે, તેનું એક હોવાપણું-અભેદપણું છે. ક્યાંય

વિરોધીપણાને પામે નહીં તેવું છે. સમ્યક્જ્ઞાન જુદું, સમ્યક્દર્શન જુદું, સમ્યક્ચારિત્ર જુદું એમ નથી. આ ત્રણેમાંથી એકપણ હાજર છે તો બાકીનાં બન્ને હાજર હોય જ છે. ત્રણ ભાગમાં વહેંચવાનું કારણ તો જીવને સમજાવવા માટે છે. બાકી તો ત્રણે અભેદભાવે અને અભિન્નપણે જ વર્તી રહેલા હોય છે. જિનેશ્વર ભગવંતો દ્વારા કહેવામાં આવેલો એવો આ માર્ગ પરમાર્થથી દ્રવ્યાર્થિકનયથી–નિશ્ચયનયથી જ છે. પરમાર્થ એટલે પરમ + અર્થ. પરમ એટલે ઉત્કૃષ્ટ, અર્થ એટલે કે આત્મદશા જેના દ્વારા મેળવી શકાય તે પરમાર્થ છે. ઉત્કૃષ્ટ દશા શું છે? તો કે "સિદ્ધપણાને પ્રાપ્ત કરવું તે" સંપૂર્ણપણે બાહ્યભાવ અને શરીરથી પણ રહિત થઈ જવું તે સિદ્ધપદ છે. તે પદ મેળવવા માટે જ જિનેશ્વર ભગવંતોએ આ માર્ગ પ્રરૂપેલો છે અને તે મોક્ષમાર્ગ જીવોને પ્રાપ્ત થાય તે માટે જ જિનેશ્વરો, કે જેમણે જ્ઞાનમાં સંપૂર્ણ રમણતા પ્રાપ્ત કરી છે અને જે સિદ્ધાંતમાં બુદ્ધ એટલે પારંગત છે–સંપૂર્ણ જ્ઞાની છે તેમનાં દ્વારા કહેવામાં આવેલો એવો માર્ગ છે. બુદ્ધ એટલે સંપૂર્ણ જ્ઞાનસ્વરૂપ –કેવળ જ્ઞાનસ્વરૂપ એવા ભગવંતોએ આમ કહ્યું છે. પ. કૃ. દેવ અહીંયા સાક્ષી આપે છે કે આ હું નથી કહેતો પણ જે ભગવંતો–બુદ્ધ થઈ ગયા છે તેઓ આમ કહે છે. અહીંયા જ્ઞાનીપુરુષોના લઘુતા ભાવનું દર્શન થાય છે. જે સાચો જ્ઞાની હોય તે કોઈ દિવસ એમ ન

કહે કે હું આમ કહું છું. તે પોતાની પહેલા થઈ ગયેલા જ્ઞાનીઓનો જ હવાલો આપીને જ વાત કરે. અને સાધક માટે આ વાત બહુ જ અગત્યની છે. જો એનામાં એમ આવી જાય કે હું આ કહુ છું તો તેને ત્યાં અટકવાપણું થવાનો સંભવ છે જે સંપૂર્ણ ભગવંતની દશા પામ્યા છે તેઓ કહી શકે કે આમ જ છે, બાકી તેનાથી નીચેની દશાવાળા માટે પ. કૃ. દેવ રસ્તો ચિંધે છે કે લઘુતાભાવ ધારણ કરો અને આગળ વધવાનો પુરુષાર્થ કરો. પુરુષાર્થ—પુરુષ એટલે આત્મા–અર્થ એટલે આત્મા શું છે? તેને કેમ મેળવી શકાય? તેને યથાતથ્ય સમજીને તે પ્રમાણે કાર્ય કરવા લાગી જવું તે.

આ માર્ગ કેવો છે? તો કહે છે કે અવિરુદ્ધ, કોઈપણ બાબતમાં વિરોધાભાસ ન આવે એવો આ માર્ગ છે. પ. કૃ. દેવ આગળ શું કહે છે તે જોઈએ,

લિંગ અને ભેદો જે વ્રતનાં રે, દ્રવ્ય દેશકાળાદિ ભેદ...મૂ. મા
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે, તે તો ત્રણે કાળે અભેદ...મૂ.મા.

લિંગ એટલે ઓળખાણ માટેની વસ્તુ, જેમ કે જુદા જુદા વેશ તે લિંગ થાય. કોઈ સાધક દિગંબર અવસ્થામાં હોય એટલે કપડા ન પહેરતા હોય. કોઈ કપડાનો ઉપયોગ કરતા હોય, કપડા પહેરતા હોય. કપડા પહેરતા હોય એમાં પણ થોડો થોડો સાઈઝ કે રંગમાં ફેર હોય પણ તે તો જે પ્રમાણેનો કાળ, દેશ તે પ્રમાણે તેમાં ફેરફાર થયા કરે છે તેવી જ રીતે વ્રતનાં ભાંગામાં

પણ ફેરફાર હોય છે જેમ કે ઋષભદેવ ભગવાનનાં સમયમાં પાંચ વ્રતો હતા, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહવ્રત. જ્યારે શ્રી અજિતનાથ ભગવાનથી શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં સમયમાં ચાર વ્રતોનું આરાધન કહેવામાં આવ્યુ હતું. અહિંસા-સત્ય-અચૌર્ય-બ્રહ્મચર્ય. અપરિગ્રહ વ્રતને બ્રહ્મચર્ય વ્રતમાં ભેગુ ગણવામાં આવેલ છે. જ્યારે શ્રી મહાવીર ભગવાનનાં સમયમાં પાછા પાંચ વ્રતોનો ઉપદેશ કરવામાં આવ્યો. આ પ્રમાણે આચરણમાં ફેરફાર દેખાય છે, તે તે સમયનાં દ્રવ્ય, દેશ, કાળને અનુસરીને ભગવંતો ફેરફાર કરીને આરાધવાનું કહેતા હોય છે. મનુષ્યનાં ભાવ, બુદ્ધિ વિ. ને અનુલક્ષીને વ્રતો અને લિંગોમાં ફેરફાર જણાય છે તેથી કાંઈ મોક્ષમાર્ગની આરાધનામાં ફેરફાર થાય તેમ ગણવું જોઈએ નહીં. તે તો બાહ્ય વ્યવહારની વાત છે. બાહ્ય વ્યવહારની વાત છે. બાહ્ય દેખાવનાં ફેરફારની વાત છે.

જ્યારે જ્ઞાન-દર્શન-ચારિત્ર-રત્નત્રયની જે શુદ્ધતા છે તે તો સદાકાળ એક જ સરખી-ફેરફાર વગરની અને જે અભેદતા-અભિન્નપણું છે તે તો તેમ જ રહે છે. એટલે કે અનંતકાળથી જે મોક્ષમાર્ગની આરાધનાનો આભ્યંતર માર્ગ છે તેમાં ફેરફાર થતો નથી. જ્ઞાન-દર્શન-ચારિત્ર ઉપર દેશ-કાળની કોઈ અસર થતી નથી તે તો જેમ છે તેમ જ રહે છે.

હવે પ. કૃ. દેવ પાંચમી કડીથી જ્ઞાન-દર્શન-ચારિત્ર વિગેરે શું છે તે સમજાવવા માંગે છે. તો તેના પર દૃષ્ટિ કરીએ.

હવે જ્ઞાન-દર્શનાદિ શબ્દનો રે, સંક્ષેપે સુણો પરમાર્થ...મૂ. મા.
તેને જોતાં વિચારી વિશેષથી રે, સમજાશે ઉત્તમ આત્માર્થ
...મૂ. મા. ૪

જ્ઞાન-દર્શન-ચારિત્ર વિગેરે શબ્દો જે મૂકવામાં આવ્યા છે તેનો ટૂંકાણમાં મોક્ષમાર્ગમાં શું અર્થ થાય નિશ્ચયથી તેનો ભાવ શું છે તે જણાવુ છું તેને તમો સાંભળો. આ જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ શબ્દોનાં ભાવાર્થને સુવિચારણા દ્વારા વિસ્તારથી વિચારશો તો ઉત્કૃષ્ટ પ્રકારનો આત્માનો-આત્મ-રમણતારૂપ-આત્મ અનુભવરૂપ માર્ગ તમોને સમજાશે, સમજાઈ જશે. તેમાં આત્માનો અનુભવ કરવા રૂપ ગુઢ રહસ્યાર્થ સમાયેલો છે. આ પ્રમાણે વિચારીને તેને અંતઃર્મુખ વૃત્તિ કરીને બરાબર તે પ્રમાણે વિચારશો, તેનું ધ્યાન કરશો તો અચૂક આત્મ અનુભવરૂપ જે મોક્ષ માર્ગ છે તેને તમો મેળવી શકશો અને સિદ્ધપદને મેળવીને જન્મ-મરણનાં ફેરા ટાળી શકશો. જેથી સાદિ અનંતકાળ સુધી આત્માનાં શુદ્ધ સ્વભાવની રમણતારૂપ સ્થિતિને પ્રાપ્ત કરી શકશો.

છે દેહાદિથી ભિન્ન આત્મા રે, ઉપયોગી સદા અવિનાશ
...મૂ. મા.
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ
...મૂ. મા ૬

દેહ આદિ એટલે સ્થૂળદેહ (ઔદારિક શરીર), તૈજસ દેહ કાર્મણદેહ, પાંચ જ્ઞાનેન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર વિગેરેથી આત્મા ભિન્ન એટલે જુદો છે. પ. કૃ. દેવ આમાં શું કહેવા માગે છે તેનો વિચાર કરીએ.

સ્થૂળ દેહ એટલે વિભાવ ભાવ દ્વારા જીવે જે કર્મ ઉપાર્જિત કર્યા છે તેને ભોગવવા માટેનું સાધન. આ દેહનું કાર્ય, પૂર્વનાં બાંધેલા જે કર્મો ઉદયમાં આવે છે તેનો ભોગવટો કરવાનું મુખ્ય કાર્ય છે અને એ ભોગવટો કરતાં જો સમ્યક્ સમજણ દ્વારા તે કર્મોનાં ઉદયને ભોગવવામાં નથી આવતો તો નવા કર્મો ઉપાર્જન થાય છે જેનાં કારણે સ્થૂળ દેહોની પ્રાપ્તિ થયા કરે છે. તૈજસ દેહ અને કાર્મણ દેહ બન્ને સુક્ષ્મ શરીરો કહેવાય છે. તૈજસ શરીર અને કાર્મણ શરીર જીવ એક દેહ છોડીને બીજો દેહ ધારણ કરવા માટે વાટે વહેતો હોય છે ત્યારે પણ તેની સાથે જ જાય છે. જ્યાં સુધી આત્મા સંપૂર્ણ શુદ્ધ થઈ જતો નથી–ભવ ભ્રમણનાં બીજનો નાશ કરતો નથી ત્યાં સુધી આ બન્ને શરીરો જીવની સાથે ચાલ્યા જ આવે છે, મળ્યા જ કરે છે. તૈજસ શરીર છે તે જે દેહ ધારણ કરેલો છે તેની ચયાપચયની ક્રિયાનું નિયમન કરે છે, સ્થૂળ દેહની ગરમી ટકાવી

રાખે છે, સ્ફૂર્તિ ટકાવી રાખે છે. જ્યારે કાર્મણ શરીર પૂર્વે બાંધેલા કર્મોને યથા સમયે ઉદયમાં આણવાનું કાર્ય કરે છે અને કર્મો બાંધેલા છે તે અનુસાર ફળને પ્રાપ્ત કરાવે છે. જો જીવ આ ઉદય આવેલા કર્મોને ભોગવતી વખતે સમભાવ રાખતો નથી તો નવી કાર્મણ વર્ગણાને આ દેહ ધારણ કરે છે અને પાછું યથા સમયે તેને ઉદયમાં આણે છે. એટલે આ કાર્મણ શરીર જ જીવને માટે પ્રતિકૂળતા કે અનુકૂળતા ઉભી કરવાનું કાર્ય કર્યા કરે છે. ભગવંતોએ શાસ્ત્રમાં દેહને કૃશ કરવાનું કહ્યું છે–ક્ષય કરવાનું કહ્યું છે તે આ દેહને એટલે કાર્મણ દેહનો નાશ કરવાનું કહ્યું છે નહીં કે સ્થૂળ દેહને જ્યાં સુધી કાર્મણ કરીર કૃશ થતું નથી, ક્ષય પામતું નથી ત્યાં સુધી જીવ ગમે તેટલા પ્રયત્નો કરે તો પણ તેનું કાર્ય મોક્ષ માર્ગમાં આગળ વધવાનું બની શકતું નથી અને તેને કૃશ કરવા માટે જ ભગવંતોએ બાર પ્રકારનાં તપની યોજના બતાવી છે તેમાં છ આભ્યંતર અને છ બાહ્ય તપ છે. આભ્યંતર તપ જ જીવને મોક્ષ માર્ગે આગળ વધારી શકે છે. બાહ્ય તપ તો આભ્યંતર તપ માટે સમય મેળવવા માટે તેની પુષ્ટિ રૂપે બતાવવામાં આવ્યા છે. તેને બદલે ફક્ત બાહ્ય તપનો જ આશરો લેવામાં આવે અને મોક્ષમાર્ગ પામી જઈશું તેમ માની લેવામાં આવે તો તે ભૂલ જ ગણાશે. જો કે બાહ્ય તપથી પરંપરાએ અનુકૂળ સંજોગો પ્રાપ્ત કરી શકાય છે પણ તેને જ મોક્ષમાર્ગ માનવો

તે ભૂલ ભરેલી વાત છે. જ્યાં જે યોગ્ય છે ત્યાં તે પ્રમાણે આરાધનાનાં સાધનોનો ઉપયોગ કરવો જ હિતાવહ છે જેથી ત્વરાથી મોક્ષમાર્ગમાં આગળ વધી શકાય.

હવે અહીંયા પ-કૃ–દેવે દેહાદિ અને આત્માની વાત કરી તેથી જીવ અને અજીવ બે તત્ત્વો છે તેનું અહીંયા પ્રતિપાદન કર્યું તો તે બે તત્ત્વો જીવ અને અજીવ શું છે તેનો વિચાર કરીએ.

જીવ દ્રવ્ય (તત્ત્વ) : જીવનો અસાધારણ ગુણ ચૈતન્ય ઉપયોગ છે. ચૈતન્ય ઉપયોગ એટલે ભય દેખીને ભાંગવા માંડે તે દા. ત. અહીંયા જો સર્પ નીકળે તો બધા જ ભાંગવા માંડશે, માંકડને પકડવા જઈએ તો તેને આંખ નથી, દેખતો નથી, છતાં એની નાક ઈન્દ્રિય એટલી બળવાન છે કે એને તરત ખબર પડે, ગંધ આવે કે મને કોઈ પકડવા માટે આવે છે. એટલે તે ત્યાંથી ભાગવા માડે છે આને ચૈતન્યગુણ કહેવામાં આવે છે. ચૈતન્ય એટલે સ્વપર પ્રકાશતા. પોતાનાં જ્ઞાનમાં જ જ્ઞેયરૂપે આવે છે તેનું જ્ઞાન કરીને તે પદાર્થને ઓળખી કાઢે છે અને ઓળખીને તે પ્રમાણે તેને જાણે છે, જણાવે છે.

જેમ ઘટપટ આદિ પુદ્ગલ દ્રવ્ય છે તેમ આત્મા પણ દ્રવ્ય છે. દ્રવ્ય છે. એટલે ત્રણે કાળ રહેવાવાળો છે. કારણ કે ભગવંતે દ્રવ્યની વ્યાખ્યામાં જ કહ્યું છે કે જે દ્રવ્ય રૂપે છે તે અવિનાશી છે આવા અવિનાશી છ પદાર્થોને

દ્રવ્ય તરીકે ઓળખવામાં આવે છે. તેનાં નામ છે જીવા-સ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને કાળ. દરેક દ્રવ્ય અર્થ ક્રિયા સંપન્ન છે એટલે કે ક્રિયા કરે છે અને તેથી તેને કર્તા-પણું કહેવામાં આવ્યું છે. તેથી આ આત્માને કર્તાપણું પ. કૃ-દેવે છ પદનાં પત્રમાં ત્રણ પ્રકારે બતાવ્યું છે. પર-માર્થથી સ્વભાવ પરિણતિએ નિજ-સ્વભાવનો કર્તા છે. અનુપચરિત-અનુભવમાં આવવા યોગ્ય, વિશેષ સંબંધ સહિત-વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે. ઉપચાર-થી ઘર નગર આદિનો કર્તા છે. પ્રથમ પ્રકારનું કર્તાપણું પરમાર્થથી કહેવામાં આવ્યું છે એટલે કે નિશ્ચયનયની અપેક્ષાએ આત્મા પોતાનાં સ્વભાવનો જ કર્તા છે. જ્યાં સુધી જીવ પોતાનાં સ્વભાવમાંથી ઉપયોગ દ્વારા બહાર આવતો નથી ત્યાં સુધી તે પોતાનાં સ્વભાવનો જ કર્તા અને ભોક્તા રહે છે. જયારે જ્ઞેયરૂપે જે પદાર્થ જોવામાં આવે છે ત્યારે જો તેને તે રૂપે જ જોયા કરે તો તે સ્વભાવનો જ કર્તા રહે છે પણ જો તેમાં તે વિકાર કરે છે એટલે કે રાગ-દ્રેષ કષાય વિગેરેનો ઉદ્‌ભવ કરે છે તો તે દ્રવ્ય કર્મનું કર્તાપણું ધારણ કરે છે અને એમ થતાં નવા કર્મનું બંધન કરે છે. નવા કર્મનાં બંધને કારણે આયુષ્યનો પણ બંધ પડે છે જે આયુષ્યનો બંધ ચાર પ્રકારની ગતિરૂપ હોય છે. એટલે કે કાં તો તે દેવનિકાયમાં જાય છે કે મનુષ્યપણામાં જાય છે કે તિર્યંચ-પણાને ધારણ કરે છે કે નારકીમાં ચાલ્યો જાય છે. આમ

થતું હોવા છતાં જીવ એક દ્રવ્ય તત્ત્વ હોવાથી તેનો નાશ થતો નથી. તેનો પર્યાય બદલાય છે. એટલે કે જીવ પણે તે ધ્રુવ રહે છે. જ્યારે પર્યાયરૂપે તેનો ઉત્પાદ્, વ્યય થયા કરે છે અને જીવને જે ગતિ પ્રાપ્ત થાય છે તે ગતિનામ કર્મને કારણે થાય છે. હવે જો જીવ સમજી જાય અને જ્ઞાનાવરણીયાદિ કર્મો બાંધ્યા છે તેનો અભાવ કરવા તરફ દૃષ્ટિ દે, તો તે તેનાં જન્મ-મરણનાં ફેરા ટાળીને સિદ્ધપદને મેળવી શકે છે.

આ જગત અને લોક પાંચ અસ્તિકાયનો જ બનેલો છે. દ્રવ્યરૂપે અવિનાશી હોવાને કારણે તેનો નાશ થતો નથી. છઠ્ઠુ દ્રવ્ય જે કાળરૂપે ગણ્યું છે તેને અસ્તિકાય કહેવામાં આવ્યો નથી. તેનું કારણ એ છે કે તે મૂળ દ્રવ્ય નથી પણ ઔપચારિક દ્રવ્ય છે. તે જીવ અને અજીવનો વર્તના સમય દર્શાવે છે. તે બેનો પર્યાય જણાવવા માટે જેનો ઉપયોગ થાય છે તે કાળ છે. જીવનાં બીજા ગુણો જોઈએ તો જ્ઞાતા, ઉપયોગી, કર્તા, ભોક્તા, અમૂર્ત પણ કર્માવસ્થામાં મૂર્ત, અગુરૂલઘુગુણ આદિ અનેક ગુણો છે. તેને જે કર્મો લાગેલા છે તે કર્મમળને જો આત્મા દૂર કરે તો સર્વ પ્રકારે જીવ મુક્ત થઈ સિદ્ધપદને મેળવી લે છે.

પંચાસ્તિકાયની ગાથા ૩૦ માં કહેવામાં આવ્યું છે કે બળ (૩), ઈન્દ્રિય (૫) આયુષ્ય (૧) અને ઉચ્છવાસ

(૧) એ ચાર પ્રાણ વડે જે ભૂતકાળે જીવતો હતો વર્તમાન કાળે જીવે છે અને ભવિષ્યકાળે જીવશે તે જીવ છે.

આ લોકમાં મિથ્યાદર્શન, કષાય અને યોગ સહિત અનંત એવા સંસારી જીવો છે.

જેમ પદ્મરાગ નામનું રત્ન દૂધમાં નાખવામાં આવે તો તે દૂધનાં ભાજન પ્રમાણે પ્રભાસે છે તેવી જ રીતે દેહને વિષે સ્થિત એવો આત્મા તે માત્ર દેહપ્રમાણ પ્રકાશક-વ્યાપક છે.

અત્યારે આ મનુષ્ય પર્યાયની કાયામાં જેમ જીવ છે, તેનો તે જ સર્વત્ર સંસાર અવસ્થામાં પણ છે. અધ્યવસાય ને કારણે વિશેષ થવાથી કર્મરૂપી મેલથી મલિન થાય છે.

આ લોકમાં રહેલા જીવોમાં કોઈ જીવો કર્મનું ફળ વેદ્યા કરે છે. કોઈ જીવો કર્મબંધ કર્તૃત્વનું વેદન કરે છે. જ્યારે કોઈ જીવો શુદ્ધ જ્ઞાન સ્વભાવને વેદી રહ્યા છે. પહેલા પ્રકારનાં ફળનું વેદન કરનારા જીવો સ્થાવર કાયમાં રહેલા છે. બીજા પ્રકારનું વેદન કરનારા ત્રસ જીવો છે એટલે કે કર્મબંધ ચેતનાનું વેદન કરે છે. જ્યારે (ચાર) પ્રાણ રહિત એવા અતિન્દ્રિય જીવો શુદ્ધ જ્ઞાન ચેતના વેદે છે.

દ્રવ્ય કર્મનું નિમિત્ત પામીને ઉદયાદિક ભાવે જીવ-પરિણમે છે, ભાવકર્મનું નિમિત્ત પામીને દ્રવ્યકર્મ પરિણમે છે, એટલે કે આત્મા જ્યારે ભાવકર્મરૂપ પોતાનો સ્વભાવ

કરે છે, ત્યારે ત્યાં રહેલા પુદ્‌ગલ પરમાણુઓ પોતાનાં સ્વભાવને લીધે કર્મભાવને પ્રાપ્ત થાય છે. જીવ અને પુદ્‌ગલ સમૂહ અરસપરસ અવગ્રાહિત થયેલા છે-યથાકાળે ઉદય થયે તેનું સુખ-દુ:ખરૂપ ફળ જીવ વેદે છે. તેથી કર્મભાવનો કર્તા જીવ થાય છે. અને ભોક્તા પણ છે. પોતાનાં વેદક સ્વભાવને કારણે કર્મફળ જીવ અનુભવે છે. જો જીવ મિથ્યાત્ત્વમોહનો ઉપશમ કરે. અથવા ક્ષય કરે તો વીતરાગનાં પ્રરૂપેલા માર્ગને પ્રાપ્ત થઈ તે જીવ નિર્વાણને પામે છે.

ઈન્દ્રિયો જીવ નથી, કાયા જીવ નથી પણ જીવનાં ગ્રહણ કરેલા સાધન માત્ર છે, વસ્તુતાએ તો જેને જ્ઞાન છે તેને જ જીવ કહેવામાં આવ્યો છે. જે સર્વને જાણવાનું, જોવાનું કામ કરે છે. દુ:ખનો નાશ કરી સુખનું વેદન કરવાનું ઈચ્છે છે, શુભ અથવા અશુભને કરે છે અને તેનું ફળ ભોગવે છે તે જીવ છે.

**અજીવ તત્ત્વ** : પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ અજીવ તત્ત્વ છે. કાળ એ જીવ અને પુદ્‌ગલનો વર્તના પર્યાય દર્શાવે છે.

તેમાં પુદ્‌ગલ અજીવ તત્ત્વ છે તે શબ્દ, રસ, રૂપ ગંધ, સ્પર્શ ગુણવાળો છે. મૂર્ત છે અને પરમાણુ દ્રવ્ય હોવાથી નિત્ય અવિનાશી છે. ઈન્દ્રિયો દ્વારા જે ઉપભોગ્ય, મન, કાયા, કર્મ આદિ જે જે રૂપી પદાર્થો છે તે બધાને પુદ્‌ગલ કહેવામાં આવે છે.

ધર્મ, અધર્મ અને આકાશ, અરસ, અવર્ણ, અગંધ અશબ્દ અને અસ્પર્શ છે. પ્રથમ બે લોક પ્રમાણ એક દ્રવ્ય છે, અખંડિત અને અસંખ્યાત પ્રદેશાત્મક દ્રવ્ય છે. અનંત અગુરુલઘુપણે તે નિરંતર પરિણમિત છે. આકાશ લોક અને અલોકમાં ફેલાયેલ છે અને અનંત દ્રવ્ય છે. ધર્મ, અધર્મ અને આકાશ અનુક્રમે ગમન, સ્થિતિ અને અવકાશ દેવામાં નિમિત્તભૂત છે. અજીવ તત્ત્વો ચૈતન્ય ગુણથી રહિત દ્રવ્યો છે.

સુખ દુ:ખનું વેદન, હિતમા પ્રવૃત્તિ, અહિતમાં ભીતિ તે જેનામાં નથી તેને સર્વજ્ઞ મહામુનિઓએ ' અજીવ ' કહ્યા છે.

જીવ અને અજીવને વધારે સ્પષ્ટ સમજવા માટે તેના પર વિચારીએ.

આશ્રવ ૧૨૧ : ગતિનામ કર્મની પ્રાપ્તિથી દેહ થાય છે, દેહથી ઈન્દ્રિયો અને ઈન્દ્રિયોથી વિષય ગ્રહણ થાય છે અને તેથી રાગ, દ્વેષ ઉત્પન્ન થાય છે. અજ્ઞાન, રાગદ્વેષ અને ચિત્ત પ્રસન્નતા જે જે ભાવમાં વર્તે છે તેથી અશુભ કે શુભ પરિણામ થાય છે. જીવને શુભ પરિણામથી 'પુણ્ય' થાય છે અને અશુભ પરિણામથી 'પાપ' થાય છે. તેનાથી શુભાશુભ પુદ્ગલનાં ગ્રહણરૂપ કર્મપણું પ્રાપ્ત થાય છે. ક્રોધ, માન, માયા અને લોભની મીઠાશ જીવને ક્ષોભ પમાડે છે. અને પાપ ભાવની ઉત્પત્તિ કરે છે. આમ ઘણા પ્રમાદવાળી ક્રિયા, ચિત્તની મલિનતા, ઈન્દ્રિય

વિષયમાં લુબ્ધતા, બીજા જીવોને દુઃખ દેવું, તેનો અપવાદ બોલવો-નિંદા કરવી એ આદિથી જીવ 'પાપ આશ્રવ' કરે છે. ચાર સંજ્ઞા (આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ ત્રણ લેશ્યા (કૃષ્ણ, નીલ, કાપોત). ઈન્દ્રિય વશના આર્ત અને રૌદ્ર ધ્યાન, દુષ્ટ ભાવવાળી ધર્મ ક્રિયામાં મોહ એ ભાવ 'પાપ આશ્રવ' કહેવાય છે.

શુભ ભાવમાં રહીને કરવામાં આવતી ક્રિયાઓ 'પુણ્ય આશ્રવ' કહેવામાં આવે છે. બન્નેનો સરવાળો "આશ્રવ" કહેવાય છે તેથી અહીંયા આશ્રવ, પાપ, પુણ્ય એ ત્રણે તત્ત્વો આવી ગયા.

સંવર : મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ કષાય અને યોગનાં પ્રવર્તન દ્વારા આશ્રવનું આવવાપણું થાય છે. આ પાંચ કારણોને જેમ જેમ દૂર કરવાનાં કારણોની આરાધના કરવામાં આવે તેમ તેમ જીવ સંવર ભાવમાં આવતો જાય છે. સંવર એટલે શુભ કે અશુભ આશ્રવને આવવાનાં દ્વાર બંધ કરી દેવા તે.

ઈન્દ્રિયો, કષાય અને સંજ્ઞાનો જય કરવાવાળો કલ્યાણકારી માર્ગ જે જીવ આદરી રહ્યો છે તે જીવને પાપ આશ્રવ રૂપ છિદ્રનો નિરોધ છે એટલે કે 'પાપ આશ્રવ' નો સંવર વર્તે છે. જેને સર્વ દ્રવ્ય પ્રત્યે રાગ દ્વેષ તેમજ અજ્ઞાન વર્તતું નથી. તે સમયે જે સમભાવ માધ્યસ્થભાવ ધારણ કરી રહે છે તેને આશ્રવનો સંવર વર્તે છે. એટલે કે શુભ-અશુભ આશ્રવને

આવવાનાં દ્વાર બંધ છે. જે સાધકને યોગમાં (મન, વચન, કાયાનાં પ્રવર્તનમાં) પુણ્ય-પાપની પ્રવૃત્તિ થઈ રહી નથી ત્યારે તેને શુભાશુભ કર્મ કર્તૃત્વનો 'સંવર' વર્તે છે એમ કહેવાય છે.

નિર્જરા : કર્મ પુદ્ગલોનું ઉદય આવ્યા બાદ આત્મ પ્રદેશોથી ખરી જવું તે નિર્જરા છે. નિર્જરા બે પ્રકારની કહી છે. એક અકાંમ નિર્જરા અને બીજી સકામ નિર્જરા અકામ નિર્જરા જીવને ઉદય પ્રમાણે ઉદય આવેલા કર્મો અણસમજણભાવે પૂરા થઈને ખરી જાય છે તેને કહેવામાં આવે છે પણ અણસમજણભાવે નિર્જરા થવાને કારણે જીવ તે ભોગવતાં નવા કર્મને આવવાનાં દ્વાર ખુલ્લાં રાખે છે એટલે કે નવાં કર્મ બંધાય છે તેથી તેને અકામ નિર્જરા કહેવામાં આવે છે. જે સાધક યોગનો નિરોધ કરીને જે સંયમનું આચરણ કરે છે એટલે કે સમ્યગ્-દર્શન સાથે જે યોગનો નિરોધ કરે છે તે નિશ્ચયથી બહુ કર્મોની નિર્જરા કરે છે અને આ નિર્જરા સકામ નિર્જરા કહેવામાં આવે છે કારણ કે આ ઉદય આવેલા કર્મોને આત્મામાં સ્થિતિ કરીને સમભાવે વેદવામાં આવે છે તેથી આશ્રવનાં દ્વાર બંધ હોય છે તેથી નવા કર્મોનું બંધાવાપણું હોતું નથી.

જે આત્માર્થને સાધનાર સંવરયુક્ત આત્મસ્વરૂપને જાણીને તે રૂપ ધ્યાન કરે છે તે સાધક કર્મરૂપી રજને ખંખેરી નાખે છે, બાળી નાખે છે, નાશ કરી નાખે છે

અને જેને રાગ, દ્વેષરૂપી મોહ અને યોગ પરિણમન વર્તતા નથી તેને શુભાશુભ કર્મને બાળીને ભસ્મ કરવાવાળો ધ્યાનરૂપી અગ્નિ પ્રગટે છે.

**બંધતત્ત્વ :** જે પરદ્રવ્યને વિષે શુભ અથવા અશુભ રાગ કરે છે તે જીવ સ્વચારિત્ર્યથી ભ્રષ્ટ છે અને પરચારિત્ર આચરે છે એટલે કે નવા કર્મનો બંધ કરે છે. એટલે કે જે ભાવો વડે આત્માને પાપ અથવા પુણ્ય આશ્રવની પ્રાપ્તિ થાય તેમ પ્રવર્તે તે પરચારિત્રમાં વર્તીને નવા કર્મનો બંધ કરે છે. આ બંધ તત્ત્વ છે.

**મોક્ષ તત્ત્વ :** જે સંવરયુક્ત સર્વકર્મની નિર્જરા કરતો છતો વેદનીય અને આયુષ્ય કર્મથી રહિત થાય તે સાધક તે જ ભવે મોક્ષ પામે છે. સ્વસ્વરૂપ રમણતા તેનું નામ જ મોક્ષ છે. જેટલા અંશે સ્વસ્વરૂપરમણતા પ્રાપ્ત થાય તેટલા અંશે જીવનો મોક્ષ થયો કહેવાય.

વસ્તુપણે આત્માનો સ્વભાવ નિર્મળ જ છે, ગુણ અને પર્યાય પરસમય પરિણામપણે અનાદિથી પરિણમી રહ્યા છે તે દૃષ્ટિથી તે મળથી ભરેલો છે. જો તે આત્મા સ્વસમયને પ્રાપ્ત થાય તો કર્મબંધથી રહિત થાય અને આ જ મોક્ષ છે.

જે સર્વ સંગ માત્રથી અસંગ થઈ અનન્યપણે આત્મ સ્વભાવમાં સ્થિત છે નિર્મળ જ્ઞાતા દૃષ્ટા છે તે સ્વચારિત્ર આચરે છે એટલે કે મોક્ષ તરફ આગળ વધી રહ્યો છે. પરદ્રવ્ય પ્રત્યેનાં ભાવથી રહિત, નિર્વિકલ્પ

જ્ઞાન દર્શનમય પરિણામી આત્મા છે તે સ્વચારિત્રાચરણ છે, તેને મોક્ષ કહે છે.

આમ આ પ્રમાણે "દેહાદિથી ભિન્ન આત્મા" શું છે તે જોયું. હવે એમ કહે છે કે આત્મા અવિનાશી છે અને ઉપયોગવાળો છે. ઉપયોગ એ આત્માનું મૂળ લક્ષણ છે. ઉપયોગ વગર આપણે કોઈપણ કાર્ય કરવા માગીએ તો તે થઈ શકતું નથી. જે કાંઈ કરવું હોય તો તેમાં ઉપયોગ લગાડવો પડે છે તો જ થઈ શકે છે. ઉપયોગ શું છે તે વ્યવહારિક દાખલા લઈ સમજીએ.

બહેનો રોટલી બનાવતાં હોય છે ત્યારે એક સાથે વણતા જાય છે, લોઢીમાં શેકતા જાય છે, ઉથલાવતા જાય છે આ દરેક જગ્યાએ ઉપયોગ સતત ફરતો રહે છે. જો આ પ્રમાણે સતત ઉપયોગ ફરતો ન રહે તો રોટલી કાં તો બરાબર વણાય નહીં, કાં તો બરાબર શેકાય નહીં કે બળી જાય. આ ઉપયોગ એ જ આત્મા છે.

સોય પરોવવી હોય તો સોયનાં નાકા ઉપર ઉપયોગ સ્થિર કરવો પડે છે, ને પછી દોરાને સોયનાં નાકા જેટલો પાતળો કરીને ઉપયોગ દ્વારા નાકામાં પરોવાય છે. જો ઉપયોગ બીજે ઠેકાણે જાય તો સોયમાં દોરો પરોવી શકાતો નથી. આ ઉપયોગ એ જ આત્મા છે.

સાહેલીઓ પાણી ભરવા જતી હોય ત્યારે હસતી જાય, વાતો કરતી જાય છતાં પણ પોતાનો ઉપયોગ છે

તે માથા ઉપર રહેલા બેડામાં હોય. જો ત્યાંથી ઉપયોગ ખસે તો બેડું હેઠે પડે. આ જ આત્મા છે, પૂ. બાપુજી કહે છે કે લ્યો આ આત્મા છે. પકડી લ્યો.

અવિનાશી છે એટલે કે ત્રણે કાળ રહેવાવાળો છે. નાશ નહીં પામતો એવો આત્મા છે.

આ બધી વાતો જો સદ્‌ગુરુનાં મુખેથી જો ઉપદેશ-રૂપે શ્રવણ કરે તો તેને જ્ઞાન કહેવામાં આવ્યું છે. તેવું જ્ઞાન સમ્યક્‌જ્ઞાન કહેવામાં આવ્યું છે, સમ્યક્‌ એટલે સાચું-યથાતથ્ય જ્ઞાન કહેવામાં આવ્યું છે.

હવે સાતમી કડીમાં સમ્યક્‌દર્શન વિશે કહે છે તે જોઈએ.

જે જ્ઞાને કરીને જાણીયું રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતિત...મૂ.મા.
કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમક્તિ...
મૂ. મા,-૭

સદ્‌ગુરુનાં ઉપદેશ દ્વારા જ્ઞાનનું પાન કરીને આત્માનું સ્વરૂપ જાણવામાં આવ્યું, બીજા દ્રવ્યો તથા તત્ત્વોની પણ સમજણ સદ્‌ગુરુ પાસેથી મેળવી. હવે જે જ્ઞાન મેળવ્યું તેની તે પ્રમાણે જ આપણી અંદર શુદ્ધ પ્રતીતિ વર્તે એટલે કે તેનાં પ્રત્યે અચળ દૃઢ વિશ્વાસ બેસી જાય. એટલો દૃઢ હોય કે કોઈ માયાજાળીયો આવીને ભગવાનનું રૂપ બનાવીને કહે કે "જુઓ હું જ ભગવાન છું." છતાં તેની વાત માને નહીં. કારણ કે તેણે હવે યથાતથ્ય રીતે ભગવાનનું સ્વરૂપ સદ્‌ગુરુ

પાસેથી જાણેલું છે તેથી તે છેતરાતો નથી અને તે પ્રમાણે સાધના કરીને આત્માનાં સ્વરૂપને બીજા દ્રવ્યોથી ભિન્નરૂપે અનુભવે ત્યારે તેને સમ્યક્ફદર્શન નિશ્ચયથી કહ્યું છે. આમ સદ્‌ગુરુ ઉપદેશથી જેનું જ્ઞાન કર્યું હતું તેને પોતાની અંદર પરિણમાવ્યું એટલે કે સમ્યક્ફદર્શન પ્રાપ્ત કર્યું અથવા સમક્તિ પ્રાપ્ત કર્યું.

જ્યાં સુધી આ સમ્યક્ફદર્શન જીવને પ્રાપ્ત થતું નથી ત્યાં સુધી જીવમાંથી મિથ્યાત્વ મોહ–દર્શન મોહ નાશ પામતો નથી અને જ્યાં સુધી આ ન જાય ત્યાં સુધી જીવ ગમે તેટલો પ્રયત્ન મોક્ષ માટે કરે તો પણ ફળીભૂત થતો દેખાતો નથી કારણ કે મૂળ કારણને શોધીને કાઢ્યા વગર ઉપર ઉપરથી ડાળા, પાંદડા કાઢવામાં આવે તો જેમ ઝાડ નાશ પામતું નથી તેમ મોક્ષમાર્ગમાં આગળ વધીને સંસારનું બીજ બાળી શકાતું નથી. ગ્રંથિભેદ કરે પછી જ જીવ ત્વરાથી મોક્ષમાર્ગે આગળ વધી શકે છે.

હવે સમ્યક્ચારિત્ર શું છે તે સમજાવે છે.

જેમ આવી પ્રતીતિ જીવની રે,
જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ...મૂ. મા.
તેવો સ્થિર સ્વભાવ તે ઉપજે રે,
નામ ચારિત્ર તે અણલિંગ...મૂ. મા.–૮

છ દ્રવ્ય, છ પદ, નવ તત્ત્વ દ્વારા જીવને જાણ્યો, તેનાં ગુણ લક્ષણને વિચાર્યા અને તેની પ્રતીતિ આવી,

પ્રતીતિ બાદ તે પ્રમાણે આત્માને બધા જ અન્ય પદાર્થો-થી ભિન્ન-જુદો અનુભવ્યો અને આત્મસ્વભાવ રમણતા-રૂપ સ્થિતિ થઈ તેને સમ્યક્ચારિત્ર કહેવામાં આવ્યું છે. જે સર્વથી ભિન્ન છે, અસંગ છે, કોઈની સાથે પોતાનાં સ્વભાવને છોડીને ભળી જતો નથી એવો જે પોતાનો સ્થિર સ્વભાવ ઉપજે તેને સમ્યક્ચારિત્ર કહેવામાં આવે છે. વળી તે ચારિત્ર કેવું છે તો કહે છે કે "અણલિંગ" એટલે કે તેને લિંગ સાથે સંબંધ નથી, વેશ સાથે સંબંધ નથી. ઉપર કહ્યા પ્રમાણે જે આચરણ કરે અને આત્મ સ્વરૂપની રમણતા પ્રાપ્ત કરે તેને સમ્યક્ચારિત્ર ઉત્પન્ન થયું કહેવાય. પછી ભલે તે સ્ત્રી હોય, પુરૂષ હોય કે નપુંસક હોય કે ગમે તેવા વેશમાં હોય તો પણ યથાર્થ માર્ગનું જે આરાધન કરે તે યથાર્થ માર્ગને એટલે કે આત્મસ્વરૂપ રમણતારૂપ સ્થિતિને પામે, મેળવે.

તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મરૂપ
...મૂ. મા.
તેહ મારગ જીનનો પામીયો રે, કિંવા પામ્યો તે નિજ સ્વરૂપ
...મૂ. મા.-૯

અહીંયા જે સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન અને સમ્યક્-ચારિત્ર જે અલગ અલગ સમજાવ્યા તેમ જુદા જુદા નહીં પણ તે પ્રમાણે સુવિચારણા અને આચરણ દ્વારા સાધના કરી પોતાનાં આત્મસ્વરૂપ રમણતા મેળવીને

ત્રણેને અભેદરૂપે પરિણમાવે ત્યારે આત્મા જ્ઞાન પામ્યો કે દર્શન પામ્યો કે ચારિત્ર પામ્યો તેમ કહી શકાય. જ્યારે સમ્યક્‌જ્ઞાન હોય ત્યારે બાકીનાં હાજર હોય જ એમ સમ્યક્‌દર્શન કહો ત્યારે બાકીનાં જ્ઞાન અને ચારિત્ર તે વખતે વર્તતા હોય. જુદા જુદા સમયે જુદી જુદી સ્થિતિ ન હોય, ત્રણે એક જ સમયે પરિણમનમાં હોય જ–જ્યારે જીવ આવી સ્થિતિ પામે ત્યારે એમ કહી શકીએ કે જિનેશ્વર ભગવંત જે માર્ગનું પ્રરૂપણ કરી ગયા છે તે માર્ગ મળી ગયો, પામી ગયો. અથવા તો બીજી રીતે કહેવું હોય તો તે જીવે પોતાનાં આત્મસ્વરૂપને મેળવ્યું તેમ કહી શકાય.

જ્યારે જીવ આવી સ્થિતિને પામી જાય ત્યારે એમ કહી શકીએ કે હવે નજીકમાં જ તે મોક્ષ પામી જશે.

એવાં મૂળ જ્ઞાનાદિ પામવા રે, અને જવા અનાદિ બંધ
...મૂ. મા.
ઉપદેશ સદ્‌ગુરુનો પામવો રે, ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ
...મૂ. મા. ૧૦

એવાં મૂળ જ્ઞાનાદિ એટલે આગળ સમજાવ્યાં તે સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન, સમ્યક્ ચારિત્રને પામવા માટે, તે રૂપ સ્થિતિ થવા માટે આત્માને–જ્ઞાન–દર્શન–ચારિત્ર રૂપ કરવા માટે અને અનાદિ કાળથી જે કર્મ બંધનનાં કારણે જન્મ મરણનાં ફેરા ફરી રહ્યા છીએ તેનો નાશ થવા માટે, જન્મ મરણનાં ફેરા ટાળવા માટે

શું કરવું જોઈએ? તો કહે છે કે સદ્ગુરુ પાસેથી ઉપદેશ પામવો જોઈએ. પણ એ સદ્ગુરુનો બોધ મળે કેવી રીતે? તો કહે છે કે આપણામાં રહેલા સ્વચ્છંદ અને પ્રતિબંધને દૂર કરવા જોઈએ. સ્વચ્છંદ એટલે કે હું જાણું છું, મને ખબર છે, આમાં શું નવું કહ્યું? એમ વિચારવું તે જીવનો સ્વચ્છંદ છે અને જ્યાં સુધી આ સ્વચ્છંદ છે ત્યાં સુધી જીવ મોક્ષ માર્ગમાં ચાલવા માટે યોગ્યતા–પાત્રતા ધરાવતો નથી એમ કહી શકાય. પ્રતિબંધ પણ ચાર પ્રકારનાં પ્ર. કૃ. દેવે કહ્યા છે. સ્વજન કુટુંબ બંધન, લોકસંબંધી બંધન, દેહાભિમાન રૂપી બંધન, સંકલ્પ વિકલ્પરૂપ બંધન-જ્યાં સુધી આમાનાં કોઈપણ બંધન–પ્રતિબંધમાં જીવ રહ્યો છે ત્યાં સુધી સાચી વાત –યથાર્થ વાત તેને સમજાતી નથી. સમજી શકતો નથી. અને સાંભળવા મળે તો તેને આચરી શકતો નથી. લોક સંબંધી બંધન એટલે સાચુ જાણવા છતાં જે હું કરતો આવ્યો છું તે છોડીને હવે હું નવું કરીશ તો લોકો મને શું કહેશે? તેની દરકાર કરવી તે. સ્વજન કુટુંબ બંધન એટલે કુકુંબીઓ–આ ભવનાં સ્વજનો ગણ્યા છે તેઓ શું કહેશે તેનો વિચાર કરતા રહેવું અને સાચી આચરણા કરવી નહીં તે. દેહાભિમાનરૂપ બંધન–દેહનાં જ અભિમાનમાં રાચી રહેવું તે. જો હું કોઈપણ આરાધના કરીશ તો દેહનું સૌંદર્ય હણાઈ જશે, શરીર બગડશે તેવી ભીતિ રાખવી તે. સંકલ્પ વિકલ્પરૂપ બંધન એટલે કે સાચું જાણવા છતાં આ

સાચુ હશે કે કેમ? તેવા સંકલ્પો કરવા અને તેનાં પર પાછા વિકલ્પોની હારમાળા ખડી કરવી તે. અહીંયા પ. કૃ. દેવ કહે છે કે જે જે પ્રકારની રૂઢિગત ગાંઠો બાંધી છે તેને છોડો અને સદ્‌ગુરુનાં શરણે આવો તો જ કલ્યાણ થશે, બાકી કલ્યાણની વાત ભૂલી જવી એમ પ્રતિપાદિત કરે છે.

એમ દેવ જિનંદે ભાખિયું રે, મોક્ષ મારગનું શુદ્ધ સ્વરૂપ
...મૂ. મા.
ભવ્યજનોનાં હિતને કારણે રે, સંક્ષેપે કહ્યું સ્વરૂપ
...મૂ. મા. ૧૧

આવી વાત કોણ કહી ગયા છે તે આ કડીમાં પ. કૃ. દેવ સ્પષ્ટ કરે છે. જિનેશ્વર ભગવંત—અરિહંતો આ પ્રમાણે મોક્ષમાર્ગનું શુદ્ધ સ્વરૂપ કહી ગયા છે, અને આ વાત કહેવાનું હિત વિચારીને કહેવામાં આવ્યું છે. અને તે પણ અહીંયા તો સંક્ષેપમાં—ટુંકાણમાં આ પ્રમાણે કહેવામાં આવ્યુ છે. જે અભવ્ય જીવો છે તેને આવી વાતો રુચતી જ નથી. જો ભવ્ય જીવ હોય અને આને સમજવાનો યથાર્થ પુરુષાર્થ કરે તો પછી તે પ્રમાણે આચરણ કરીને મોક્ષમાર્ગમાં આગળ વધી શકે.

આ અગિયાર કડીમાં પ. કૃ. દેવે ટૂંકાણમાં યથાર્થ મોક્ષમાર્ગનું સ્વરૂપ બતાવી દીધું છે. જો જીવ યથાર્થપણે સમજીને સદ્‌ગુરુની આજ્ઞા પ્રમાણે ચાલે તો જરૂર આત્મસ્વરૂપ રમણતારૂપ મોક્ષમાર્ગને પામી શકે.

# સર્વ કલ્યાણનું ભાજન – વિનય

વિનય ફલં શુશ્રુષા ગુરૂ શુશ્રુષા ફલં શ્રુતજ્ઞાનમ;
જ્ઞાનસ્ય ફલં વિરતિ વિરતિ ફલં આશ્રવ નિરોધ. ૭૨

સંવરં ફલં તપોબલમય, તપસો નિર્જરા ફલં દૃષ્ટમ્,
તસ્માત્ ક્રિયા નિવૃત: ક્રિયા નિવૃત્તો: યોગિત્વમ્ ૭૩

યોગ નિરોધાદ ભવ સન્તતિ ક્ષય: સંન્તાતિક્ષયાન્મોક્ષ:
તસ્માત્ કલ્યાણાનાં સર્વેષાં ભાજનં વિનય: ૭૪

[પ્રશમરતિ–ઉમાસ્વાતિકૃત]

વિનયનું ફળ શ્રુતજ્ઞાનનું શ્રાવણ, ગુરુ પાસેથી મળે, શ્રુતજ્ઞાનનું ફળ જ્ઞાન પ્રાપ્તિ છે. જ્ઞાન પ્રાપ્તિથી વિરતિ પ્રાપ્ત થાય, વિરતિ પ્રાપ્ત થવાથી (આદરવાથી) આશ્રાવનો નિરોધ થાય (૭૨) સેવર ક્રિયા કરવાથી તપનું બળ પ્રાપ્ત થાય, તપ કરવાથી નિર્જરા ફળની પ્રાપ્તિ થાય, નિર્જરા થવાથી ક્રિયાથી નિવૃત્તિ મળે, ક્રિયા નિવૃત્તિથી (મન, વચન, કાયા)નો નિરોધ થાય. (૭૩)

યોગ નિરોધ થવાથી ભવભ્રમણરૂપ પરંપરા પ્રાપ્ત થતી હતી તેનો ક્ષય થાય છે. પરંપરાએ જીવને મોક્ષ પ્રાપ્ત થાય છે. માટે સર્વ કલ્યાણનું કારણ વિનયની આરાધના થાય છે (૭૪)

તત્ત્વનું શ્રવણ કરવા માટે વિનયનો આવિર્ભાવ કરવો પડશે. વિનય પ્રાપ્ત કરી જ્ઞાની ગુરુ-સદ્‌ગુરુનાં ચરણમાં વિનયપૂર્વક આશ્રય લેવો પડશે. ગુરુનાં વિનય દ્વારા ગુરુ પાસેથી આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટેનો રસ્તો મેળવી શકાય છે ગુરુ વાણીનું પાન કરવાથી હૃદયમાં ભરેલી પડેલી વિષય-કષાયની કડવાશ દૂર થઈ જશે. ગુરુનાં વચનો એકાગ્ર ચિત્તથી, જિજ્ઞાસા પૂર્વક સાંભળવાથી જ્ઞાન પ્રાપ્તિ દ્વારા ધર્મનાં રહસ્યોને પામી જવાય છે.

ગુરુની વાણી વિનયવાન મુમુક્ષુ સમક્ષ જ ખુલે છે. આ જ્ઞાન દ્વારા તમે હેય, જ્ઞેય અને ઉપાદેયને સમજી શકશો.

હેય એટલે મારે શું છોડવાનું છે, જ્ઞેય એટલે મારે શું શું જાણવાનું છે? મારે કોનો સ્વીકાર કરવાનો છે. આ સમજણ આવવાથી મારે માટે શું અહિતકારી છે, શું હિતકારી છે તેની જાણ થાય છે.

ગુરુનાં વિનયથી પ્રાપ્ત થયેલું જ્ઞાન, સાધકની સુષુપ્ત ચેતનાને જાગૃત કરે છે. એનાં અંતરાત્માને સ્પર્શે છે. આત્માનું સંકલ્પબળ જાગૃત થાય છે અને એના વડે જીવ આશ્રવનાં દ્વાર બંધ કરવાનું કામ કરે છે.

પાપ કર્મથી વિરામ પામવું તેનું નામ વિરતિ છે. વિરતિધર્મનું આચરણ કરવાથી આશ્રવોને રોકી શકાય છે. આશ્રવનાં પાંચ દ્વાર છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય,

યોગ અને પ્રમાદ ક્યાંક પ્રમાદને બાકીનાં ચારેમાં ગણીને ચાર દ્વાર પણ ગણવામાં આવે છે.

ગુરુનાં આશ્રયમાં વિનયસહિત રહેવાથી તેમનાં દ્વારા પ્રાપ્ત થતાં જ્ઞાનથી મિથ્યાત્ત્વનો નાશ કરી શકાય છે. મિથ્યાત્વનો નાશ કરવાથી સમ્ક્દર્શનરૂપી બખ્તર જીવને મળે છે જેનાં દ્વારા તે કર્મોનાં હલ્લાને રોકી શકે છે. અને ઉદય આવતા કર્મોને ખપાવીને નિર્જરાને પ્રાપ્ત થાય છે. વ્રતનિયમ વિગેરેનો સ્વીકાર કરવાથી અવિરતનું દ્વાર બંધ થઈ જાય છે. વિરતિનો સ્વીકાર કરવાથી ધીમે ધીમે બાકી રહેલી કષાયોની ત્રણ ચોકડીને ક્ષય કરતાં કરતાં બધા જ કષાયોને ક્ષય કરી શકાય છે. અને તેમ થતાં મન, વચન, કાયાનાં યોગોની પ્રવૃત્તિ પણ શુભ બને છે અને પ્રમાદનો ઉન્માદ ઓગળવા માંડે છે. જેમ જેમ આશ્રવ દ્વારોનો નિરોધ થતો જાય છે તેમ તેમ જીવને નવા કર્મ બંધનો આવતા અટકી જાય છે. જેથી જુના કર્મોને જીવ નિર્જરા દ્વારા ખેરવી નાખે છે. અહીંયા સકામ નિર્જરા થતી હોવાથી તે ભોગવતાં નવો કર્મબંધ થતો નથી.

જો આશ્રવ દ્વારને ખુલ્લા રાખીને ગમે તેટલા પ્રમાણમાં સંયમ તપની (આત્મલક્ષી) આરાધના કરવામાં આવે તો તેનાથી નિર્જરા થતા નવા કર્મોનો બંધ ચાલુ રહે છે. નિર્જરાનું અસાધારણ કારણ આભ્યંતર તપશ્ચર્યા છે. બાહ્ય તપશ્ચર્યા આભ્યંતર તપશ્ચર્યાને મદદ રૂપ થવા માટે છે. આભ્યંતર તપની આરાધના વડે જીવ

સમયે સમયે અનંત કર્મોનો નાશ કરે છે. આભ્યંતર તપમાં લીન થવાથી વિષય તૃષ્ણા અને કષાયોનાં આકરાં તાપ શમી જાય છે, જીવન નિર્મળ થતું જાય છે. મન ઉપયોગ સાથે લીન થતું જાય છે અને આત્મભાવ રમણતા પ્રાપ્ત થાય છે અને વ્યામોહ દૂર થઈ જાય છે.

નિર્જરાનાં મુખ્યત્ત્વે બે ભેદ કરવામાં આવે છે. અકામ નિર્જરા અને સકામ નિર્જરા. અકામ નિર્જરા અણસમજણભાવે પણ સતત થતી રહે છે પણ તેની સાથે નવાં કર્મોની આવક ચાલુ રહે છે. જ્યારે સકામ નિર્જરા ગુરૂની કૃપા દ્વારા પ્રાપ્ત થયેલી સાધના કરતાં કરતા પ્રાપ્ત થાય છે. કારણ કે જીવ કર્મોનાં ઉદયને હવે સમભાવે વેદતો થઈ જાય છે. સમભાવે વેદતાં સંવરભાવ રહેતો હોવાથી કર્મનાં આવવાનાં દ્વારો બંધ થઈ જાય છે.

જ્યાં સુધી કર્મોનો સંયોગ રહે છે ત્યાં સુધી મન, વચન, કાયાનાં યોગોનું પ્રવર્તન રહ્યા કરે છે. કર્મોનો સંયોગ પૂરો થાય એટલે ક્રિયા કરવાની રહેતી નથી અને આત્મા સંપૂર્ણ નિરાવરણતાને પામે છે.

કર્મોનો સંયોગ છૂટી જવાથી હવે જીવને બાહ્ય કોઈ ઉપકરણોની જરૂર પડતી નથી, બાહ્ય સાધનોની જરૂર પડતી નથી. આ આત્માનું સ્વતંત્ર જીવન છે એટલે કે આત્માની અનંત શક્તિઓ પ્રગટી જવાથી તેમાં જ રહેવાનું રહે છે. અને સમગ્ર રીતે ભવ પરંપરાનો અંત આવી જાય

છે. જેને નિર્વાણ કહેવામાં આવે છે. સર્વ કર્મોનો ક્ષય થવાથી અનંત અવ્યાબાધ સુખની પ્રાપ્તિ થાય છે અને આગામી અનંતકાળ તેમાં જ રહેવાનું રહે છે.

આ કલ્યાણની પ્રાપ્તિ કરાવનાર વિનય છે. ગુરુ-મુખેથી તત્ત્વ શ્રાવણ, તેનાં દ્વાર જ્ઞાન, આશ્રવોનો નિરોધ સંયમની આરાધના, નિર્જરા, ક્રિયા નિવૃત્તિ, યોગ નિરોધ અને છેવટે ભવ પરંપરાનો અંત... આ પ્રાપ્ત થાય છે વિનય દ્વારા. દા. ત. ૧ માષતુષ મુનિ, જેમને બે પદ પણ યાદ નહોતા રહી શકતા તેઓને ગુરુનાં વિનય દ્વારા કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું. "મા રુષ માતુષ" પદથી.

૨. ચંડરુદ્ર આચાર્યનાં નવ દિક્ષિત શિષ્યને ગુરુનાં વિનય દ્વારા જ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું.

ગુરુ તત્ત્વની આરાધના વિનયથી થાય છે. માટે જ્ઞાન જોઈતું હશે તો ગુરુનો વિનય કરવો પડશે. તેઓની શર-ણાગતિ સ્વીકારવી પડશે. જ્યાં જ્યાં મારા પણાના ભાવ રહેતા હોય તે બધા ગુરુને ચરણે ધરી દેવા પડશે. આત્મ-સમર્પણ કરવું પડશે તો તેમની કૃપાનાં ભાજન બની શકશો.

નિરાકુળ, ઉદ્વેગરહિત સ્થિતિ તો વિનીત આત્માની થાય છે. એ ઉત્તમ આત્માઓ આરાધનાની મસ્તીમાં ગાઈ ઉઠે છે "અબ હમ અમર ભયે ન મરેંગે" મારો આત્મા તો શુદ્ધ સ્વરૂપી, અજર અમર છે.

વિનયી આત્મા તો દિવ્યજ્ઞાન, દિવ્યદૃષ્ટિ આપનાર ગુરુ પ્રત્યે, જ્ઞાની પ્રત્યે અનહદ આદરવાળો હોય છે. જ્ઞાન છે એ કૃપાવંત ગુરુની કૃપાનું જ ફળ છે.

શાતા, ઋદ્ધિ અને રસ ગારવમાં ગૃદ્ધ જીવો પરમાર્થને નહીં જાણતાં થકાં સમુદ્રનાં કાગડાની જેમ વિનાશ પામે છે એટલે કે સંસાર પરિભ્રમણ કર્યા કરે છે.

□

ज्ञानदीपेन भास्वता ॥